
પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૧૧ ॥




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

# દ્રષ્ટા અને દ્રશ્ય


હું એ શરીર નથી, પ્રાણ નથી, ઇન્દ્રિયો નથી, મન બુદ્ધિ ચિત્ત પણ નથી, એ બધાં દૂર કરતાં બાકી રહે તે મારું સ્વરૂપ છે, તે સચ્ચિદાનંદ છે. જ્યારે બધાં દ્રશ્યોનો બાધ થાય છે ત્યારે સચ્ચિદાનંદનો અનુભવ થાય છે. દ્રષ્ટા અને દ્રશ્ય એ રજ્જુ-સર્પના જેવું છે. જ્યાં સુધી સર્પનો બાધ થતો નથી ત્યાં સુધી રજ્જુનું ભાન થતું નથી. તેમ આ માટે જ્યાં સુધી દ્રશ્યનો બાધ થાય નહિ ત્યાં સુધી સચ્ચિદાનંદનો અનુભવ થતો નથી.

પ્રશ્ન- દ્રશ્યનો બાધ ક્યારે થાય?

બાહ્ય વિચાર, બાહ્ય ક્રિયા અને બાહ્ય દ્રશ્યોનું સ્ફુરણ મન છે. મન શાંત થશે તો બધું શાંત થશે. જ્યારે મન બહાર ભમે છે ત્યારે જગત દેખાય છે. માટે મનને અંદર વાળો 'હું કોણ છું?' એ પ્રશ્ન પોતે પોતાને પૂછવો. એ પ્રશ્ન પૂછવાથી એટલે મન શાંત થવા લાગશે. પોતાના સ્વરૂપભાવનો અભ્યાસ ભાવનાં બીજ બળશે એ મારી ખાત્રી છે.

પ્રશ્ન- મનને શુદ્ધ કરવા માટે બીજો કોઈ ઉપાય છે કે નહિ?

પોતાના અસ્તિત્વની શોધ સિવાય બીજો ઉપાય જરાય નહિ. ભગવાનની ભક્તિ ઉપરાંત મન શાંત થાય [illegible] નાનું કરવા માટે છે અને [illegible] ભાવ છે કે [illegible] કોઈ કોઈ એ શોધ કરવા માટે [illegible]



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

# ૐ હ્રીં શ્રી અરિહંત ઉવજ્ઝાય ગૌતમસ્વામીને નમઃ।

સહસ્ત્રાધાર ચક્ર - નમઃ।

આજ્ઞા ચક્ર - ગૌતમસ્વામીને

વિશુદ્ધિ ચક્ર - ઉવજ્ઝાય

અનાહત ચક્ર - અરિહંત

મણીપુર ચક્ર - શ્રી

સ્વાધિષ્ઠાન ચક્ર - હ્રીં

મૂલાધાર ચક્ર - ૐ

ॐ ह्रीं श्रीं ऽर्हं नमः।

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૧૧ ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

## ☐ HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

## ☐ VOLUME - 11

September 2018
300 Copies / 224 Pages
For Private Circulation only.

---

## ☐ PUBLISHER


© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust


Mumbai / Rajkot

team@mindfiesta.com

---

## ☐ SPONSOR

Shri C. K. Mehta
Mumbai

---

## ☐ ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

## ☐ eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle

---

## ☐ SHRI AARADHNA DHAM JAIN TIRTH


C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


## ☐ ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા
ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ
પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો
પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



# મૈત્રીના મહાસાધક,
# અધ્યાત્મના મહાયોગી
# ગુરુ મહારાજ



आभ्यंतर तपोमग्न, महामंत्रस्य साधकम् ।
ध्यानयोगे सदालीनं, स्तौमि भद्रंकरं गुरूम् ॥

સમુદ્રમાંથી નહીં ઉત્પન્ન થયેલું છતાં જ્ઞાન અમૃત છેઃ ઔષધિઓના પ્રયોગથી નહીં બનેલું, છતાં જ્ઞાન એ રસાયણ છેઃ અન્ય અપેક્ષાવાળું નહીં, છતાં જ્ઞાન એ ઐશ્વર્ય છે. 'જ્ઞાની' તે છે કે જેને સંસાર પ્રત્યે અરૂચિ અને મોક્ષ પ્રત્યે રૂચિ પેદા થઈ હોય. 'મારો આત્મા મોક્ષને ક્યારે મેળવશે? કઈ રીતની મારી પ્રવૃત્તિ હોય તો મોક્ષ પમાય?' એ જાતની ભાવનાને જૈન દર્શન 'ઉત્કૃષ્ટ જ્ઞાન' કહે છે.

**આવું ઉત્કૃષ્ટ જ્ઞાન અને આવા ઉત્કૃષ્ટ જ્ઞાની એટલે**
**જૈન શાસનનાં જ્યોતિર્ધર પૂજ્ય પંન્યાસજી મહારાજ.**

મુંબઈથી એક ઉત્તમ-આરાધક શ્રાવક વંદનાર્થે આવ્યા. વંદન કરીને બેઠા, થોડી પ્રાસંગિક વાતો થઈ. પછી એમણે 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' સંબંધી વાત ખોલી. આ ગ્રંથના વાંચનમાં એ પુણ્યાત્માને એટલો બધો રસ હતો કે પૂરેપૂરા ૮ ભાગ તો શાંતિથી મનન કરીને આવેલા. જે સમજાયું ન હતું, તે સમજવા અનેક પ્રશ્નો કર્યા. પૂજ્ય સાહેબજી પ્રત્યે અહોભાવ દર્શાવવા તેમના મુખનાં જે ભાવ હતા, તે અવિસ્મરણીય રહેશે. તેમના શબ્દોઃ "તીર્થંકરનાં આત્માઓનાં હૃદયમાં જે ભાવના રમતી હોય છે, તેવી જ ભાવના સાહેબજીની આ ડાયરીઓમાં આવતા ચિંતનોથી અનુભવાય છે. હું તો તરીશ પણ દરેક જીવને કેમ કરીને તારી દઉં, એ કામનામાં

રમમાણ સાહેબજી તીર્થંકરનો જ આત્મા હશે ને?'' આ ભાવો સાંભળતા મૈત્રીના આ મહાસાધક માટે, અધ્યાત્મના આ મહાયોગીની લઘુતા માટે સહજ આનંદગૌરવ

સાહેબજીનાં એક એક આત્મપ્રદેશમાં અલૌકિક જીવમાત્ર પ્રત્યેની શું કરૂણા હતી! અરે... સાહેબજીને સમ્યક્ દર્શનની શુદ્ધિ-વૃદ્ધિ થવામાં જે નિમિત બન્યું છે, તે જે દિવસે, જે તીર્થમાં બન્યું, તે પણ કુદરતી આ ડાયરીમાં સહજ ઉલ્લેખ થઈ ગયો છે. તે વાંચતા અમારા રોમાંચ ખડા થઈ ગયેલા કે પૂજ્ય ગુરૂદેવ પંન્યાસપ્રવર ભદ્રંકરવિજયજી મહારાજાની કેવી તોઉંચાઈ હશે કે અમારી સાથે સહજ જીવન જીવતા, કિન્તુ અંતરથી આવી ઉચ્ચ- મહાન ભૂમિકામાં રમતા હતાં!

એક પછી એક ડાયરીઓ પ્રગટ થતી જાય છે. ચાતક જેમ વરસાદની રાહ જુએ, તેવી રીતે કેટલાક પૂજ્યો, ગૃહસ્થ શ્રાવકો ડાયરીની રાહ જોતા હોય છે અને તે મળતાં જ એ અમૃતકુંડમાં ડુબકી લગાવી દેતા હોય છે.

**એક સંદેશ આવેલ છે કેઃ** ''હવે પૂજ્ય પંન્યાસજી મહારાજનાં અક્ષર-મંત્રદેહે દર્શન કરતા રોજ મારા સૌભાગ્યને સરાહું છું. આના ઉપરથી એક આનંદઘન યોગીરાજ કેવા હોય તેની કલ્પના કરવી સહેજે ય મુશ્કેલ નથી. વૈરાગ્યનો મજીઠીયો રંગ ઓઢીને આત્મમંદિરમાં સદૈવ જાગૃત આ મહાસાધકની અક્ષરયાત્રાને શગ મોતીડે વધાવું છું.''

આવી અનેક વિશિષ્ટ વિગતો જ્યારે ભાવિકો સમીપેથી જાણવા મળે, ત્યારે થાય કે મુંબઈનાં અમારા **સુશ્રાવકરત્ન સી.કે.મહેતા**ની અણમોલ આર્થીક ઉદારતા અને સુશ્રાવક દિપકભાઈના શ્રાવિકા અને રાજકોટનાં અમારા સુશ્રાવક શશીકાંતભાઈ મહેતાનાં પુત્રવધુ એવા **ભારતીબેન**ની દિન-રૈનની મહેનતને દાદ દેવી પડે. બસ, આ માળાના ૧૧મા મણકામાં પ્રવેશી આપણે પૂજ્યશ્રીનાં ભાવોના હાર્દને આત્મસ્થ કરીએ, એ જ આપણી 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ની ભૂમિકા છે.

સપ્ટેમ્બર, ૨૦૧૮
ઓશવાળ કોલોની, જામનગર.

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

# મહામૃત્યુમાંથી અમૃત સમીપે...



મારા ગુરુમહારાજનાં બહુધા મૌન રહી લખવા વિષે મેં એકવાર સિરોહીના ઉપાશ્રયે પૃચ્છા કરતાં ઉત્તર મળેલઃ ''વાણીનાં શબ્દોને સીમા છે... મૌન અનંત છે. લખેલા શબ્દો સુદીર્ઘકાળ સુધી વંચાઈ શકે, તેથી હું મૌનપૂર્વક લખીને મારી સાધના દૃઢ કરૂં છું.'' આજે તેઓ ઉપરાંત આપણા સૌની સાધના માટે પણ અત્યંત ઉપયોગી એવી તેમની આ લેખિત અનુપ્રેક્ષાઓ દ્વારા 'સવિ જીવ કરૂં શાસનરસી'ની તેઓની ભાવના હજુ સુધી જાણે સક્રિય રીતે કાર્યરત છે.

પ.પૂ.પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી કહે છે કે તેઓ ઉપર આવતા અગણિત પત્રોમાં આ કાર્યનાં દાતા તરીકે સૌ કોઈ મારી ઉપબૃંહણા કરે છે, કિન્તુ આત્મકલ્યાણ માટે થતું આ કર્મ એ તો મારો ધર્મ છે. ગુરુમહારાજ સમજાવતા કે દાન એ તો દાતા ઉપર જ મહોપકાર કરે છે! ભીમા કુંડલીઆની જેમ મારા બંને દ્રમ્મ આ કાર્યમાં વવાઈ જાય તો યે મારા ગુરુમહારાજનું એક ટકો પણ ઋણ ઉતરે તેમ નથી!

આ હસ્તાક્ષરો ફક્ત અસ્થિમજ્જાવત્ જ નહીં, સૌને આત્મમજ્જાવત્ થાય. બહુશ્રુત પાવકાત્માએ દર્શાવેલ મુક્તિમાર્ગનો હેમેમઢયો ઉપદેશ જીવનાન્તે પંચમહાભૂતની પાવક જવાળામાં ય ન બળતા આપણા આત્મા સંગે અજન્મા થવાની યાત્રામાં આગળ પણ સાથ આપે, તેવી જિનેશ્વરને પ્રાર્થના.

સપ્ટેમ્બર, ૨૦૧૮

મુંબઈ

સી. કે. મહેતા









સરસ્વતિ નમસ્તુભ્યં વરદે કામરૂપિણિ ।
વિદ્યારંભં કરિષ્યામિ સિદ્ધિર્ભવતુ મે સદા ॥

મંડુ, ૨૦૦૧, પોષ સુદ ૧૪ના દિવસે
જિનધ્યાનરૂપી ચિત્રાવેલી, જિનપ્રતિમારૂપી પારસમણિની
મંગલ પ્રાપ્તિ થઈ (વગર પ્રયત્ને).

ભોપાવર (ભોજકૂટ), સં-૨૦૦૧, પોષ વદી ૧ના દિવસે
કૃતજ્ઞતાના રહસ્યરૂપ અચિન્ત્ય ચિન્તામણિની પ્રાપ્તિ થઈ.
૯ ગજ - ૧૨ ફીટ - ૧૩॥ હાથ ઊભી મૂર્તિ
શ્રી શાંતિનાથજી ભગવાનના દર્શન થયાં.

સંવત ૨૦૧૯ - ગિરનારમાં અર્થ ઉપજ્યું કે:
'ધર્મ મહાસત્તા (કુળરૂપ) તીર્થંકરત્વરૂપ છે.'

સંવત ૨૦૧૫ - આબુમાં અર્થ ઉપજ્યું કે:
'ધર્મનું લિંગ (ચિહ્ન) કરુણાભાવ છે.'

સંવત ૨૦૧૭ રાણકપુરમાં અર્થ ઉપજ્યું કે:
'ધર્મનું સ્વરૂપ આત્મસમદર્શિત્વ છે.'

ત્રણ જાતિના નિર્દેશો થયા છે.
તીર્થંકરત્વ કરુણારૂપ છે અને
કરુણા આત્મસમદર્શિત્વરૂપ છે,
તેથી ત્રણે નિર્દેશો એક જ સ્વરૂપ છે.
આત્મસમદર્શિત્વથી કરુણાભાવ વિકસે છે અને
કરુણાભાવનો વિસ્તાર તીર્થંકરત્વમાં પરિણમે છે.

## વદી ૧૪ની મધ્યરાત્રે અનુભવ

(૧) સર્વ જીવોના શીઘ્રાંથી મુક્તિ થવા માટે
કેવળ તેમનું શુભ ઇચ્છવું એટલું બસ નહિ,
કિન્તુ તેમને દ્રવ્યથી નમવું પણ આવશ્યક છે.
જેમ યુદ્ધમાં શત્રુને નમ્યા વિના સંધિ થતી નહિ,
તેમ શીઘ્ર મુક્તિ માટે સર્વજીવોને તથા
સ્વમુક્તિ માટે પંચ પરમેષ્ઠિઓને નમન જરૂરી છે.
જીવોને નમવાથી દ્રવ્યદુઃખો છૂટે છે તથા
પરમેષ્ઠિઓને નમવાથી ભવદુઃખ જાય છે.
એકથી અધોગતિ અટકે, બીજાથી ઊર્ધ્વગતિ થાય છે.
સર્વજીવોએ દ્રવ્યથી પણ કાંઈને કાંઈ લાભ કર્યો જ છે,
તેથી તેમને નમવું જોઈએ. સાચો દાતાર યાચકને ય નમે.
સર્વ પ્રત્યે નમનનો ભાવ આવ્યા વિના
પરમેષ્ઠિ પ્રત્યે અંતરથી નમનભાવ ઊગતો નહિ.
પરમેષ્ઠિ ભગવંતો ભાવપૂર્વક ઉપકારી છે,
જીવસૃષ્ટિ અજાણથી પણ ઉપકારી થઈ રહી છે.
જાણતાં કે અજાણતાં જેને જેનાથી ઉપકાર થાય,
તેણે તેને નમવું જોઈએ, તેનો આભાર માનવો જોઈએ
તથા તેના પ્રત્યે કૃતજ્ઞ થવું જોઈએ.

(૨) <u>અરિહંતો</u> તત્ત્વપ્રકાશક છે.
<u>સિદ્ધો</u> નિસ્તરંગ મહોદધિકલ્પ છે.
<u>આચાર્યો</u> આચારમાં સિદ્ધ છે.
<u>ઉપાધ્યાયો</u> જ્ઞાનનો પ્રકાશ આપે છે.
<u>સાધુ ભગવંતો</u> પોતાની સર્વચર્યાથી સર્વને સહાયક છે.
<u>દર્શન</u> આત્મસમદર્શિત્વરૂપ છે.
<u>જ્ઞાન</u> તેને વધારે સ્પષ્ટ કરે છે.
<u>ચારિત્ર</u> તેનો અમલ કરાવે છે.
<u>તપ</u> તેને પરિપૂર્ણ કરે છે.

(૩) નમો અરિહંતાણં અને શિવમસ્તુ સર્વ જગતઃ ની પ્રકૃતિ છે. એક ગૂઢ છે, બીજું સ્પષ્ટ છે.

(૪) આબુની કોરણી અને રાણકપુરની બાંધણી એ વિશ્વવાત્સલ્ય ભાવનાં પ્રતીકો છે.

સમગ્ર જગતને
વિશ્વમૈત્રી બનાવવાની ભાવનાથી
વિશ્વમૈત્રી તીર્થંકર ભગવંતના દર્શન કરાવવા માટે
'જેટલો વધુ ધર્મ તેટલી શાંતિ'
અનેક મળીને એ જે તીર્થો ઊભા થયેલાં છે,
તેથી તેના ઉત્પત્તિમાં વિશ્વવાત્સલ્યતા તરી આવે છે.

૧ લાખ નવકારના જાપના ધર્માનુષ્ઠાન

આબુજી અને શાહપુર

ઉત્તમ તીર્થસ્થળે થવા જ જોઈએ.

એ ધર્માનુષ્ઠાનો કરવાથી

વિશ્વાત્મૈક્યની ભાવનાને

આધ્યાત્મિક વેગ મળશે.

(૪) સમિતિ-ગુપ્તિરૂપ ચારિત્ર

યોગસ્થૈર્ય માટે

તથા

આત્મપ્રદેશોનું કંપન અટકાવવા માટે છે.

ધ્યાન અને કાયોત્સર્ગરૂપ તપ

તેને પ્રકૃષ્ટપણે સ્થિર કરવાના સાધનરૂપ છે.

માનવજીવન એ ધર્મનું સાધન છે અને

ધર્મ એ શુભભાવનું સાધન છે.

માનવજીવનનું સાધ્ય એ ધર્મ છે,

ધર્મનું સાધ્ય એ ભાવોલ્લાસ છે

અને

ભાવોલ્લાસનું સાધ્ય

ક્લેશ કર્મ દોષનો હ્રાસ છે.

## અધ્યયન કરવા યોગ્ય શાસ્ત્રોનાં નામો

(૧) કર્મગ્રન્થ (૨) નવતત્ત્વ
(૩) વૈરાગ્યશતક (૪) જ્ઞાનસાર
(૫) શાંત સુધારસ (૬) ધર્મબિન્દુ
(૭) અધ્યાત્મ સાર (૮) યોગબિંદુ
(૯) મોક્ષમાર્ગ પ્રકાશ (૧૦) આનંદઘન પદો
(૧૧) અધ્યાત્મ કલ્પદ્રુમ (૧૨) ઇંદ્રિય પરાજયશતક
(૧૩) યોગદૃષ્ટિ સમુચ્ચય (૧૪) ઉપમિતિ ભવ પ્રપંચ કથા
(૧૫) આત્માનુશાસન

## ઈશ્વર પ્રણિધાન

ધર્મ એ આચરવાની વસ્તુ છે, પ્રદર્શનની નહિ.
પોતાનું મન એ જ પોતાનો ખરો શિષ્ય અને
પરમાત્મા એ જ સાચા ગુરૂ છે. ઉચ્ચ આનંદનો રસ જાગે
એટલે તુચ્છ આનંદનું આકર્ષણ છૂટી જશે.
ઇષ્ટમંત્રના જાપથી સમતા ને વિચારશક્તિ સ્થિર બને છે.
ભાવપૂર્વકના જાપથી ઈશ્વર પ્રણિધાન
એટલે કે સમર્પણ આપોઆપ આવે.
નિશ્ચયવ્યવહારની ગૂંચ સાચી સાધનાથી જ ઉકલે છે.
કેવળ બુદ્ધિથી એ ઉકેલ અશક્ય છે.

## જૈન ન્યાયના અભ્યાસનો ક્રમ

### પ્રથમ વર્ષ

(૧) ન્યાયાવતાર (૨) રત્નાકરાવતારિકા (૩) નયપ્રદીપ
(૪) પ્રમાણમીમાંસા (૫) સ્યાદ્વાદ મંજરી

### બીજું વર્ષ

(૧) ન્યાય કુમુદચંદ્ર (૨) સ્યાદ્વાદરત્નાકર
(૩) પ્રમેયકમલ માર્તંડ (૪) નયરહસ્ય

### ત્રીજું વર્ષ

(૧) નયોપદેશ (૨) શાસ્ત્ર વાર્તા
(૩) તત્ત્વબિન્દુ (૪) સન્મતિ તર્ક
(૫) અનેકાંત જયપતાકા

### ચોથું વર્ષ

(૧) અષ્ટક (૨) ષોડશક (૩) યોગબિન્દુ
(૪) યોગદૃષ્ટિ સમુચ્ચય
(૫) ઉપદેશપદ

### પાંચમું વર્ષ

(૧) અધ્યાત્મસાર (૨) અધ્યાત્મોપનિષદ્
(૩) દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા (૪) મહાનિશીથ
(૫) પંચવસ્તુ ભાષ્ય મૂળ

નવ્યન્યાય : તર્ક સંગ્રહ, મુક્તાવલિ દિનકરી, પંચ લક્ષણ,
સિદ્ધાંત લક્ષણ, વ્યુત્પત્તિવાદ સામાન્ય નિરૂક્તિ,
દશાશ્રુત સ્કંધ સટીક,
જિનકલ્પ ટીકા - તિલકાચાર્ય.

० उपक्रमोपसंहारौ अभ्यासोऽपूर्वता - फलम् ।
अर्थवादोपपत्ती च लिंगं तात्पर्यनिर्णये ॥१॥

(૧) ઉપક્રમ = ગ્રન્થનો આરંભ.
કોઈક વિશિષ્ટ હેતુ ધારીને જ ગ્રન્થ લખાય છે.

(૨) ઉપસંહાર = ગ્રન્થનો અંત.
ધારેલો હેતુ સિદ્ધ થયે ગ્રન્થ પૂર્ણ થાય છે.

(૩) અભ્યાસ = વારંવાર શું કહ્યું છે તેનું આવર્તન કરવું.

(૪) અપૂર્વતા = નવાપણું. પોતાને કાંઈ નવું કહેવાનું હોતું નથી, ત્યાં સુધી નવો ગ્રન્થ કોઈ લખતું નથી.

(૫) ફલ = ગ્રન્થકારે લખવાથી લાવવા ધારેલું પરિણામ.

(૬) અર્થવાદ = અનુવાદ, ગુણવાદ, ભૂતાર્થવાદ.
સ્પષ્ટીકરણ, પુષ્ટીકરણ અને ગૌરવ માટે કહેવાતી પ્રાસંગિક, અપ્રસ્તુત, આગન્તુક કે સ્તુત્યર્થક વાતો.

(૭) ઉપપત્તિ = ઉપપાદન.
બાધક પ્રમાણોનાં ખંડન અને સાધક પ્રમાણોનાં મંડન.

## નવકારના જાપની વિધિ

આ વિધિ મહાસ્ફુરણાયુક્ત છે.

પુદ્ગલ-પાપની વિશેષતા જાણનાર જીવ
આ મંત્ર માટે યોગ્ય છે.

અનાહતયુક્ત તેનું વિચિન્તન કરવાનું હોય છે.
સઘળી ઇંદ્રિયોને ભ્રૂમધ્યમાં કેન્દ્રિત કરીને
જે ચિન્તન થાય તે 'વિચિન્તન' છે.

સ્મૃતિ - ચિત્ત - જ્ઞાન
ચિંતન - ઇંદ્રિયો - જાગરણ
મનન - મન - ધ્યાનાવેશ
નિશ્ચય - બુદ્ધિ - સત્યતાનો નિર્ણય
અહંકાર - અહંકાર - સોઽહંભાવ

કમલબંધથી, ત્રિકરણશુદ્ધિથી અથવા
બિન્દુનવકથી પણ નવકારનો જાપ થઈ શકે.

અ = આલોક - દર્શન
ઉ = ઉપલંભ - જ્ઞાન
મ = મુનિત્વ - ચારિત્ર

૧૨ માસ પર્યન્ત જે રોજ બાર હજાર પ્રણવનો જાપ કરે તે દ્વાદશાંત પદને પામે, પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરે.

પ્રણવ પરમેષ્ઠિમય છે, રત્નમય છે, સપ્તતિમય છે.
અહીં સંધ્યાએ બાર-બાર વાર જાપ કરે તે પરમપદ પામે.

સંભેદ ધ્યાન માટે હૃત્પદ્મ અને
અભેદ ધ્યાન માટે સહસ્રાર ચક્ર છે.

વૈખરી : શબ્દ પુદ્ગલાત્મક, સંજ્ઞાક્ષર દ્રવ્યાક્ષર ભાષા,
વ્યંજનાક્ષર પર્યાયાક્ષર ભાષા.

મધ્યમા : વિકલ્પાત્મિકા મતિ અંતર્જલ્પાકાર
પ્રતિનિયત ઉલ્લેખનની

પશ્યન્તી : તદાવારક કર્મક્ષયોપશમ

પરા : આત્મશક્તિ-ચિતિશક્તિ, બ્રહ્મસ્વરૂપિણી,
કુંડલિની, આત્મદ્રવ્ય, પ્રથમ સ્પંદન, સંકલ્પ.

શબ્દબ્રહ્મ નાદ સ્વરૂપ અને પરાવાણી સ્વરૂપ છે.
તેની ઉત્પત્તિ જે શક્તિથી થાય છે તે કુંડલિની.

તે સાડા ત્રણ વલયથી વેષ્ટિત અને
સાડા ત્રણ માત્રાથી પરિવૃત્ત ઓંકારમય છે.

સ્પષ્ટતા = જાગ્રતાવસ્થા, અસ્પષ્ટતા = સ્વપ્નાવસ્થા

પદાનિ મંત્રરૂપાણિ મન્ત્રા વર્ણૈકવિગ્રહાઃ ।
વર્ણા સ્વનિષ્ઠા ઇત્યેષાં સ્થૂલસૂક્ષ્મપરાત્મતા ॥

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

## નિષ્કામ ભક્તિ

મન, બુદ્ધિ, ઇંદ્રિય અને શરીરરૂપી રથ ભગવાનરૂપી સારથિને સમર્પણ કરવો તેનું નામ 'નિષ્કામ ભક્તિ' છે. મન વડે મનન, બુદ્ધિ વડે ભક્તિ, ઇંદ્રિય વડે પૂજા તથા શરીર વડે નમસ્કાર એ 'નિષ્કામ ભક્તિ'ના અંગો છે.

મન્મના ભવ મદ્ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ ।
મામેવૈષ્યસિ યુક્ત્વૈવમાત્માનં મત્પરાયણ: ॥ (પરિશિષ્ટ-૨)

ગુણભાવ એ ફૂલની કળી સમાન છે. ભગવત્ પ્રાપ્તિની કામના એ કામના નહિ, કેમકે તેમાં નિષ્કામ ભાવ છે. સમસ્ત સંસાર નામરૂપમાં છે. નામરૂપ દેશકાળમાં અને દેશકાળ મન બુદ્ધિમાં છે. નામરૂપના બાધથી સ્વપર રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, સુખ-દુઃખ, બંધન-મોક્ષ એ સર્વનો તત્કાળ અંત આવે છે અને મુક્તિસુખ મળે છે.

## પાંચ પ્રકારના ગુરુ

(૧) પ્રેરક = અરિહંત (૨) સૂચક = સિદ્ધ (૩) બોધક = આચાર્ય
(૪) વાચક = ઉપાધ્યાય (૫) શિક્ષક = સાધુ

સાચા ગુરુ અપ્રમાદને જ પોષે.

પ્રમાદ કે આલસ્ય ન કરવું એટલે કે 'ઉચિત કાર્યોને ન કરતાં અનુચિત કાર્યોને કરવા' એ પ્રમાદનો ખરો અર્થ છે.

પંચમંગલ એ સૂત્ર હોવા છતાં વારંવાર મનન કરવા જેવું હોવાથી તેમ જ તેના સમ્યક્ આરાધન દ્વારા અનેક પ્રકારના ચમત્કારિક પરિણામો આવતા હોવાથી તેની પ્રસિદ્ધિ આ જગતમાં મંત્રથી થઈ છે. ભાવમંગલ સ્વરૂપ પાંચ જ્ઞાનની અને ચાર શરણાની જેમ તે ભાવમંગલ છે, તે નિષ્કલ મંત્ર છે, ભાવપ્રધાન છે.

ભક્તિ એ ભવરોગની ઔષધિ છે અને
સદાચાર એ પથ્યનું પાલન છે.

સમષ્ટિ - સત્ - ચિત્ - આનંદનું વ્યષ્ટિ સ્વરૂપ તે 'માનવ.'
સત્ = સ્થૂલશરીર દાબડી, ચિત્ = સૂક્ષ્મશરીર મખમલ,
આનંદ = કારણશરીર રેશમ, માનવ = આત્મા - હીરો.

વંદન સર્વને કરી પણ ધ્યાન એકનું જ ધરો.

સત્સંગથી ચિત્તશુદ્ધિ, ધર્મની રુચિ, અંતર્મુખતા, આત્માની પ્રીતિ, ઝાંખી તથા જીવ - બ્રહ્મના સંબંધ માટે આવશ્યક એવો આત્મવિચાર સાધકને પ્રાપ્ત થાય છે.

જાગ્રત = વિશ્વાત્મા
સ્વપ્ન = તૈજસાત્મા
સુષુપ્તિ = પ્રાજ્ઞાત્મા
તુરીય = સત્ચિત્આનંદ બ્રહ્મસ્વરૂપ.

પુરુષાવતાર, ગુણાવતાર, લીલાવતાર.

૦ અર્હંકાર એ જ્ઞાનસ્વરૂપ છે.

તેમાં પણ અ, ર, હ એ ત્રણ તત્ત્વો એવાં વિશિષ્ટ છે કે
તેમાં સકલ પરમાત્મા રહેલાં છે.

અર્હંના ગર્ભમાં વિશ્વગત સર્વ શાસ્ત્રોનો સમૂહ સમાયો છે.
અર્હંના ધ્યાનથી સર્વ શાસ્ત્રોનું જ્ઞાન થાય છે.

અર્હં જ્ઞાનમાંથી ફણગો, અંકુર અને ફળ નીપજે છે.
ફણગો એ પુણ્યાનુબંધી પુણ્ય,
અંકુર એ ભક્તિ અને ફળ એ મુક્તિ છે.

અક્ષર = સ્વરૂપથી ચલિત ન થાય તે તત્ત્વ, ધ્યેય, બ્રહ્મ છે.
વર્ણ ઇત્યાદિ પ્રમાણાત્મક દેહમાં
પ્રમાણ એ વર્ણનો આધાર-માર્ગ-ઉપાદાન છે.

ચિચિન્તનથી થતાં ધ્યાનાવેશને 'સ્વપ્નજાગરા' કહેવાય છે.

एकाग्र-चिन्ता-निरोधः परिस्पन्देनवर्जितः, तद्ध्यानं ।
श्रुतज्ञानेन मनसा यतो ध्यायन्ति योगिनः । (परिशिष्ट-३)

'परस्परोपग्रहो जीवानां ।'

અર્થાત્ પરસ્પર ઉપકાર કરવો એ જીવોનો સ્વભાવ છે.
આ લક્ષણ વ્યંજન પર્યાય અને અર્થ પર્યાય ઉભયરૂપ છે.
સામાન્યથી પ્રતિક્ષણ અર્થક્રિયા થઈ રહી છે,
વિશેષથી વિશિષ્ટ સંયોગ વખતે વ્યક્ત થાય છે.

स्मरणं ध्याने हेतुः ।

## ક્યારે શું બન્યું ?

૭૧૨ વર્ષનો દુકાળ:
૧૬૦ વર્ષે પાટલિપુત્રમાં સ્થૂલભદ્ર
૧૭૦ વર્ષે ભદ્રબાહુસ્વામી (૧૨મું અંગ)
૬૦૦ વર્ષે આર્યરક્ષિત સૂરિ (૪ અનુયોગ)
૮૦૦ વર્ષે સ્કંદિલાચાર્યે મથુરામાં વાચના કરી.
૯૮૦ વર્ષે નાગાર્જુને વલ્લભીપુરમાં વાચના કરી.
૯૯૩ વર્ષે દેવર્ધિગણિએ વલ્લભીપુરમાં વાચના કરી.
૧૩૦૦ વર્ષે હરિભદ્રસૂરિએ ટીકા રચી.

૦ <u>ધર્મની ત્રણ શરત લેશ્યાની વિશુદ્ધિ વડે સાધ્ય છે.</u>

વ્રતની સફળતા માટે, સાર્થકતા માટે, સિદ્ધિ માટે નિષ્કામતા, નિર્દંભતા અને નિઃશંકતા એ ત્રણ શરત છે. 'નિઃશલ્યો વ્રતી ।' અર્થાત્ સાધુ શલ્યરહિત હોય. માયા, મિથ્યાત્વ અને નિદાન એ ત્રણ શલ્યના ત્યાગી એટલે માયા, નિદાન અને મિથ્યાત્વરહિત વ્રતી હોય.

તે નિર્દંભ - નિરાશંસ - નિઃશંક હોય.

તેવા તે જ થઈ શકે જેને શ્રી જિનવચનમાં શ્રદ્ધા હોય. શ્રદ્ધાળુ આત્મા કોઈને હલકી પાડવા કે સ્વોત્કર્ષ માટે ક્રિયા ન કરે. જેમાં પરાપકર્ષની વૃત્તિ હોય તે માયા છે.

જેમાં સ્વોત્કર્ષ સાધવાની વૃત્તિ હોય તે આશંસા છે. જેમાં સ્વમતિ કલ્પનાની મુખ્યતા હોય તે નિષ્ફળ છે.

આત્મસમદર્શિત્વ એક જ ગુણ એવો છે કે જે નિઃશંકતા, નિર્દંભતા અને નિષ્કામતાને સહજ રીતે જ સિદ્ધ કરી આપે છે. ધર્મજિજ્ઞાસાર્થે ક્ષમતા = ક્રોધરહિતતા, દમતા = કામરહિતતા ને શમતા = લોભરહિતતા, આ ત્રણ શરત છે. કામ, ક્રોધ અને લોભયુક્ત અનુષ્ઠાન કદાપિ ધર્મરૂપ બની શકતું નથી. આત્મસમદર્શિત્વ લક્ષણને ખીલવવાથી એ ત્રણે દોષોનું નિવારણ આપોઆપ થઈ જાય.

બધાને આત્મસમ માનનાર ક્રોધ કોના ઉપર કરે? કામ-લોભનું સેવન પરસુખનિરપેક્ષપણે કઈ રીતે થાય? પરસુખની સ્વસુખ જેવી જ કામનામાં કામ, ક્રોધ અને લોભ એ ત્રણે દોષો ઓગળી જાય છે અને એવી જ રીતે માયા, મિથ્યાત્વ અને નિદાન ત્રણે ચાલ્યા જાય છે.

## વૃત્તિ અને પ્રવૃત્તિ

જીવની વૃત્તિમાં રાગ-દ્વેષ અને પ્રવૃત્તિમાં પુણ્યાકરણ અને પાપકરણ છે. એ બેની નિવૃત્તિ અનુક્રમે મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષાથી થાય છે. એ રીતે મૈત્ર્યાદિથી વૃત્તિ અને પ્રવૃત્તિ બંને વિશુદ્ધ બને છે.

## પ્રભુનું યોગક્ષેમકારિત્વ

આંતરિક પરમનિધાનને પ્રભુ ઉપદેશાદિ વડે બતાવે છે. પરમનિધાનની શ્રદ્ધા થયા પછી પ્રભુના પ્રણિધાનથી જ એ ક્રમે ક્રમે પ્રગટે છે અને જરૂરી પુણ્યબંધ સંપત્તિ પણ પ્રભુના ઉપદેશાદિના પાલનથી મેળવી શકાય છે.

૦ તીર્થંકરોની 'સવિ જીવ કરું શાસનરસી' એ ભાવના જ જૈનમાત્રએ સર્વ જીવો ઉપર મૈત્રીભાવના રાખવાનો પાયો છે. સંગમ અપરાધી અને પાપી હોવા છતાં તેના ઉપર પ્રભુની કરુણા એ જ પ્રભુના ભક્તમાં અપરાધી ઉપર પણ કરુણા ચિંતવણા કરવાની વૃત્તિનો પાયો છે.

'ભક્તિ જાગૃત થવી' એટલે હૃદય કોમળ થવું, પ્રેમથી ભીનું થવું, દયાથી આર્દ્ર થવું, નમ્રતા આવવી, સરળતા વધવી, સેવાવૃત્તિ જાગવી, બીજાનાં દુઃખને પોતાનું સમજવું, આ બધા ભક્તિ જાગૃત થવાના ચિહ્નો છે.

મૈત્રીનો અભાવ જીવત્વની શ્રદ્ધાનો અભાવ સૂચવે છે.

માધ્યસ્થ્યનો અભાવ કર્મ અને તેની સ્થિતિ તેમજ રસના જ્ઞાનનો અભાવ સૂચવે છે.

કરુણાનો અભાવ દુઃખ અને તેના કારણભૂત પાપ ઉપર અણગમાનો અભાવ સૂચવે છે.

પ્રમોદનો અભાવ સુકૃતના દ્વેષનો સૂચક છે.

## મૂર્તિનું આલંબન શા માટે?

સામાન્ય સ્થાપનાનિક્ષેપે પ્રભુજીના ગુણોની સ્મૃતિનો ઉદ્બોધક છે અને વિશિષ્ટ સ્થાપનાનિક્ષેપે પ્રભુજી સાથે આત્માના અભેદના સંસ્કારનો ઉદ્બોધક છે.

વિશિષ્ટ સ્થાપનાનિક્ષેપ = પ્રતિષ્ઠિત પ્રતિમા.

પ્રતિષ્ઠિત પ્રતિમાની પૂજા વિશિષ્ટ ફળને આપે છે, તેમાં કારણ પ્રતિમાની પ્રતિષ્ઠિતતાનું ભાન છે. પ્રતિષ્ઠાકારકે કરેલી તાત્ત્વિક પ્રતિષ્ઠાનો ઉપચાર અહીં થયેલો છે. તાત્ત્વિક પ્રતિષ્ઠા 'સ એવ અહમ્' ઇત્યાકારવાળી છે અને તેનો આરોપ થાય છે. 'સ' એટલે તાત્ત્વિક પ્રતિષ્ઠાના સમાપત્તિરૂપ ભાવના વિષયનું આલંબન. એ જ આ બિંબ છે એવી ઉપસ્થિતિ એટલે પ્રતિષ્ઠિત મૂર્તિના દર્શન દ્વારા આત્માથી અભિન્ન પરમાત્મદર્શનનો લાભ મળે છે.

એના સ્વરૂપને ઓળખો. તે સર્વશક્તિમાન છે.

દેહનું કલ્યાણ દેહીના કલ્યાણની અપેક્ષા રાખે છે, તેમ જાતનું કલ્યાણ જાતિના કલ્યાણની અપેક્ષા રાખે છે.

સુખ અને દુઃખ દેહના છે, આત્માના નહિ.

દુઃખને હસી કાઢવા જેવું એક પણ સુખ અહીંયા નથી, કેમકે તે આપણને જીવન જીવવાનું નવું બળ આપે છે.

## ૧૦ વિચારકણિકાઓ

(૧) કરુણાના અભાવમાં દુઃખ આવે તેના કારણભૂત દુષ્કૃત્યની ગર્હાના સ્થાને અનુમોદના છે તથા સુખ આવે તેના કારણભૂત સુકૃતની અનુમોદનાના સ્થાને ઉપેક્ષા છે.

(૨) ભક્તિના અભાવમાં સુખ આવે તેના કારણભૂત સુકૃત્યની અનુમોદનાના સ્થાને ગર્હા છે તથા દુઃખ આવે તેના કારણભૂત દુષ્કૃતની ગર્હાના સ્થાને અનુમોદના છે.

(૩) વિરતિના અભાવે એમ અવિરતિજન્ય આસ્રવ છે
તેમ મૈત્રીના અભાવે અભાવ આવે
મિથ્યાત્વજન્ય આસ્રવ રહેલો છે.

(૪) ભક્તિનો અભાવ ગુણ-દ્વેષનો અને કરુણાનો અભાવ પાપ-રાગનો સૂચક છે. કરુણાના અભાવમાં દુષ્કૃતની અનુમોદના અને ભક્તિના અભાવમાં સુકૃતની ગર્હા છે.

(૫) આ સમગ્ર સંસાર કૃતજ્ઞતા અને કર્તવ્યપરાયણતા શીખવવા માટેનું એક કલામંદિર છે. કર્તવ્યપરાયણતાનું જનક કૃતજ્ઞતા અને કૃતજ્ઞતાનું પ્રેરક વાત્સલ્યતા છે.

(૬) તીર્થંકરોની આજ્ઞા આરાધ્ય છે
કોઈક આજ્ઞાની આરાધનાથી જ તીર્થંકરત્વ સાધ્ય છે.
'ધર્મ આરાધ્ય પ્રતિબદ્ધ છે' એનો અર્થ છે કે ધર્મમાં

નમસ્કાર મુખ્ય છે, આજ્ઞાકારક અને આજ્ઞાપાલક ઉભય આજ્ઞાપ્રતિબદ્ધ છે માટે ધર્મ નમસ્કારથી બંધાયેલો છે.

(૭) આજ્ઞાપાલન બે પ્રકારનું છે: દ્રવ્યથી અને ભાવથી. ભાવથી એટલે બહુમાનપૂર્વક અને દ્રવ્યથી એટલે અબહુમાનપૂર્વક. એકમાં આજ્ઞાકારકનું બહુમાન છે, બીજામાં આજ્ઞાપાલકનું અભિમાન છે.

(૮) આશ્રવ સર્વથી, એટલે ત્રણે કરણ અને ત્રણે યોગથી હેય છે, સંવર ઉપાદેય છે તે પણ ત્રણે કરણ, ત્રણે યોગથી.

(૯) સાચો ધર્મ બીજાને શીખવી શકાતો નથી, કિંતુ પોતામાં રહે તો બીજામાં પ્રવેશ કરાવી શકાય છે.

(૧૦) દુઃખનો કલ્પિત ભય સાચા દુઃખનું કારણ થાય છે, તો સુખની અકલ્પિત શ્રદ્ધા સાચા સુખનું કારણ કેમ ન બને?

ૐ

Conscience = અંતરાત્મા
Platitudes = ઘૂંટાયેલા વિચારો
Loud Thinking = પ્રગટ ચિંતન
Balance of Power = સત્તાનું સમતોલપણું
Thought projection = વિચાર વિસ્તારીકરણ
Transcendantalists = અધિમાનસ વાદીઓ

૦ ખૂબ વિકરાળ હોય, નાક - કાન કાપી નાખેલાં હોય
પણ હાથ ઉપર સુંદર ઘરેણાં હોય, કેડે સુંદર સોન કંદોરો
અને પગે રત્નજડીત નુપૂર હોય,
સુંદર રેશમી સાડી પહેરી
પોતાના મુખને ઘુમટામાં ઢાંકી રાખે અને
જુવાન સ્ત્રી ભલા પુરૂષોને ફસાવે,
તેમ જ માયા વિકરાળ અને કુરૂપ છે પણ
પોતાના વિવિધ સુંદર કાર્યો દ્વારા
પુરૂષને મોહ પમાડી ફસાવે છે,
પણ જ્યારે પુરૂષ તેના યથાર્થ ભયાનક રૂપને જુએ છે,
ત્યારે માયાના પદાર્થોમાં રમણીયપણાની બુદ્ધિ રહેતી નથી.
સોનાના થાળમાં સોનાના વરખવાળા વિષ મિશ્રિત લાડુને
વિષ મિશ્રિત જાણ્યા પછી કોઈ ખાતું નથી.
પછી તે લાડુ ખાવાનો સંકલ્પ કે કામના
આપોઆપ શમી જાય છે.
ઓછામાં ઓછામાં જેને સંતોષ થાય તે સૌથી ધનિક છે,
કારણ કે સંતોષ એ કુદરતની સંપત્તિ છે.
૦ કારણ અવસ્થા મૂળ અને કાર્ય અવસ્થા ફળ છે.
શ્રવણ - શ્રુતિ, મનન - યુક્તિ, નિદિધ્યાસન - અનુભવ

सत्येन लभ्यस्तपसा ह्येष आत्मा
सम्यग्ज्ञानेन ब्रह्मचर्येण नित्यम् ।
अन्तः शरीरे ज्योतिर्मयो हि शुभ्रो
यं पश्यन्ति यतयः क्षीणदोषाः ॥ (परिशिष्ट-४)

૦ 'મૌન' એટલે શબ્દને મુખ વાટે બહાર પડવા ન દેવો એટલું જ નહિ પણ તે શબ્દને ઉત્પન્ન કરનાર ચિત્તના વિચારને મૂળમાંથી જ ઉદ્‌ભવતો શાંત કરવો તે છે. જ્યારે ભક્ત તદ્દન ઇચ્છારહિત બની જાય છે, ત્યારે એ પોતાની અંદર પ્રકટતી ઇચ્છા માટે 'ભગવાનની ઇચ્છા' એવો શબ્દપ્રયોગ કરે છે. મનુષ્યની પ્રવૃત્તિ માત્ર પ્રભુ મિલન માટેની પ્રવૃત્તિ છે. જીવનમાં સુખ એ પ્રભુ મિલનનું સુખ અને દુઃખ તે પ્રભુ વિરહનું દુઃખ છે.

મનુષ્યે અહંકારયુક્ત-વાસનાયુક્ત ઇચ્છાનો ત્યાગ કરવો. આ પ્રકારે અંગત ઇચ્છાના વિલય થવાના પરિણામરૂપે ભગવદ્‌ઇચ્છા અથવા જીવનમાં મૂળગત રહેલી મૌલિક ઇચ્છા શેષ રહેશે. બીજી રીતે એમ કહેવાય કે માણસે પોતાની ઇચ્છાને ભગવદ્‌ઇચ્છા સાથે એકરૂપ કરી દેવી. અર્થાત્ માણસે અંગત ઇચ્છાનો ત્યાગ કરી ભગવદ્ ઇચ્છાને ઓળખી તેના જ નિમિત્તરૂપ

થઈને જીવતાં શીખવું જોઈએ. બીજમાં સ્થૂળ કરતાં તો અનંતશક્તિ રહેલી છે. કડકને તોડીને વનસ્પતિના બીજ બહાર અંકુરિત થાય છે કેમકે જીવન એ ભગવદ્ઇચ્છા છે. વ્યક્તિની અભિવ્યક્ત શક્તિરૂપે તેને જોઈ-અનુભવી શકાય છે. પરમશક્તિના આ નિમિત્તરૂપપણાનું, સમ્રાટ જેવા સ્વામીપણું અને પરમશક્તિના એક અણુ હોવાનું અતિ નમ્રતાનું ભાન એકી સાથે રહેલ છે.

'તુમ મેરે ઠાકુર, મૈં તેરી દાસી' – મીરાંબાઈ

0 ચિત્ત સૌંદર્ય નગરના રાજા શુભ પરિણામ છે. એ રાજાનું વિશેષણ 'હિતકારી સર્વલોકાનાં|' કહ્યું છે.

અર્થાત્: સર્વ લોકોને હિત કરનાર છે.

'હિત' શબ્દ જ સદા સ્વપરને ઉદ્દેશીને રહેલ છે. એકલા સ્વને પકડવાથી તો હિતને બદલે સ્વાર્થ બને છે. હિમાલય ઉપર જો બરફ છે, તો માણસે એના ઉપર ચાલવાના બૂટ બનાવ્યા, જ્યાં વરસાદ પડે છે તો છત્રી બનાવી. જીવન સંરક્ષણ માટે માણસ હંમેશા નિયતિ ઉપર વિજય મેળવવાના પ્રયત્ન કરતો જ આવ્યો છે.

0 બધા ધર્મોમાં દાન, દયા, ક્ષમા, સત્ય, અહિંસા એ પાંચ વસ્તુ રહેલી છે. સદાચારની પ્રેરણા બધા જીવો સાથે તાદાત્મ્યનો, એકતાનો સંબંધ છે. મનુષ્યની આ

મૂળભૂત એકતાનો આધાર બધા ધર્મોએ શોધવો પડશે છે.
બધા ધર્મોમાં આ સમાનતા છે.

૦ 'મા શેર દૂધ માટે ભેંસ રાખવા પરવડે નહિ'.
'આંધળો માણસ ઘરમાં ફાંફાં મારે' એ કહેવત પ્રસિદ્ધ છે.
દેહ દેવ બનવા માટે છે કિન્તુ 'દેહિ' કહેવા માટે નહિ.
એકાગ્ર થયેલું મન ધાર્યું નિશાન પાડી શકે છે.
શક્તિ વિચાર્યા વિના ભક્તિ ન જાગે.
આનંદ ભાવ્યા વિના મૈત્રી ન જાગે.
ભક્તિ જોઈતી હોય તો પ્રભુની શક્તિનો વિચાર કરો.
જીવોની મૈત્રી જોઈતી હોય તો આનંદની ભાવના કરો.
આનંદથી મૈત્રી અને શક્તિથી ભક્તિનો નિયમ છે.
ધનની જરૂર શરીરનિર્વાહ પુરતી છે.
શરીર ઇંદ્રિયોનું નિવાસસ્થાન છે.
ઇંદ્રિયો બુદ્ધિની ચાકર છે
અને બુદ્ધિ એ ભગવાનને ઓળખવાનું સાધન છે.
ધન, દેહ, ઇંદ્રિયો, બુદ્ધિ અનુક્રમે
પ્રભુને પામવાનાં સાધન છે, અધિકરણ છે.
તેઓ ઉપાદાનનાં કારણરૂપ છે.
તેથી તેને તેટલું જ સ્થાન આપવું ઘટે છે.
બુદ્ધિનો નિશ્ચય એ જ્ઞાન નહિ પણ અનુમાન છે.

o શિવ - પાર્વતીમાં શિવ = વિશ્વાસ, પાર્વતી = શ્રદ્ધા
વૃષભ = ધર્મ, ભક્તિ = અહૈતુક પ્રેમ
પ્રેમ = અહૈતુક દયા, સુહૃદ = નિઃસ્વાર્થ દયાળુ
સુહૃદં સર્વભૂતાનાં જ્ઞાત્વા માં શાન્તિમૃચ્છતિ।(પરિશિષ્ટ-૫)
ભક્ત દર્પણ સ્વરૂપ છે. અભક્ત કાચ - પાષાણરૂપ છે.
શ્રદ્ધા, પ્રેમ, આત્મીયતારૂપી સાધનથી
મૈત્રી ચિન્તન સુલભ બને છે.
ભગવાનની સાથે જીવનો મૈત્રી સંબંધ છે.
તેથી તેમનું સ્મરણ મૈત્રી સુલભ છે. પ્રેમથી ધર્મ, દર્શન
અને પ્રેમથી જ અનુપ્રવેશ થઈ શકે છે.

o વર્તમાન યુગના બે મહાન રોગ: ચિત્તતંત્રની અશાંતિ,
માનસિક ગ્રંથિમાંથી જન્મતો ઉલ્કાપાત, મોહ - અજ્ઞાનગ્રન્થિ.
તેનો પ્રતિકાર આધ્યાત્મિક શક્તિથી છે. જે અદૃષ્ટ છે,
છતાં તેનો શાંતિના સાગર સમો પ્રવાહ અખંડ વહ્યા કરે છે.
તેમાં સર્વસમભાવ, જીવન સમૃદ્ધિઓ,
વિશાળદૃષ્ટિ અને મંગળમયતા ભરી છે.

મૈત્ર્યાદિસહિત ધર્માનુષ્ઠાન પુણ્યાનુબંધી પુણ્યનું કારણ છે.
મૈત્ર્યાદિરહિત ધર્માનુષ્ઠાન પાપાનુબંધી પુણ્યનું કારણ છે.

જ્ઞાની તે જ નિર્માની.
પહેલાં ઈશ્વર, પછી જગત, છેલ્લા આપણે.

પુરુષાર્થ = પરમકૃપાળુની આજ્ઞા આરાધવામાં આવતો અભેદ.

અકળ કાર્યનો નિયામક પરમકૃપાળુ છે.

આપણે પરમકૃપાળુ દ્વારા થતી વિશ્વવ્યવસ્થાને સર્વદા, પરતંત્ર છીએ. પરમકૃપાળુનાં બે રૂપ છે: એક લીન અને બીજો કાંત. પાપરૂચિ તે લીનરૂપ છે. ધર્મરૂચિ તે કાંતરૂપ છે. તેનાં બે ફળો પણ લીન અને કાંતરૂપ છે. વિશ્વની વ્યવસ્થાના બે અંગ છે: ધર્મ અને અધર્મ. મહાકૃપાળુની તે બે બાજુઓમાં આપણું કશું જ ચાલતું નથી. ચાલે છે એમ માનવું તે ભ્રમ છે અથવા જે કાંઈ ચાલે છે, તે એના અભેદને આરાધવાથી. એ અભેદ હોય ત્યારે કર્તૃત્વ માનવામાં બાધ નથી. પરમકૃપાળુના ઘરનું હોવાથી એ કર્તૃત્વ વર્જ્ય નથી. સંન્યાસના બે પ્રકાર:

(૧) આત્મલાભ થયા પછીનો વિદ્વત સંન્યાસ.

(૨) આત્મલાભ થયા પહેલાંનો વિવિદિષા સંન્યાસ, જેમાં શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા, સમાધાન જરૂરી છે.

'સ્વરાજ' એટલે પોતે કોઈ ઉપર રાજ્ય કરે નહિ અને કોઈ પોતા ઉપર રાજ્ય કરે નહિ.

જીવનને શબ્દો ઘડતા નથી પણ શબ્દોને જીવન ઘડે છે. શાસ્ત્રોથી સંત બનાતું નથી. સંતોથી શાસ્ત્રો બને છે.

દર્શન = ભાવના, જ્ઞાન = બુદ્ધિ, ચારિત્ર = જીવન.

સાહિત્ય કે નાટ્યનો રસ મુગ્ધ બનાવે છે પણ મૂઢ નહિ.

રજ્જુમાં સર્પની ભ્રાંતિની જેમ

તે ભ્રમ નહિ પણ સત્યનું આસ્વાદન છે.

'ચિત્ર તુરગ ન્યાય'

ચિત્રના ઉંદરથી બિલાડી કદી ઠગાતી નહિ.

તત્સ્થતા = તદ્રંજનતા, તટસ્થતા = તન્મયતા

તાટસ્થ્ય અને તન્મયાભવન એટલે

જે ઘોડા પરની જીન સાથે પણ સમતોલ રહીને સવારી.

સમજની સાથે સમત્વ જોઈએ.

અહંયુક્ત થતાં અહંમુક્ત બને

એ જ મુક્તિ, એ જ પ્રભુતા, એ જ પૂર્ણાવસ્થા.

બુદ્ધિનું તેજ, હૃદયની ઊર્મિ, જીવનના કાર્ય સહ સર્વપ્રત્યે પ્રેમભર્યો નિત્ય વર્તાવ એ જ જીવનમાં સાચી ધાર્મિકતા.

મન એ ભૂતપૂર્વ સંસ્કારોનું સંચય સ્થાન છે એટલે એ જે કાંઈ કરે તે જૂનાની પ્રતિક્રિયા છે, એમાં કંઈ નવીનતા નહિ. જ્યારે સત્-ચૈતન્યની નિર્વિકલ્પ અવસ્થા ભૂત-ભાવિની અસરથી મુક્ત છે, એ અવસ્થા જ પરમપ્રેમની કે પ્રભુપ્રાપ્તિની અવસ્થા છે.

## ટાઈમ જોવાની રીત

જેટલા ડગલા થાય તેમાં '૬' ઉમેરી જે સંખ્યા આવે તેનાથી '૧૨૧'ને ભાગવા. જે જવાબ આવે તેટલા ઘડીને સવારે ચઢી સમજવી અને સાંજે ભાગી સમજવી.

૦ શાંત કરેલા નહિ પણ શાંત થયેલા મનમાં સત્યનો અને સર્જનનો આનંદ ઉભરાય છે. મનની માંગણીઓ દુઃખનું કારણ છે, લાગણીઓ નહિ. માંગણી વિના લાગણીથી નિરીક્ષણ કરતું રહે તો એ મન નિર્વિકારી બને, સત્યરૂપ બની રહે. સત્ય શોધવું પડે નહિ, પ્રગટ થાય.

૦ ધર્મ દયામાં છે, કેમકે સૌ કોઈ તેને ચાહે છે.

પોતાને માટે જે ચાહવામાં આવે છે,
તેને બીજા પ્રત્યે આપવું,
એનું જ નામ દાન ધર્મ છે, કેમકે
પોતે જે ધનને ચાહે છે તે બીજાને દેવાય છે.
એ શીલધર્મ છે, કેમકે
તેમાં પોતે જે વિષયોને ચાહે છે,
તેનો બીજા માટે ત્યાગ છે.
એ તપ ધર્મ પણ છે, કેમકે
તેમાં પોતે જે આહારને ચાહે છે,
તેનો બીજા માટે ત્યાગ છે.

## મૈત્રીની મતિ

અહીં 'મતિ' એ તો સામાન્ય શબ્દ છે.
દરેક સારા-નરસા અધ્યવસાયોમાં
મતિપણું તો હોય જ છે.
સારા-નરસાપણામાં કષાયોની મંદતા-તીવ્રતા,
પ્રશસ્તતા-અપ્રશસ્તતા મોટો ભાગ ભજવે છે,
એટલે વિચારોમાં કેટલોક અંશ
(મતિરૂપત્વેન) જ્ઞાનાવરણીય ક્ષયોપશમજન્ય છે,
કેટલોક અંશ દર્શન વિશુદ્ધિજન્ય છે અને
કેટલોક અંશ કષાય ક્ષયોપશમજન્ય અથવા
કષાય પ્રશસ્તતાજન્ય છે.
મનોયોગાત્મક અંશ મનઃપર્યાપ્તિજન્ય હોય છે,
એટલે ઔદયિક ક્ષાયોપશમિક આદિ
ઘણા વસ્તુઓ જનક બને છે.
ક્ષાયોપશમિકતા એ મૈત્રીની આવશ્યકતાનું કારણ નહિ,
ઉપયોગિતા એ કારણ છે.
સંયમાદિના અસંખ્ય અધ્યવસાય સ્થાનો ક્ષાયોપશમિક છે,
તેટલા માટે બધાયે અનિવાર્ય ન ગણાય.
- શ્રી જંબુવિજયજી મુનિરાજ સાહેબની ચર્ચામાંથી...

## શરણાગતિ

શરણાગતિ એટલે સ્વપુરૂષાર્થનો ત્યાગ નહિ, પણ વધુ પુરૂષાર્થ છે. શરણમાં અર્પણ થવા પુરૂષાર્થ ન ફોરવવામાં આવે તો તે પ્રમાદ છે. આપણો પુરૂષાર્થ એ પરમાત્માથી ભિન્ન નહિ, પરમાત્માના જ વીર્યનું પ્રતીક છે.

પ્રત્યેક જીવમાં વસતા પરમાત્મા એ જ
એ જીવ માટે તેમ જ સર્વ જીવો માટે માર્ગરૂપ છે.
માર્ગભિન્નાદિમદરૂપ છે, જે પરમાત્મતત્વથી અભિન્ન છે.

પરમાત્મતત્વ કરણ-કારણ છે.

પરમાત્મામાં એકાગ્ર થવા સિવાયનાં જેટલાં કાર્યો કરવા જીવ આ જગતમાં દોડે છે, તે બધા અવિશ્વાસમૂલક છે.

એકાગ્રાલંબનનું કાર્ય એ મહાન કાર્ય છે,
બાકી બધા કાર્યો એ મહાન કાર્યને તત્વથી વિઘાતક છે.
ગ્રન્થિભેદનાદિથી જે સાધવા પ્રયત્ન થાય છે,
તેના કરતાં અનંતગુણ પ્રાપ્તિ એકાગ્રાલંબનની છે.
પરમાત્મામાં એકાગ્ર આલંબન એ જ ખરો પુરૂષાર્થ છે
અને એ જ ખરૂં આરાધન છે.

કોઈપણ કાર્યનું પ્રધાન કારણ પરમાત્મભિન્ન છે એમ લાગે, ત્યારે અનાભોગે પણ અવિશ્વાસ છે.

## સાધનાનાં બે સોપાન

સ્વમાં રહેલો રત્નત્રયરૂપ માર્ગ માધ્યસ્થ્ય પરિણતિરૂપ
અને સર્વગત માર્ગ તે મૈત્રીરૂપ છે.
'જિન સેવ્યો નિજ આતમરૂપે'
પ્રત્યેક જીવમાં જિનના (આત્માના) પરમ દર્શન,
તે સાધના માટેનું આદિમ નૈશ્ચયિક મૂળ પગથિયું છે.
આનંદનો પ્રારંભ જ ત્યાંથી છે.
સાધનાનું બીજું પગથિયું એ છે કે
વિશ્વનો પ્રત્યેક બનાવ, કાર્ય કે પર્યાય
સુવ્યવસ્થિત, સુસંબદ્ધ, સુનિયમિત, સુનિશ્ચિત છે,
કરુણાકે પરમ ધ્યેય 'જિન' તેમાં પરમ કરુણા છે.
આ બે વસ્તુઓ દર્શન અને ભાવનારૂપે
સુનિશ્ચિત થતાં જ જીવનમાં
એક અપૂર્વ સમતાસુખનો પ્રારંભ થાય છે,
ક્લેશ શમે છે, શાંતિ પ્રગટે છે, મૈત્રી વધે છે અને મન
સર્વજીવરૂપ નૈશ્ચયિક પરમાત્માનું પરમ મંદિર બને છે.
મનોમંદિરમાં પરમાત્માનો સ્થિરવાસ થતાં જ
સર્વ વસ્તુઓની સ્વયં પ્રાપ્તિ થાય છે.
વસ્તુઓ કરતાં પરમાત્મા અનંતગુણા અધિક છે.

## મૈત્રીનું ખરું સ્વરૂપ

(1) મૈત્રીને શુભાશ્રવ કહેવાય.

(2) મૈત્રી અને સમ્યક્ત્વમાં અંગાંગી ભાવ છે.

(3) મૈત્રીને ઔદયિકભાવ ન કહી શકાય.

એ તો ગુણ છે, એને ઔદયિકભાવ કેમ કહેવાય?

(4) 'જિન' નામના આશ્રવમાં સમ્યગ્દર્શનાદિ સંવરરૂપ હોવા છતાં અલ્પકાળી તથા કારણરૂપ હોવાથી ઉપચારથી તેમને ગણાવેલ છે, તેમ મૈત્રીને પણ ઉપચારથી શુભાશ્રવ ગણાય છે.

### કુંડલિની

કુંડલિની = જાગ્રત કરુણા.

તે જ્યારે મધ્યમાર્ગ (સુષુમ્ણા = જિનાજ્ઞા) દ્વારા ચક્રોને ભેદીને ઉપર પરમાત્મગત કરુણા સાથે એકાકાર થાય છે, ત્યારે તેનું સાચું સ્વરૂપ હાથ આવે છે, તથા ત્યાં પરમ માધ્યસ્થ્ય પ્રગટે છે.

મૈત્રી અને મુદિતા તે ઇડા અને પિંગલા.

ચક્રો તે કાર્મણ ગ્રન્થિઓ છે,

જે ભેદીને કરુણા ઉપર જાય છે.

સ્વમાં થયેલ આઠ કમળો (ચક્રો) તે અષ્ટપ્રવચન માતા છે.

## આસ્તિક્યનાં કે સમ્યક્ત્વનાં ષટ્સ્થાનક

જીવ છે, નિત્ય છે, કર્મનો કર્તા છે, કર્મનો ભોક્તા છે,
મોક્ષ છે અને મોક્ષના ઉપાયો પણ છે.

'જીવ છે' એટલું માનવામાત્રથી ન ચાલે. જીવને શરીર કે મુખ મુદ્દાને જ ન માને તે તો ઘણાં ઉઘાડઉગાર છે, પરન્તુ જીવ માન્યા પછી પણ તેને પરપોટાની જેમ ફૂટ થઈને ફૂટી જનારો માને, તેનું આસ્તિક્ય પણ ફૂટેલું સમજવું. જીવ પંચભૂતમાત્ર નહિ પણ ભૂતથી પર છે, નિત્ય છે.

તે અનિત્ય હતો નહિ, છે નહિ કે થશે પણ નહિ.

'જીવ સર્વકાળ રહેનારો છે' એમ માનવા છતાં જેઓ તેને કેવળ આકાશ જેવો જ સત્ અને નિત્ય માને, તેઓનું આસ્તિક્ય પણ આકાશ જેવું પોલું જ સમજવું. આકાશને બાહ્ય પદાર્થોની કોઈપણ જાતની અસર થતી નથી, પરન્તુ જીવ જેવા સંયોગોમાં મૂકાય છે, તેના ઉપર તેવા અસર થાય છે. આત્મા સયોગી અવસ્થા અને વિગ્રહગતિમાં પણ પ્રતિસમય કર્મબંધ કર્યા જ કરે છે.

આહારાદિ છ શક્તિમાંની કોઈપણ શક્તિ અથવા પ્રવૃત્તિ નહિ હોવા છતાં વિગ્રહગતિમાં કર્મબંધન થાય જ છે. જીવ પ્રતિક્ષણ કાયિક, વાચિક અને માનસિક

ત્રણ પ્રકારના કર્મોદય હોય છે. કાયિકાદિ બાહ્ય વ્યાપાર ન હોય તો પણ પૂર્વ પ્રયોગાદિ વિગ્રહગતિમાં ફેરફૂદડી કે ચક્ર ભ્રમણની જેમ કર્મબંધ થયા જ કરે છે. સિદ્ધોને કે અયોગીને (કેવલિ સમુદ્ઘાત વખતે અમુક સમયે યોગ વ્યાપાર નહિ હોવાથી) કર્મબંધરહિત અવસ્થા હોય છે. માટે જીવને કર્મ છે અને નવીન કર્મ ઉપાર્જન કર્યા કરે છે એમ માનવું તે લોકોત્તર આસ્તિક્યનું ત્રીજું લક્ષણ છે. જીવ, પરલોક, પુણ્ય, પાપ, સ્વર્ગ અને નરક છે, એ સર્વમતસંમત સામાન્ય આસ્તિક્યનું લક્ષણ છે, પરંતુ તે નિત્ય છે, કર્મનો કર્તા-ભોક્તા વિગેરે છે તે જૈન મતસંમત વિશિષ્ટ આસ્તિક્યનું લક્ષણ મનાય છે.

મરે લશ્કર - ચોટ રાજાને, લૂંટાય મુનિમ - ચોટ શેઠને...

એ સ્થિતિ કર્મ બાંધનાર જીવ માટે નથી, વળી શરીર છૂટ્યું એટલે કર્મ છૂટ્યાં, કુટુંબાદિ માટે કરેલ કર્મ કુટુંબાદિક ભોગવશે એ સ્થિતિ નથી. કરેલ કર્મ કરનાર જીવને જ અવશ્ય ભોગવવું પડે એ ચોથું લક્ષણ છે. આ ચારેચાર માન્યતા અભવ્ય જીવને પણ હોઈ શકે છે. અભવ્યને એ માન્યતા નથી કે આત્માનો કર્મથી સર્વથા છુટકારો છે કે કર્મના એક અંશનો પણ વળગાડ ન હોય

એવું આત્માને નિવાસ કરવા યોગ્ય સ્થાન મોક્ષ છે. નવ તત્ત્વોમાં પ્રધાનના આઠે તત્ત્વો માનવા છતાં એક મોક્ષતત્ત્વને જ નહિ માનવાથી અને તેની અવગણના કરવાથી અભવ્યનો આત્મા મોક્ષને-મુક્તિને ગુમાવે છે. કેવળ 'મોક્ષ છે' એમ માનવાથી શું વળે? ત્યાં જવાનો માર્ગ પણ જોઈએ. 'મોક્ષ મેળવવાના સમ્યગ્દર્શનાદિ ઉપાયો પણ છે' એમ માનવું એ લોકોત્તર આસ્તિક્યનું છેલ્લું લક્ષણ છે. આસ્તિક્યનાં આ છ સ્થાનની વાતોથી હૃદયમાં અવિચળ શ્રદ્ધા થાય, ત્યારે જ લોકોત્તર દૃષ્ટિની આસ્તિકતા ચરિતાર્થ થાય અને પારમાર્થિક નાસ્તિકતા ટળે છે.

(૧) લોકોત્તર આસ્તિક્યનું પ્રથમ સ્થાન

દૃશ્યમાન પૃથ્વી-જળાદિ પાંચ ભૂતોથી જુદા સ્વરૂપવાળો, લોકાંતર યા ભવાન્તરમાં ફરનારો તથા જ્ઞાનાદિ ગુણોને ધારણ કરનારો 'જીવ' નામનો પદાર્થ છે એમ માનવું તે.

લૌકિક મતે (a) 'જીવ' એ પાંચ ભૂતોથી ભિન્ન નથી.

(b) 'જીવ' નામનો પદાર્થ ભવાંતરોમાં ભમનારો નથી.

(c) 'જીવ' જ્ઞાનાદિ ગુણોને ધારણ કરનારો નથી.

(૨) લોકોત્તર આસ્તિક્યનું દ્વિતીય સ્થાન

દૃશ્યમાન ઘટપટાદિ પદાર્થો પરત્વે દૃષ્ટિએ તો સર્વદા,

નાશ પામનારા છે, પણ પાંચ ભૂતોથી વ્યતિરિક્ત એવો 'જીવ' નામનો પદાર્થ દ્રવ્ય દૃષ્ટિએ અવિનાશી અને નિત્ય સ્વભાવવાળો છે. આની સામે લૌકિક મત મુજબ:

(a) કેટલાક શરીરના નાશ સાથે જીવનો પણ નાશ માને છે.

(b) કેટલાક મોક્ષ પ્રાપ્તિ વખતે જીવનો નાશ માને છે.

(c) કેટલાક મોક્ષ પ્રાપ્તિ વખતે જીવત્વનો નાશ માને છે.

જૈન સિદ્ધાન્તાનુસાર મોક્ષ પ્રાપ્તિ વખતે
જીવ અને જીવત્વ બંને અવિનાશીપણે કાયમ રહે છે.
'જીવત્વ' એટલે જીવનું જ્ઞાનસુખાદિ સ્વરૂપ.

(3) લોકોત્તર આસ્તિક્યનું ત્રીજું સ્થાન

જ્ઞાન-દર્શનને રોકનાર, સુખ-દુઃખને આપનાર,
વિચાર અને વર્તનમાં વિપર્યાસ કરનાર,
જિંદગી (આયુષ્ય)ના કારણભૂત, શરીરના કારણભૂત, ઉચ્ચ-નીચ અવસ્થાના કારણભૂત, દાનાદિ શક્તિઓને આવરનાર, સાત અને આઠ પ્રકારના કર્મોને જીવ પ્રતિપળ બાંધનાર છે, એ લોકોત્તર આસ્તિક્યનું ત્રીજું સ્થાન છે. લૌકિક મતે સાંખ્યો તો જીવને અકર્તા-નિર્ગુણ માને છે, પણ જૈન દૃષ્ટિએ જીવનો મોક્ષ ન થાય, ત્યાં સુધી જીવ કોઈપણ સમયે કર્મ બાંધવા વિરામનો લેતો જ નથી.

(ગ) <u>લોકોત્તર આસ્તિકનું સાચું સ્વરૂપ</u>

જે જે જીવો જે જે કર્મોને બાંધે છે, તે તે જીવોને તે તે કર્મો અવશ્ય ભોગવવા જ પડે છે. લૌકિક મતે:

(a) કેટલાક લોકો ઈશ્વરને કર્મનો કર્તા માનતા નથી પણ જીવોએ બાંધેલાં કર્મોના ફલ તરીકે ઈશ્વરને શરીર ધારણ કરવાનું માને છે અથવા કર્મ જગતના જીવો કરે અને ફળ ઈશ્વરને ભોગવવું પડે, જે સદંતર રીતે અસત્ય છે.

(b) કેટલાક પુત્રપૌત્રાદિની ક્રિયાથી ઉપાર્જિત કર્મોનું ફળ મરણ પામેલા પિતા-પ્રપિતામહાદિને મળે છે એમ માને છે.

(c) કેટલાક જગતની ઉત્પત્તિ અને પ્રલય માને છે અથવા જગતની આદિમાં વગર કરેલાં કર્મો ભોગવવા પડે અને પ્રલય વખતે કરેલાં કર્મો ન ભોગવવા પડે.

જગતની આદિમાં જ પુણ્ય-પાપ આદિની
વિચિત્રતા માનનાર તથા પ્રલયકાળ સુધી દરેક જીવો
આચાર-વિચાર-ઉચ્ચારની વિક્રિયા માનનાર,
જગતનો ઉત્પાદ-પ્રલય માની શકે નહિ.
તેઓ જ તે માની શકે કે જેઓ
કર્મોનું સતત કરવાપણું માનવા છતાં
તેનું સતત ભોગવવાપણું ન માનતા હોય.

(ઢ) જેમ શરીર અને ધાતુની વિક્રિયાને લીધે વિવિધ પ્રકારે શારીરિક વિકારો સ્વતઃ પ્રાપ્ત થાય છે, તેમ પાપ-પુણ્ય કર્મો પોતપોતાના ફળો આપવાની સ્વતંત્ર તાકાત ધરાવે છે.

જેઓ સુખ-દુઃખ દેનાર તરીકે ઈશ્વરને માને છે,
તેઓ ઈશ્વરને કલંકિત કરે છે.

જેઓ ગર્ભનાં ભયંકર દુઃખો, જન્મની અકથનીય વેદનાઓ અને મરણની અનિષ્ટતમ પીડાઓ ભગવાન આપે છે એમ કહે છે, તેઓનું આ કથન આસ્તિકને ન છાજે તેવું છે. આસ્તિક તો એમ જ માને કે કર્મોનો ભોગવટો સ્વતંત્ર રીતે જીવને કરવો જ પડે છે. દાનાદિ શુભ કાર્યો અને સમ્યગ્દર્શનાદિ શુદ્ધ પરિણામ દ્વારા એ કર્મોનો ક્ષય કે ભોગવટો થઈ જાય છે, તે પણ માત્ર સ્થિતિબંધ અને રસબંધનો સમજવો, કર્મના પ્રદેશબંધનો નહિ જ.

કર્મપદાર્થનો ભોગવટો તો જીવે કરવો જ પડે છે,
માત્ર તેની વિક્રિયા કે વિકૃતદશા પરિણામની
શુભતા કે શુદ્ધતા દ્વારા એ ક્ષય કરી શકાય છે.

જૈન શાસ્ત્રોમાં એ જ કારણે બે પ્રકારનું વેદન કહેલું છે:
એવંભૂત અને વંભૂત
અથવા યથાવેદન અને અન્યથાવેદન.

## (5) લોકોત્તર આસ્તિક્યનું પાંચમું સ્થાન

ઉપરોક્ત ચાર માન્યતાઓ હોય કે ન હોય, તો પણ તે અન્યથા થઈ શકતા નથી. જીવને નહિ માનવાથી તેનો અભાવ થઈ જતો નથી; નિત્ય ન માનવાથી અનિત્ય થઈ જતો નથી, બંધ ન માનવાથી બંધ ઉડી જતો નથી, કર્મોનાં ફળોને નહિ માનવાથી ભોગવ્યા વિના છુટકો થતો નથી એમ પણ નથી કે ભોગવવા નથી પડતાં એમ નથી, પરંતુ જો મોક્ષની હયાતિ અને ઉત્પત્તિ ન સ્વીકારવામાં આવે, તો તો મોક્ષની પ્રાપ્તિ થઈ શકતી જ નથી. જો કે જીવની અસ્તિતા અને નિત્યતાની શ્રદ્ધા બાહ્ય-પરપદાર્થોની આસક્તિ ઓછી કરાવે છે, કર્મબંધ અને કર્મફળભોગની શ્રદ્ધા બંધ અને ભોગ વખતે સાવચેતી રખાવે છે તથા અશુભ ધ્યાનોની પ્રવૃત્તિ મંદ કરાવે છે, તો પણ તેનાથી જ ગતિનાં દુઃખોનો સર્વથા અંત આવી જાય એમ બનતું નથી. એ માટે તો આત્માની સર્વથા નિર્લેપ અને સંપૂર્ણ શુદ્ધ અવસ્થા સ્વરૂપ મોક્ષને માનવાની જરૂર રહે છે. લોકોત્તર મત મુજબ મોક્ષની ઇચ્છા ભવ્યને જ થાય છે. વળી મોક્ષ મેળવવાની ઇચ્છા થયા પછી એક પુદ્ગલ પરાવર્તથી અધિક કાળ સંસારમાં ભટકવાનું રહેતું નથી.

અહીં કેટલાક આચાર્યોનો મત છે કે:

જન્મ-જરા-મરણાદિના વિકારોથી રહિત મોક્ષ મેળવવાની ઈચ્છાએ અજ્ઞાનવશ કુદેવાદિની ઉપાસના કરે, તો પણ તેની અમુક કાળે મોક્ષ અવશ્ય થાય છે. અભવ્યોને તે ઈચ્છા કે કુદેવાદિની ઉપાસના ય હોતી નથી. સુદેવાદિની ઉપાસના તે કરે છે, તો પણ તે મોક્ષની ઈચ્છાથી નહિ જ. તેથી તેનામાં સમ્યક્ત્વ હોતું નથી તેમ અનંત મિથ્યાત્વ પણ હોતું નથી. ચારે ગતિના દુઃખોના અંતની ઈચ્છા કોઈ વિરલને જ થાય. ઈચ્છા થયા પછી ય ઘણું કરીને કુદેવાદિની જ ઉપાસના થાય.

તે ઉપરાંત સુદેવાદિની ઉપાસના પાછળ પણ મોક્ષનો ઈરાદો ટકાવવો તો મુશ્કેલ જ પડે છે.

લૌકિક મતે: (a) યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ... (b) અપુત્રસ્ય ગતિર્નાસ્તિ... (c) ઉત્પત્તિ અને પ્રલય.

(5) <u>લોકોત્તર આસ્તિકનું છઠ્ઠું સ્થાન</u>

મોક્ષની માન્યતા થયા પછી પણ મોક્ષના સાચા ઉપાયોની શ્રદ્ધા ન હોય, તો મોક્ષની પ્રાપ્તિ થઈ શકે જ નહિ. જેમ પાણીમાંથી માખણ કે રેતીમાંથી તેલ નીકળે નહિ, તેમ મોક્ષના સાચા ઉપાયોની શ્રદ્ધા વિના મોક્ષ પણ થાય નહિ. સર્વ કર્મનો ક્ષય થયા વિના આત્માના શુદ્ધ સ્વરૂપના

અનુભવ સ્વરૂપી મોક્ષ થતો નથી, એ માટે હિંસાદિક આસ્રવોનો નિરોધ કરી અયોગીપણું મેળવવું જોઈએ તથા પૂર્વકર્મનો ક્ષય કરવા માટે તપ આદિ સાધનોનું સેવન કરવું જોઈએ. એ રીતે મોક્ષવસ્તુ ઉપાયથી સાધ્ય છે.

મોક્ષના ઉપાયોની અસ્તિતાની માન્યતા
એ આસ્તિક્યનું છઠ્ઠું સ્થાન છે.

'મોક્ષ' એટલે જન્મ-મરણ આદિના બંધન રહિત અને અનંતજ્ઞાન-દર્શન-વીર્ય તથા અનંતસુખની સંપૂર્ણ સમૃદ્ધિ સહિત જીવની નિર્બંધ અને આબાદ અવસ્થા.

મોક્ષના ઉપાયો સમ્યગ્દર્શનાદિ, સંવર, આસ્રવનિરોધ, સંપૂર્ણ સંવર અને નિર્જરા વિગેરે છે.

ઉપર જણાવેલી છ વાતોમાંથી
એકપણ વાતની કે તેના કોઈપણ અંશની
અશ્રદ્ધા ધરાવનારો વર્ગ
પરમાર્થ કે લોકોત્તર દૃષ્ટિએ આસ્તિક છે નહિ.

નાસ્તિક : શરીરમાત્રને જીવ માનનાર.

મિથ્યાદૃષ્ટિ : દ્રવ્યપ્રાણ ધારણમાત્રને માનનાર.

સમ્યગ્દૃષ્ટિ જૈન : દ્રવ્ય-ભાવ ઉભય પ્રાણ ધારણ કરનાર અને સદા અવસ્થિત જીવને માનનાર ગણાય છે.

# નાસ્તિકવાદનાં છ સ્થાનક અને પ્રતિવાદ

(I) આત્મા નથી.

(૧) જીવ શરીરથી ભિન્ન નથી.

(૨) પરલોક-પુણ્ય-પાપ કાંઈ નથી.

(૩) સુખની સ્પૃહા માટે પ્રાપ્ત સુખનો ત્યાગ મૂર્ખતા છે.

(૪) મદિરાના અંગથી મદિરાની જેમ પંચમહાભૂતથી ચૈતન્ય ઉત્પન્ન થાય છે.

(૫) જલથી (જલ) પરપોટા અને અરણિથી અગ્નિની જેમ ચૈતન્ય એ શરીરનો ગુણ છે.

(૬) કપટી અને ધૂર્ત લોકો વૃકપદની જેમ ખોટો ભય દેખાડીને લોકોને ભોગથી ઠગે છે અને તપ, જપ, વ્રત, નિયમના નિરર્થક કષ્ટમાં નાંખે છે.

પ્રતિવાદ: આત્મા છે.

(૧) પાંચભૂતનો ગુણ હોય તો પાંચભૂતની જેમ ઇંદ્રિય ગ્રાહ્ય કેમ નથી?

(૨) જ્ઞાન, સંશય, વિપર્યયાદિ ગુણો અનુભવસિદ્ધ છે. તેનો આશ્રય જીવ પ્રસિદ્ધ છે.

(૩) જ્ઞાનાદિનું ઉપાદાન શરીર હોય તો શરીરની હાનિએ હાનિ અને વૃદ્ધિએ વૃદ્ધિ કેમ ન થાય?

(૪) એકસાથે જન્મેલાને કાયાદિક સ્થિતિ સરખી હોવા છતાં પ્રજ્ઞાદિક સ્થિતિ સરખી કેમ નથી?

(૫) જે વસ્તુ ન દેખાય તે ન હોય એમ નહિ, પણ તેના લક્ષણાદિ જણાય તો તેનું હોવું વાયુની જેમ મનાવું જોઈએ. રૂપી વાયુ પણ જો દેખાતો નથી તો કેવળ જ્ઞાનસ્વરૂપ અરૂપી જીવ કેમ દેખાય?

(૬) બાળકને સ્તનપાન પ્રવૃત્તિ એ પૂર્વભવની વાસના નિમિત્તે છે અને એ જ પરલોકરૂપ માટેનું મોટું પ્રમાણ છે. ક્યારેય નહિ દેખેલાનું સ્થાન કોણ જાણે?

(૭) એક સુખી-એક દુઃખી એ કર્મવિના અને પુણ્ય-પાપનું વિલસિત છે, પણ ઉપલાદિક પરે સ્વભાવ નથી.

(૮) મહાપુરુષોના ચરણકરણાદિ માટેના પ્રયત્ન નિષ્ફળ ન હોય. બુદ્ધિમાન કોડી માટે રત્ન ન જ વેચે. મુનિજનો પરમાર્થને માટે જ કષ્ટ સહન કરે છે.

(II) નાસ્તિકવાદ: આત્મા નિત્ય નથી.

(૧) સર્વ પદાર્થો ક્ષણનાશી છે.
(૨) ક્ષણિક વાસના વૈરાગ્ય આપે છે.
(૩) આત્મા નિત્ય હોય તો સ્નેહ વધે.
(૪) નિત્ય વાસના રાગાદિનું કારણ છે.

(4) રાગાદિ વાસનાથી વાસિત ચિત્ત એ જ સંસાર છે
અને રાગાદિરહિત ચિત્ત એ જ મોક્ષ છે.

(5) નિત્ય આત્મા માનવાથી રાગાદિ થાય છે અને
તેથી વળી કર્મબંધન પણ વધે છે.

<u>પ્રતિવાદ: આત્મા નિત્ય છે.</u>

(1) ક્ષણિક ચિત્તમાં બંધ-મોક્ષ ન ઘટે. અનુગત વાસના
માનો તો તે જ નિત્ય દ્રવ્ય છે.

(2) સરખા ક્ષણનો આરંભ વાસના માનો તો તે મહામૃષાવાદ
છે. બંધ-મોક્ષ ક્ષણ સરખા કેમ હોઈ શકે?
બંધ-મોક્ષમાં એક જ શક્તિ કરી શકાય નહિ.

(3) ભિન્ન ક્ષણોમાં ઉત્પાદન-અનુત્પાદનનો ભેદ ઘટે નહિ.
પૂર્વ અપર પર્યાયે જ ભેદ ઘટે અને એ રીતે તો
દ્રવ્ય ઘટે જ નહિ.

(4) સર્વ ક્ષણિક હોય તો હિંસાથી બંધ કોને થાય?
વિસદૃશ ક્ષણનું નિમિત્ત તે હિંસક તો પ્રત્યેક ક્ષણ હંમેશા
હિંસક ઠરશે. સમનન્તર ક્ષણ એ જ જો કદાચિત્
હિંસક હોય તો કારણજન્ય કાર્ય બની શકશે નહિ.
હિંસા ક્ષણની કાયા ભિન્ન માનો તો હિંસાનો અનુમંતા
અને હિંસાનો હંતા એક જ નહિ થાય?

(૫) નિત્યપણાદિ રાગ જ થાય એવો નિયમ નથી,
પણ સમભાવ તો અવશ્યપણે આવે જ છે.

(૬) કાર્યકારણનો સંબંધ નિત્યપણાદિ જ ઘટે છે, અન્યથા અંધાધૂંધ ન્યાય ચાલે, ખરું કે નહિ?

(૭) પર્યાયનો નાશ, દુઃખોત્પાદ અને મનઃસંક્લેશ, એ ત્રણ પ્રકારની હિંસા જિનમતને છોડી અન્યત્ર ઘટે નહિ.

(૮) રાગ વિના પ્રધાન ધર્મપ્રવૃત્તિ થાય જ ક્યાંથી? પ્રધાન ધર્મપ્રવૃત્તિ માટે રાગ અત્યંત જરૂરી છે. અનંતભવજાળ છોડીને અનંતકાળનું જીવન પણ રાગ જ છે. મોક્ષ અને મોક્ષમાર્ગ ક્ષણિક દર્શનમાં નહિ પણ સ્થિર-દર્શનમાં જ સુઘટિત છે. તેને છોડીને કુદર્શનમાં કોણ ભટકે?

(III & IV) <u>નાસ્તિકવાદ: આત્મા અકર્તા છે - અભોક્તા છે.</u>

(૧) आत्मा न बध्यते नाऽपि मुच्यते नाऽपि संसरति कश्चित्
संसरति बध्यते मुच्यते च नानाश्रया प्रकृतिः ।

(પરિશિષ્ટ-૬)

એ રીતે જો પ્રકૃતિને જ બંધ-મોક્ષ માનવામાં આવે, તો સંસાર અને મોક્ષમાં આત્માની અવસ્થા એક જ માનવી પડે અને જો એમ હોય તો મુક્તિફલ માટે યમ-નિયમાદિ યોગાનુષ્ઠાન યોગીઓ વ્યર્થ જ કરે.

૨) સ્વપ્ન પ્રપંચની જેમ દૃશ્ય મિથ્યા અને દૃગ્ સત્ય છે.

(૩) કડાદિ જેમ સુવર્ણનો વિકાર છે, તેમ સત્ય બ્રહ્મની જગત્ જણાય છે. જે પરિણામી તે અસત્ અને જે અપરિણામી તે સત્.

(૪) સાંખ્ય મતે આત્મા અકર્તા-વ્યવહારથી ભોક્તા છે. વેદાંત મતે આત્મા ઉપચારથી કર્તા પણ ભોક્તા નથી.

(૫) चित्तमेव हि संसारो रागादि क्लेश-वासितम् ।
तदेव तैर्विनिर्मुक्तं भवान्त इति कथ्यते ॥१॥

(પરિશિષ્ટ-૭)

એ રીતે ચિત્તને જ જો રાગાદિકર્મ માનવામાં આવે, તો સંસાર-અપવર્ગ અવસ્થામાં કાંઈ ભેદ ન થાય. વળી પોતે પોતાથી બંધાય પણ કેવી રીતે?

(૬) વેદાંત મતે એક બ્રહ્મ પ્રમાણભૂત છે, બધો પ્રપંચ તેનો જ ઉપાધિભેદ છે. માયાદિક મિશ્રિત ઉપચારજ્ઞાન એ જ અજ્ઞાન છે અને એ જ સંસારની મૂળ ગ્રન્થિ છે.

(૭) એક સુષુપ્તિમાં બે અવસ્થા છે: એક નિદ્રા અને બીજું સ્વપ્ન. જેમ એક બ્રહ્મની બે અવસ્થાઓ છે: એક સત્ય પરબ્રહ્મ અને બીજું સ્વપ્નોપમ જગત.

(૮) બ્રહ્મને કર્મનો લેપ હોય નહિ અને હોય તો કદી ટળે નહિ. અનાદિભાવ અનંત જ હોય.

(૯) બંધન કર્મ નહિ પણ અજ્ઞાન જ છે. દર્પણગૃહમાં શ્વાન ભૂંકે છે, જળબિંબને કોઈ સિંહ જળમાં પડે છે અને કોલિક પોતાની જાળમાં પોતે જ ગૂંથાય છે, તેમ અજ્ઞાનથી આત્મા પોતે જ પોતાનું બંધન બને છે.

(૧૦) જ્યાં સુધી ભ્રાંતિ છે, ત્યાં સુધી જ કર્મ પ્રવૃત્તિ છે. ભ્રાન્તિ મટવાથી એક અગાધ ચિન્માત્ર રહે છે. આત્મા કર્તા નહિ પણ સાક્ષી છે. અજ્ઞાનથી જગત બંધાયું છે. ચેતન તેનો કર્તા નહિ. વ્યવહારથી તેને કર્તા માનો પણ પરમાર્થથી તે બંધાતો નહિ.

(૧૧) અવિદ્યા એ જ કરણ અને વિદ્યા એ જ વિશ્રાંતિ.

કૈવલ્ય કે જીવન્મુક્તિ તે કરણનું કામ નહિ,

તેના કરણ પ્રારબ્ધ છે.

જીવનકારણ અદૃષ્ટ છે પણ બીજું અદૃષ્ટ નહિ.

(૧૨) ચેતનોઽહં કરોમિ। સાંખ્યમત મુજબ નિમ્નલિખિત ત્રણે અંશથી પ્રવૃત્તિ કરે છે. તે ખરા માનવા એ ભ્રાંતિ છે. શુદ્ધ વિવેકખ્યાતિમાં એક જ 'હું'[1] અંશ રહે છે. 'જાણું છું'[2] અને 'કરું છું'[3] એ બે અંશ મટી જાય છે.

(૧૩) હિતાહિત આચાર એ આમ તો પ્રકૃતિના ધર્મ છે, પણ ઉપચારથી તે ચેતનના આચાર કહેવાય છે.

ઇચ્છાઓમાં ગુણની લાલિમા કે કાલિમા અને જલમાં બિંબની ચંચલતા એ બેઉ સાચી નહિ પણ ઉપરાગ માત્ર છે, તેમ બુદ્ધિ રૂપી ઇચ્છાઓમાં પુરુષનો ઉપરાગ માત્ર કે ઇંદ્રિયવાસના છે, વ્યાપારનો આવેશ બુદ્ધિનો છે. સુભટના વિજય-પરાજય રાજાના ગણાય તેમ પ્રકૃતિના હિતાહિત આચાર એ ઉપચારથી આત્માના ગણાય છે.

(૧૭) પંથ લુંટાવાથી જેમ 'પંથ લુંટાયો' કહેવાય છે, તેમ જ રીતે અવિવેકી આત્માઓ પ્રકૃતિની ક્રિયા દેખીને તેને અજ્ઞાનને કારણે 'જીવની ક્રિયા' કહે છે.

(૧૮) આત્મા નિર્ગુણ નિષ્ક્રિય છે.

પ્રકૃતિ કર્ત્રી છે, આત્મા કલાજ છે.

પ્રકૃતિના વિકારનો વિલય તે જ જીવની મુક્તિ છે. પ્રકૃતિમાં જીવનું પ્રતિબિંબ તે જ જીવનો ભોગ છે. રહેલું પુરુષતત્ત્વ અગાધ-કૂટસ્થ-સદાશિવ-સદાત્મ છે. આ જગતમાં પ્રકૃતિ પોતાનો વિલાસ દાખવીને નટીની જેમ પોતાનું કાર્ય પૂર્ણ કરી વિરમી જાય છે.

(૧૯) મૂલ પ્રકૃતિ અવિકૃતિ છે.

મહદાદિક ૭ પ્રકૃતિ વિકૃતિ છે. ષોડશક ગણ વિકૃતિ છે.

પુરુષ પ્રકૃતિ નહિ અને વિકૃતિ પણ નહિ.

પ્રતિવાદ : આત્મા કર્તા છે અને ભોક્તા પણ છે.

(૧) જો કરે નહિ તો બંધાય કેવી રીતે?

(૨) મન બંધાય અને જીવ છૂટે,
એ યુક્તિ સંગત કેવી રીતે થાય?

(૩) બંધ-મોક્ષ પરમાર્થથી નથી, પણ ઉપચારથી છે એમ માનવામાં આવે, તો મોક્ષ શાસ્ત્ર વ્યર્થ છે, કેમકે તેમાં પરમાર્થની વાત તો રહી જ નહિ-આવતી જ નથી.

(૪) પ્રકૃતિ અને અવિદ્યાના નાશથી જો મોક્ષ માનીએ, તો પહેલાં આત્મદશા બદલાણી એમ જ કહેવાય અને જો એમ થાય તો કૂટસ્થતા જ ક્યાં રહી?

(૫) 'માયા નાશ પામી' એમ કહીએ તો
તે માયા વધારાની બની કે નહિ?
તેમ ન માનો તો પ્રથમની જેમ જ કાયમ શુદ્ધરૂપ કેમ ન રહે?
રત્નાદિકમાં શુદ્ધિ-અશુદ્ધિ કહેવામાં આવે છે,
તો અહીં ચેતનમાં તે માનવામાં શું હરકત આવે?

(૬) શતપુટ અને ક્ષારાદિ એ જેમ રત્નશોધક પદાર્થો છે, તેમ સઘળો વ્યવહાર આત્મશોધક ગણાય છે.
'ગુણધારાએ આત્મા કાયમ રહે છે,'
એમ જે દાસુરીનું કહેવું છે, તે પ્રમાણ છે.

(૭) તંદુલનું સતુષપણું અને ત્રાંબાનું શ્યામપણું ક્રિયા વિના નાશ પામતું નથી, એવી રીતે આત્માનો પણ શુદ્ધ સ્વભાવ માનીએ, તો જ મુક્તિ સંગત થાય. અને એક જ ઘટ કાળભેદે સઘટ-વિઘટ ઈષ્ટ શકે છે, તેમ કાળભેદથી જો સ્વભાવ માનવામાં જરાય વિરોધ નથી.

(૮) શ્રુતિમાં બ્રહ્મને કેવળ શુદ્ધ કહ્યું છે, તે નિશ્ચયનયથી બરાબર છે. નિશ્ચયનય નિમિત્ત કારણને ગ્રહણ કરતું નથી, તેથી તેના મતે ચેતન કેવળ નિજગુણનો જ કર્તા છે.

(૯) અનાદિ ભવ્યો પણ 'બીજાંકુર' ન્યાયથી અને સાંત હોય છે. જેમ મુક્તિની આદિ છે પણ અંત નથી, તેમ ભવ્યત્વની આદિ નથી, છતાં પણ અંત છે.

(૧૦) તેલથી અને રજ ચોંટે, તેમ કર્મ નિમિત્તે ચેતન એ કર્તા છે એમ વ્યવહારનય સદ્દહે છે, કેમકે તે પરંપરા કારણને પણ માન્ય રાખે છે. અંતિમ કારણ (ઉપાદાન કારણ)ને માને તે નિશ્ચયનય. પરંપરાકારણ (નિમિત્તકારણ)ને માને તે વ્યવહારનય.

(૧૧) જૂઠા (અસત્) શશશૃંગની જેમ અસત્ માયા પણ જો કારણ થાય, તો વંધ્યાને પણ માતા કેમ ન કહેવાય? જગત જો છે, તો 'જગન્માયા' શબ્દથી આ જગતને માયાસ્વરૂપ સમજાવનાર વચન સત્ છે કે અસત્?

જો એક વચન અસત્ છે એમ જાણ્યું એ અસત્ વચન
પણ અજ્ઞાનને માયાસ્વરૂપ જો સમજાવી શકે છે,
તો આશા મોદક એ સાચા મોદક કેમ બનતા નથી?

(૧૨) પરાપર બ્રહ્મ બે પ્રકારનું પણ કહ્યું છે
અને એ જ ઉપનિષદોમાં
બ્રહ્મને એક પ્રકારનું પણ કહ્યું છે.
એ બધો સામાન્ય અને વિશેષનો મંડાણ છે.
જેની જે રુચિ થઈ,
તેણે તે પ્રમાણે સામાન્યથી એક પ્રકારે
અને વિશેષથી અનેક પ્રકારે
બ્રહ્મનું સ્વરૂપ વર્ણવ્યું છે.

(૧૩) ખારા પાણીથી જેમ તૃષા છીપાતી નથી, તેમ સ્યાદ્વાદનો આશ્રય લીધા વિના બુદ્ધિનું સમાધાન થતું જ નથી.

(૧૪) 'બાણના અદૃષ્ટથી બાણનું શરીર ટકે છે' એમ કહેનારી શ્રુતિ બુદ્ધિમાન પુરુષોએ કહેલ નથી. જીવનયુક્ત રોગીશરીર જો શિષ્યાદિકના અદૃષ્ટથી રહી શકે છે, તો દુશ્મનના અદૃષ્ટથી નાશ પણ કેમ પામતું નથી?

(૧૫) આવરણ સહિત અનંત શક્તિ કહેવા કરતાં કર્મ કહેવું એ જ સુઘટિત છે. કર્મ માનવાથી જગત ઘટે છે અને

વળી અવિરુદ્ધ યુક્તિ પણ ઓળખાણ જ કરે છે.

(૧૬) બુદ્ધિમાં પ્રતિબિંબિત થવું એનું જ નામ જો 'ભોગ' હોય તો તે પ્રતિબિંબ રૂપી છે કે અરૂપી? અરૂપી ચેતનનું અરૂપી આકાશની જેમ પ્રતિબિંબ હોઈ શકે નહિ. દર્પણમાં જે પ્રતિબિંબ પડે છે, તે છાયાના સ્થૂલ સ્કંધો છે. અશરીરીને છાયા હોઈ શકતી નહિ, તેથી તેનું કોઈ જ પ્રતિબિંબ પણ ઘટી શકતું જ નહિ.

(૧૭) ચેતનની ચેતનતા જો બુદ્ધિમાં સંક્રમિત થાય છે, તો ગગનાદિકમાં કેમ થતી નહિ? 'બુદ્ધિ, જ્ઞાન અને ઉપલબ્ધિ એ ભિન્ન વસ્તુ છે' એમ કહેવું શું ખરું છે? જ્ઞાન, પ્રવૃત્તિ અને ઇચ્છાનો આશ્રય જેમ એક જ છે, તેમ બુદ્ધિ, જ્ઞાન અને ઉપલબ્ધિનો આશ્રય પણ એક જ છે. બુદ્ધિ નિત્ય છે કે અનિત્ય? જો નિત્ય છે, તો તે પુરુષ છે. જો અનિત્ય છે, તો વાસના ક્યાંથી આવી?

વાસનાને પ્રકૃતિ કહેશો તો પણ
બુદ્ધિની સાધના ક્યાંથી થશે?

(૧૮) નર્તકી અનુભવવાળી હોવાથી અવસરને ઓળખી રમે છે અને વિરમે છે, પણ પ્રકૃતિ તો અચેતન છે, તે રમે પણ કેવી રીતે અને વિરમે પણ કેવી રીતે?

પ્રવૃત્તિની દિદૃક્ષાદિ જેમ સર્ગ છે, તેમ શાંતવાહિતાદિ નિસર્ગ (મુક્તિ) છે. એ સર્ગ અને નિસર્ગનો કાળ કર્તા વિના કેમ ઘટે? કદાપિ ન જ ઘટે.

(10) પ્રવૃત્તિ તે ધર્મ પ્રવૃત્તિ છે. રાગ અને ક્રિયાદિ તેનો રૂપ થાય છે, આત્મા જ્યારે અશુદ્ધ ભાવનો કર્તા બને છે, ત્યારે તે સંસારમાં ભમે છે અને શુદ્ધ ભાવનો કર્તા બને છે ત્યારે તે ભવનો પાર પામે છે.

## (V) નાસ્તિકવાદ: મોક્ષ નહિ

(1) 'મોક્ષમાં સુખ છે' એમ કહેવું એ સાચું નહિ. જ્યાં શરીર નહિ, જ્યાં ઇંદ્રિયો નહિ અને જ્યાં વિષયો પણ નહિ, ત્યાં વળી કેવી રીતે જ સુખ હોય?

(2) 'મોક્ષમાં દુ:ખ નહિ, માટે ઉપાદેય છે' એમ કહેવું ખોટું છે. દુ:ખનો અભાવ તો મૂર્છામાં અને પાષાણ સ્તંભમાં પણ હોય છે, તો તેવા મૂર્છાવાળી કે પાષાણ જેવી અવસ્થા માટે કોણ પંડિત પ્રવૃત્તિ કરે? ન જ કરે.

(3) કાળ અનંત વહ્યો છે અને જો મોક્ષમાર્ગ ચાલુ હોય, તો આજ પહેલાં સંસારનો વિલય કેમ ન થાય?

(4) જીવ વ્યાપક છે, તો વ્યાપકને મુક્તિસ્થાન વળી જુદું કેવી રીતે હોય કે જ્યાં કેવળ સુખ-સંપત્તિ જ

હોય અને દુઃખની તો અંશમાત્ર પણ ન હોય?

(૪) અનંત જીવો એક જ સ્થાને કેવી રીતે રહી શકે?

(૫) પહેલાં ભવ કે પહેલાં મોક્ષ? મુક્તિમાં પહેલાં કોઈ પણ ન હોય, તો પહેલો પ્રારંભ કેવી રીતે થશે?

(૭) જ્યાં ગીત નહિ, જ્યાં નૃત્ય નહિ, હાવભાવ-વિલાસ કે શૃંગાર નહિ અને હાસ્ય-કુતૂહલ નહિ, તેવી મુક્તિમાં જવા કરતાં જંગલના શિયાળ થવું શું ખોટું?

પ્રતિવાદ: મોક્ષ છે.

(૧) 'મુક્તિ નહિ' એમ કહેનાર ભવાભિનંદી છે અથવા અભવ્ય છે અથવા ગુરુશૂન્ય જડ પ્રકૃતિ છે. જે કોઈ આત્માઓને મુક્તિની કામના નહિ, તેઓને શાસ્ત્રોમાં દુષ્ટબુદ્ધિવાળા અને બહુલ સંસારી આત્મા કહ્યા છે.

(૨) શરીર-ઇંદ્રિય અને વિષયથી થનારાં સુખ એ સુખ નહિ પણ દુઃખનાં મૂળ છે, વ્યાધિનો પ્રતિકૂળ પ્રતિકાર છે. સાચું સુખ તે છે કે જેમાં ઇંદ્રિયોની વૃત્તિ નહિ. એવું (ઉદાર ઉપશમજનિત) સુખ તો ફક્ત મહાત્મા પુરુષોને જ અનુભવસિદ્ધ હોય છે.

(૩) ઉપશમ સુખની ઇચ્છા કરી કે મુક્તિસુખની ઇચ્છા કરી તે એક જ છે. એ સુખની ઇચ્છા અને કામના

વિના તેને માટે પ્રયાસ કરતો નથી. મુક્તિ મેળવવાના
પ્રયાસના પ્રારંભ કે અંતમાં આત્મા સિવાય પરપદાર્થની
કથા જ નથી. ચંદ્રની ચંદ્રિકાની જેમ મુક્તિસુખ એ
આત્માનું સ્વાભાવિક અને શાશ્વત સુખધામ છે.

(૪) પ્રશમસુખની તરતમતા દેખાય છે, તો તેનો પ્રકર્ષ
પણ માનવો જોઈએ. એનું જ નામ 'શિવસુખ' છે.

(૫) દોષ અને આવરણોની હાનિ દેખાય છે, તેનો નિઃશેષ
નાશ પણ માનવો જોઈએ. તેનું જ નામ 'પરમપદ' છે.

(૬) જ્યાં સૂક્ષ્મ શરીર અને મન છે, ત્યાં સૂક્ષ્મ જ દુઃખ
રૂપી પવન છે. શરીર અને મનના નાશની સાથે
આધિ અને વ્યાધિ સ્વરૂપ દુઃખનો પણ નાશ છે.

(૭) સર્વ શત્રુઓનો ક્ષય, સર્વ વ્યાધિઓનો લય, સર્વ
પદાર્થોનો સંયોગ અને સર્વ ઇચ્છાઓની પૂર્તિથી
જે સુખનો લાભ થાય છે, તેનાથી ય અનંતગણું
સુખ મુક્તિધામ એવા મોક્ષના સ્થાનમાં રહેલું છે.

(૮) જીવરાશિ અનંતાનંત છે, તેથી અનંતા જીવો સિદ્ધ
થવા છતાં ભવ અક્ષત રહે છે. જીવને પરિમિત માને
તો જ ભવ ખાલી થાય અથવા મુક્તને જન્મ લેવો
પડે. 'જે સિદ્ધો થયા અને થશે, તે નિગોદનો જ

એક અંશ છે; અધિક કહેનાર જૈન શાસનને સંસારના
વિલયની આપત્તિ છે જ ક્યાં? સમુદ્રનું એક બિંદુ
જવાથી મસમોટા રત્નાકર કે સમુદ્રને શી હાનિ છે?
(૯)ફક્ત જીવને મોક્ષ સિદ્ધિ નથી, તેમ ભવ પણ
ઘટતો નથી અને બંધ-મોક્ષ પણ ઘટતો નથી. શરીર
પ્રમાણ આત્મામાં જ બધું ઘટે છે. ચૌદમા ગુણસ્થાનકે
યોગનો નિરોધ કરી, ત્રીજા ભાગહીન અવગાહના કરી,
પછી જીવ સિદ્ધશિલાની ઉપર જઈને વસે છે અને
તેથી ધર્માસ્તિકાય વિના જીવ આગળ જતો નથી.
(૧૦)જ્યાં એક સિદ્ધ, ત્યાં અનંતા સિદ્ધ દૂધમાં સાકરની
જેમ ભળી જાય છે. રૂપીને રૂપીમાં ભળતા સંકડાશ
રહે, પણ અરૂપીને તો તે સંકડાશ કેવી રીતે રહે?
(૧૧)જેમ કાળ અનાદિ છે, તેમ સિદ્ધો પણ અનાદિ છે.
અનાદિ ભાવમાં પૂર્વાપરનો વિવાદ હોઈ શકે નહિ.
શાશ્વત ભાવમાં તો કોઈ પ્રશ્નને જ અવકાશ નથી.
(૧૨)જેને મોક્ષતત્ત્વની સદ્દહણા થાય તેનું જ મન ધર્મમાં
સ્થિર રહે. જૈન શાસ્ત્રોમાં મુક્તિની ઇચ્છાને જ
મોટો યોગ માન્યો છે અને મુક્તિની ઇચ્છાવાળાને
જ અમૃતક્રિયાનો સંયોગ થયેલો માનેલો છે.

(VI) નાસ્તિકવાદ: મોક્ષનો ઉપાય નથી

(૧) મોક્ષ છે પણ તે જ્યારે સર્જિત હોય ત્યારે જ મળે છે. તે પહેલાં ગમે તેટલા ઉપાય કરો તો પણ ન મળી શકે.

(૨) 'દર્શન-જ્ઞાન-ચારિત્રથી મોક્ષ મળે' એમ જો કહો તો દર્શન-જ્ઞાન-ચારિત્ર શેનાથી મળે? ગુરુ વિના જેમ ગુરુ મળે, તેમ ગુરુ વિના મોક્ષ કેમ ન મળે અથવા તો આત્મામાં આવેલા ગુણો ચાલ્યા કેમ ન જાય?

(૩) મરુદેવા ચારિત્ર વિના મોક્ષ પામ્યા કે નહિ? ભરત રાજાએ આરિસાભુવનમાં કેવળજ્ઞાન લીધું કે નહિ? કેટલાક થોડા અને કેટલાક ઘણું કષ્ટ કરે મોક્ષ પામે છે, તેમાં કારણ રૂપે 'જેને જ્યાં ભવિતવ્યતા' એમ છે.

(૪) નિયતિ વિના કાંઈ સિદ્ધ થતું નથી. તે પહેલાં જે કષ્ટ સહેવામાં આવે છે તેને અશુભ કર્મનો ઉદય સમજવો.

(૫) જ્ઞાનીએ જોયેલા ભવોમાં કોઈ પણ વૃદ્ધિ-હાનિ થઈ શકતી નથી. ફોગટ કાયાકષ્ટ શા માટે કરો છો? ક્રિયા દેખાડીને લોકરંજન શા માટે કરો છો?

પ્રતિવાદ: મોક્ષનો ઉપાય છે.

(૧) મોક્ષના કારણોની જેઓ અવગણના કરે છે, તેઓ કામભોગજનિત સુખોમાં લંપટ છે. 'ગાંઠે છે અને

કારણ નહિ' એમ કહેવું એ શું મોટું કલંક નહિ?
(૨) જો અર્પિત પુદ્ગલ જડ઼ું થાય છે, તો પોતાના દુશ્મન ઉપર રોષ, મિત્ર ઉપર તોષ, સ્ત્રી ઉપર પ્રેમ અને વેલિયાની ઉપર આપણને રીસ શા માટે થાય?
(૩) અન્નું અને દીઠું જ થાય છે, તો ઘડો બનાવવા માટે દંડ શા માટે લઈએ છીએ - રસોઈ માટે અગ્નિ શા માટે પેટાવીએ છીએ? અન્નું હશે તો તૃપ્તિ થશે, એમ માનીને ભોજન માટે ધસમસવાનું શા માટે છોડી દેતા નહિ? પાપમાં ઉદ્યમને અભાવ કરવો અને ધર્મમાં અન્નું કહેવું, એ શું ન્યાય છે કે અવળી મતિ છે?
(૪) પહેલાં ગુણની પ્રાપ્તિ જો ગુણ વિના થાય છે, તેમાં પામેલા અવસ્થિતિની દશા છે. ઉત્પન્ન થયેલા ગુણ પાછા કેવા રીતે ચાલ્યા જાય? વળી ગુણ વિના મુક્તિની પ્રાપ્તિ રૂપી કાર્ય પણ કેવા રીતે સિદ્ધ થાય?
(૫) દૂધનો પાક જે રીતે થાય છે: એક ઉપાયથી અને બીજો કાળથી (નિસર્ગથી). એ રીતે કર્મનો પાક પણ બે રીતે થવામાં વળી આપણને શું હાનિ છે?
(૬) અથવા પ્રકૃતિના મૃદુતર હોવાથી પહેલાં ગુણની પ્રાપ્તિ ગુણ વિના સહેલાઈથી થઈ શકે છે, પણ ઉત્તરોત્તર

રહેલા નથી. તેમાં તો ઘણા કષ્ટ-અરિષ્ટ રહેલાં છે.

(7) મુક્તિનો રાજપંથ નિર્ગ્રન્થતાનું પાલન છે. રાજપંથ છોડીને અન્ય પંથે જનાર કોઈ ઉગરતો નથી અને જો કદાચ કોઈ ઉગરે, તો પણ તેને જોઈ રાજપંથ ન છોડાય.

(8) તીર્થ-સિદ્ધાદિક ભેદો છે, એનું કારણ નિયતિ છે, પણ તેથી ક્રિયાનો ઉચ્છેદ સિદ્ધ થતો નથી. જ્ઞાનપૂર્વક જે કષ્ટો સહન થાય છે, તેને 'તપ' કહેવાય છે. તેને કોઈ કાળે ય અશુભ કર્મનો ઉદય મનાય જ નહિ.

## ઉપસંહાર

(1) નય અને પ્રમાણના આશ્રય વિના સત્યમાર્ગ પામી શકાય નહિ. એક અંશને સંપૂર્ણ સત્ય માનનાર મિથ્યાદૃષ્ટિના મતમાં જેઓ રાચતા નથી, તેઓ જ સાચું સમકિત પામી શકે છે અને સમકિત વિના ગુણવાન બનાતું નથી.

(2) બે લોચન જેના વિકસ્વર હોય, તે જ સંપૂર્ણ હાથીને દેખી શકે છે, તેમ સકળનયથી સંમત વસ્તુ વિશેષને સમકિત દૃષ્ટિવાન આત્માઓ જ જોઈ શકે છે.

(3) નિત્ય પક્ષવાળા અનિત્ય પક્ષમાં દૂષણ આપે છે અને અનિત્ય પક્ષવાળા નિત્ય પક્ષમાં દૂષણ આપે છે. પરસ્પર લડનારા બે હાથીઓ જેમ પોતાના દાંતને

જ ભાંગનારા થાય છે, તેમ નયવાદીઓ પરસ્પરનો ઘાત કરીને વિનાશ પામે છે. સ્યાદ્વાદનો સાધક તે વિનાશને દેખીને તેવા કોઈ કલહમાં પડતો જ નથી.

(૩) કેવળ વચનને જ વળગી રહેવું તે શ્રુતજ્ઞાન છે. નયવિચારથી ચિન્તવના કરવી એ ચિન્તાજ્ઞાન અને 'ચારીસંજીવનીચાર' ન્યાયથી બાબતોને મગજમાં ઉતારવા તેનું નામ ભાવનાજ્ઞાન કહેવાય છે.

(૪) વિષયપ્રતિભાસજ્ઞાન અને શ્રુતજ્ઞાન,
આત્મપરિણતિમત્ અને ચિન્તાજ્ઞાન,
તત્ત્વસંવેદન અને ઐદંપર્ય-ભાવનાજ્ઞાન.

(૫) જેઓ કેવળ ચરણ-કરણમાં રક્ત છે, તેઓ સ્વ-સમયને જાણતા નથી અને સ્વપર સમયનો વિવેક કરી આત્મતત્ત્વને કદી પામતા નથી. ચરણ-કરણનો સાર પામવા માટે સ્વપર દર્શનનો અભ્યાસ દૃઢ ચિત્તે કરવો જોઈએ એમ સન્મતિતર્ક ગ્રન્થમાં કહ્યું છે.

(૬) 'જિનશાસન રૂપી રત્નાકરમાંથી લઘુ કપર્દિકા સમાન આ પદાર્થ ભલે પોતાની શક્તિને અનુસારે ઉદ્ધર્યો છે, તો પણ આ કપર્દિકાની તોલે ચિન્તામણિ સરખા રત્ન પણ આવી શકે તેમ નથી' એમ શ્રી નયવિજયબુધના સેવક વાચક જશ કહે છે.

## ધર્મ પામવાના ઉપાયો

'હું ધર્મ પામ્યો નથી, હું ધર્મ કેમ પામીશ?'
એ આદિ ખેદ નહીં કરતાં,
વીતરાગ પુરુષોનો ધર્મ,
જે દેહાદિ સંબંધીથી હર્ષ-વિષાદ વૃત્તિ દૂર કરી,
'આત્મા અસંગ, શુદ્ધ, ચૈતન્ય સ્વરૂપ છે,'
એવી વૃત્તિનો નિશ્ચય અને આશ્રય ગ્રહણ કરી
તે જ વૃત્તિનું બળ રાખવું અને મંદવૃત્તિ થાય
ત્યાં વીતરાગ પુરુષોની દશાનું સ્મરણ કરવું,
તે અદ્ભુત ચરિત્ર ઉપર દૃષ્ટિ પ્રેરીને
વૃત્તિને અપ્રમત્ત કરવી,
એ સુગમ અને સર્વોત્કૃષ્ટ
ઉપકારકારક તથા કલ્યાણસ્વરૂપ ઉપાયો છે.

## આત્મા અને હિંસા-અહિંસાનો સ્વરૂપ વિચાર

(1) આત્માને એકાંત નિત્ય માનવાથી
આત્માના સ્વરૂપમાં પૂર્વ સ્વરૂપથી તીલતુષ
ત્રિભાગમાત્ર પણ ફેરફાર થઈ શકતો નથી.

(2) આત્માને એકાંત અનિત્ય માનવાથી
પોતાની મેળે જ નાશ પામી રહ્યો છે,
ત્યાં બીજાથી હિંસા થવાનો અવકાશ જ નથી.

(3) આત્માને શરીરથી એકાંત અને ભિન્ન માનવાથી
દેહનાશમાં આત્મનાશ ઘટતો નથી અને
દેહના ફાયદામાં પણ સંભવતો નથી.

(4) આત્માને શરીરથી એકાંત અભિન્ન માનવામાં મરણ
જ ઘટતું નથી, કારણકે મરણ વખતે શરીર કાયમ રહે છે.
પ્રાણવાયુ અને જઠરાગ્નિના અભાવે
જો મરણ માનવામાં આવે
તો મરણ બાદ પરલોક ઘટતો નથી અને
પરલોક તો બધા શિષ્ટ પુરુષોએ માન્ય રાખેલ છે.
પરલોકનું પ્રમાણ: તે દિવસે જન્મેલા બાળકને સ્તનપાનનો
અભિલાષ છે. અભિલાષ અન્ય અભિલાષપૂર્વક જ છે.
યૌવનકાળનો અભિલાષ જેમ બાલ્યકાળના અભિલાષપૂર્વક
હોય છે, તેમ તે દિવસે જન્મેલા બાળકનો આંખ ખોલીને માતા
સ્તનને જોતાની સાથે સ્તનપાન કરવાનો અભિલાષ પણ
પૂર્વના અભિલાષપૂર્વકનો માનવો જોઈએ અને
તે અભિલાષ નિયમા ભવાન્તરભાવિ જ સિદ્ધ થાય છે.
સાંખ્યની જેમ આત્માને શરીરથી
એકાંતભિન્ન માનવામાં શરીર વડે થયેલાં
સારાં-નરસાં કર્મનો ભોગ આત્માને કેમ ઘટી શકે?

અને આત્મા વડે થયેલાં સારાં-નરસાં અનુષ્ઠાનોનું ફળ
શરીરને કેવી રીતે ઘટી શકે?

વ્યવહારમાં શરીર વડે કરેલાં કાર્યોનો અનુભવ આત્મા વડે તથા આત્મા વડે કરેલાં કાર્યોનો અનુભવ શરીર વડે કરવો પડે છે, તો તેનો અપલાપ કેવી રીતે કરવો? જેમ ચોરી, પરદારાગમનાદિ અકાર્યો થાય છે શરીરથી અને તેનું દુઃખ ચીરકાળ સુધી ભોગવવું પડે છે આત્માને, તે જ પ્રકારે મનઃક્ષોભ અને ચિન્તાદિ થાય છે મનથી અને તેનું પરિણામ જ્વરાદિ વડે ભોગવવું પડે છે શરીરથી.

એ વાત તો જ ઘટે કે જો શરીર અને આત્મા
નિશ્ચયથી ભિન્ન પણ હોય અને
વ્યવહારથી અભિન્ન પણ હોય.

નિશ્ચયથી એટલે પોતપોતાના લક્ષણસ્વરૂપ. વ્યવહારથી એટલે એક જ સ્થાને અવસ્થાન તથા અનાદિકાલીન સંબંધથી.

0 કેટલાકને દ્રવ્ય-ભાવ ઉભય પ્રકારે અંગારમર્દક આચાર્યની જેમ, કેટલાકને માત્ર દ્રવ્યથી ભાવસાધુની જેમ, કેટલાકને માત્ર ભાવથી તંદુલમત્સ્યની જેમ હિંસા થાય છે, જ્યારે કેટલાકને સિદ્ધના જીવોની જેમ નીચે મુજબ દ્રવ્ય-ભાવ ઉભયથી હિંસા થતી નથી:

(૧) અપ્રત્યાગરૂપ દ્રવ્યહિંસા નહિ કરવા છતાં નરકાદિ દુર્ગતિના ભાજન થવાય છે, તેમાં તંદુલમત્સ્યનું ઉદાહરણ પ્રસિદ્ધ છે. મોટા મત્સ્યના મુખમાંથી જતાં અને નિકળતાં એવા નાના મત્સ્યોને જોઈને પોતાના મનની અંદર વિચાર કરે છે કે 'જો હું આવડા મોટી કાયાવાળો થાઉં તો સર્વને ખાઈ જાઉં.' એ વિચારણાથી ઉત્પન્ન થયેલ રૌદ્ર ધ્યાન અને કઠોર હૃદય ભાવહિંસા કરાવીને નરક ફળને આપનાર થાય છે. તંદુલમત્સ્ય ગર્ભજ મનુષ્યની જેમ નવ માસના ગર્ભમાં વસીને જન્મ પામ્યા બાદ અંતર્મુહૂર્તનું આયુષ્ય પાળીને નરકમાં જાય છે એવો વૃદ્ધ સંપ્રદાય છે.

(૨) એક દ્રવ્યહિંસા કરે છે, તો પણ નરકાદિ દુર્ગતિનો ભાજન બનતો નથી. બારમા ગુણઠાણે રહેલા મહામુનિની જેમ તેવા પ્રકારના દુષ્ટ અધ્યવસાય વિના જ સુકુમાર હૃદય હોવાથી ક્વચિત્ પ્રાણાતિપાત રૂપ દ્રવ્યહિંસા થાય છે, તો પણ તેવા પ્રકારનો તીવ્ર પાપબંધ થતો નથી. માર્ગમાં ગમનાગમન કરતા પગ મૂકતી વેળા તે ક્ષેત્રમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના સંબંધથી અવશ્ય રહેલા જણે, નિકાચિત કર્મવાળા પંચેન્દ્રિય પર્યન્તના જીવોનો વિનાશ થવાનો સંભવ છે અથવા આંખની પાંપણ અને તનનાં વાયુના

સંયમવંતથી વાયુકાય જીવોની હિંસા થાય છે, તો પણ તેથી
દુર્ગતિ થતી નથી. પહેલાં સમયે બંધાય છે, બીજા સમયે
વેદાય છે અને ત્રીજા સમયે આ કર્મ નિર્જરી જાય છે.

(૩) કોઈને અલ્પ હિંસા પણ
તેના વિપાક કાળે અનલ્પ ફળને આપે છે.
જેમ જમાલીએ પ્રાણાદિ ત્યાગરૂપ હિંસા અલ્પ કરેલી છે,
તો પણ અભિનિવેશને વશ સૂત્ર વિરૂદ્ધ પ્રરૂપણા કરવાથી
બહુ સંસાર ભ્રમણ રૂપ કર્મને ઉપાર્જન કર્યું હતું.

(૪) કોઈની મહાહિંસા પણ પરિણામે
અલ્પફળને આપનારી થાય છે, દૃઢ પ્રહારીની જેમ.
દૃઢ પ્રહારીએ કઠોર હૃદયથી બહુ હિંસા કરી હતી,
તો પણ પાછળથી તેવા દુષ્ટ અધ્યવસાયો નહિ રહેવાથી
લોકનિન્દા રૂપ સ્વલ્પ ફળ ભોગવવું પડ્યું હતું.

(૫) જીવની હિંસા થવા માત્રથી નરકાદિક દુર્ગતિનો હેતુ
થાય છે એવો એકાંત નથી. રોગની સમ્યગ્ પ્રકારે
પ્રતિક્રિયા કરતી વખતે રોગીનું મરણ થાય, તો પણ
વૈદ્યને કર્મબંધ થતો નથી. કર્મબંધ માટે પ્રમાદજનિત
દુષ્ટ અધ્યવસાયથી ઉત્પન્ન થયેલ કઠોર હૃદયપૂર્વક
થતી પીડાની અપેક્ષા છે. તેવા અધ્યવસાયવાળો રજ્જુને પણ

જો સર્વબુદ્ધિ રહિત છે અથવા ખોળના પીંડાને બાળક
માનીને અગ્નિમાં પકાવે છે અથવા એક કાંટાના પણ
અતિ પ્રદ્વેષથી જો કટકા કરે છે તો તે આત્માને અવશ્ય
રીતે તીવ્ર, તીવ્રતર અને તીવ્રતમ કર્મબંધ થાય છે.

(૬) ધનવંતરી વૈદ્ય અને વૈતરણી વૈદ્યની જેમ તથા
જો રાજાઓના સહાયક સુભટોની જેમ
એક જ પ્રકારની હિંસા એકને તીવ્ર કર્મબંધ કરાવે છે,
જ્યારે બીજાને મંદ કર્મનો બંધ કરાવે છે.
પરિણામની વિચિત્રતાથી કોઈ સુભટ નરકગતિમાં જાય છે,
કોઈ તિર્યંચગતિમાં જાય છે અને કોઈ દેવગતિમાં
પણ જાય છે, એવી રીતે વૈદ્ય માટે પણ સમજી લેવું.

(૭) છ ખંડ સાધવાની ઈચ્છાવાળા અને ગુફાના અધિષ્ઠાયક
દેવ વડે સર્વનાશ કરાયેલા કોણિક મહારાજાની જેમ એક
હિંસા, હિંસા કર્યા પહેલાં જ દુર્ગતિનું ફળ આપે છે.

(૮) જેમ સુંદ અને ઉપસુંદ બંને પરસ્પર યુદ્ધ કરવાથી
નાશ પામ્યા, તેમ એક હિંસા એવા પ્રકારની છે, જે
હિંસા કરતી વખતે તે આત્માને તુરંત જ ફળ આપે છે.

(૯) જેમ કોઈએ ખૂન કર્યું, તેનો બદલો મરનારના
પુત્ર-પુત્રાદિક કાળાંતરે વાળે છે, તેમ
એક હિંસા અન્યકાળે કરાયેલી, અન્યકાળે ફળ આપે છે.

(૧૦)એક હિંસા આરંભેલી હોય પણ પુરી ન થયેલી હોય
છતાં પણ તે ફળ આપે છે, જેમકે ભગવાન મહાવીરને
મારવા માટે દુષ્ટ અધ્યવસાયથી દોડનાર લોહકારનો તત્કાળ
નાશ થયો અને પરભવે પણ એ નરકનો ભોક્તા બન્યો.

(૧૧) પાપી પાલકની જેમ હિંસા એક કરે, અને
એનું ફળ પરિવારમાં ઘણાને ભોગવવું પડે છે.

(૧૨) હિંસા ઘણા કરે છે અને
ફળ એકને ભોગવવું પડે છે.

પ્રજાએ કરેલું પાપ રાજાએ, રાજાએ કરેલું પાપ પુરોહિતે,
સ્ત્રીએ કરેલું પાપ પતિએ અને
શિષ્યે કરેલું પાપ ગુરુએ ભોગવવું પડે છે.

(૧૩)કોઈને એક હિંસા એક ફળને આપે છે. એક હિંસા
એટલે એકવાર કરેલી હિંસા. જેમ ભગવાન મહાવીરના
જીવે વાસુદેવના ભવમાં શય્યાપાલકના કાનમાં રેડાવેલું ગરમ
ધગધગતું સીસું પ્રભુના છેલ્લા ભવમાં ઉદયમાં આવ્યું
અને કાનમાં ખીલા ઠોકાવાની પીડા થઈ.

(૧૪)કોઈને એકવાર કરેલી હિંસા અનેકવાર એટલે કે
દશ વાર, સો વાર, હજાર વાર, લાખ વાર, ક્રોડો વાર અથવા
ક્રોડાક્રોડ વાર પણ તેનો દુષ્ટ વિપાક આપનારી થાય છે.

જેમ ભગવાન મહાવીરના ભવે એકવાર કરેલું ઉત્સૂત્ર ભાષણ અને મરીચિભવે કરેલો ગોત્રમદ, તેમ બાંધેલું કર્મ અનેક ભવોમાં અનેકાનેક વાર ભોગવવું પડ્યું.

(૧૪)સુમંગલમુનિ, વિષ્ણુકુમાર અને કાલિકાચાર્યની જેમ કોઈને ઘોર હિંસા પણ જેનું હૃદય સુકુમાર હોય તો અહિંસાનું ફળ આપે છે. અરિહંતના સંઘ પ્રત્યે પ્રત્યનિકતાનું આચરણ કરનારનું નિવારણ કરવા દ્વારા એ સમ્યગ્દર્શનની વિશુદ્ધિ નિર્મળતા અને કર્મની મહાનિર્જરારૂપ અહિંસાનાં ફળને આપનાર બને છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે:

'સૂત્રવિધિ મુજબ આત્મવિશુદ્ધિ માટે
યતનાપૂર્વક જે વિરાધના થાય છે
તે નિર્જરાના ફળને આપનારી થાય છે.'

(૧૫)અહિંસા પણ હિંસાનું ફળ આપે છે. અહિંસા એટલે દયા. તે બે પ્રકારની છે: છતી શક્તિએ દુઃખનો પ્રતિકાર કરવો તે 'દ્રવ્યદયા' અને હૃદય આર્દ્ર રાખવું તે 'ભાવદયા'. તે બંને પ્રકારની દયા જો અભિનિવેશ કે અભિષ્વંગ સહિત થાય તો તે દયા પણ હિંસાના ફળને આપે છે.

અભિષ્વંગ એટલે રાગ અથવા મમત્વ.

(૧૭) હિંસા પણ અહિંસાનાં ફળને આપે છે.

સમતાપૂર્વક અને મમતાના ત્યાગપૂર્વક
નિરભિષ્વંગ અનુષ્ઠાનવાળાની યતના અને
ઉપયોગપૂર્વક વર્તન કરવા છતાં હિંસા થઈ જાય તો તે
૧૧, ૧૨ અને ૧૩મે ગુણઠાણે રહેલા મહામુનિવરોની
જેમ અહિંસાના ફળને આપે છે.

## ઉપસંહાર

એ રીતે અતિદુષ્કર વિવિધ ભંગ વડે કરીને
ગહન વન સમાન, હિંસા-અહિંસાના સ્વરૂપનાં વિચારમાં
મૂઢ બનેલા અને માર્ગ ચૂકેલા
અજ્ઞાન આત્માઓનું ગુરૂઓ જ શરણ છે.
તે સિવાય બીજું કોઈ શરણ નથી.

<u>ગુરૂઓ પણ કેવા હોવા જોઈએ?</u>

માર્ગામાર્ગને જાણનારા ને નયચક્રના સંચાલનને સમજનારા.
એવા પ્રકારના ગુરૂઓ સિવાય
માર્ગમૂઢ દૃષ્ટિવાળા જીવોને વિવિધ ભંગોથી ગહન અને
અતિદુષ્કર એવા દ્રવ્યભાવ આદિ ભેદોવાળા
અહિંસા અને હિંસાના સ્વરૂપના
વિચારનો પાર પામી શકવો શક્ય નથી.

## અહિંસાનું સ્વરૂપ - નાનાબિન્દુ (ઉપા૦ યશોવિજયજી)

(1) અહિંસાધર્મની પ્રતિજ્ઞા આત્મૌપમ્યની દૃષ્ટિબિંદુથી થઈ છે.

(a) અહિંસા સિદ્ધાંતની ઉત્પત્તિ:

દુઃખ અને મરણનું કારણ હોવાથી હિંસા માત્ર વર્જ્ય છે.

(b) અહિંસાનું વિશ્લેષણ: પ્રાણનાશ અને દુઃખ દેવું એ હિંસા છે, તો પણ હિંસા કરવાથી દોષ લાગે છે તેનો આધાર માત્ર પ્રમાદ અર્થાત્ રાગદ્વેષાદિ જ છે.

(c) અહિંસાનો કોટિક્રમ: જેની હિંસા થાય તે વધ્ય જીવોનું કદ, સંખ્યા કે ઇંદ્રિયાદિની સંપત્તિના તારતમ્ય ઉપર હિંસાના દોષનું તારતમ્ય નથી, પરન્તુ હિંસાના પરિણામ અર્થાત્ વૃત્તિની તીવ્રતા-મંદતા, સજ્ઞાનતા-અજ્ઞાનતા, બલપ્રયોગની ન્યૂનતા-અધિકતાદિ ઉપર અવલંબિત છે.

(2) જૈન અહિંસાની વિશેષતા

(a) નવકોટિક અહિંસા: મન-વચન-કાયાથી કૃતકારિત અનુમોદિત હિંસાનો ત્યાગ અર્થાત્ પૂર્ણ અહિંસાનો વિચાર.

(b) અનેકવિધ ધાર્મિક હિંસાનો પ્રબલ વિરોધ.

(c) અન્ય શ્રમણો કરતાં જૈન શ્રમણનું ત્યાગી જીવન વિધિ નિયંત્રિત, પ્રાસુક, એષણીય, અનુદ્દિષ્ટ, અકૃતકારિતાનુમત, હનન-પચન-ક્રયણાદિથી રહિત હોય છે.

(3) અહિંસાનું શુદ્ધ સ્વરૂપ

સ્થૂલ સજીવ હોય યા નિર્જીવ,
જીવ ઘાતક બનતો હોય કે અઘાતક,
એટલા માત્રથી હિંસા-અહિંસાનો નિર્ણય નથી, વસ્તુતઃ પ્રમાદ, અયતના, અસંયમમાં જ હિંસા છે, પછી ભલે કોઈ જીવનો ઘાત ન પણ થતો હોય. જો અપ્રમાદ અથવા યતના (સંયમ) સુરક્ષિત હોય, તો જીવ ઘાત દેખાતો હોવા છતાં વસ્તુતઃ તે અહિંસા જ છે.

(4) અહિંસા સંબંધી બધા અપવાદોનો આત્મા નીચેના બે તત્ત્વોમાં આવી જાય છે:

(a) ગીતાર્થત્વ અર્થાત્ પરિણત શાસ્ત્રજ્ઞાન, જે જીવનના અનુભવથી પરિપક્વ થયું હોય.

(b) કૃતયોગિત્વ અર્થાત્ ચિત્તસામ્ય યા સ્થિતપ્રજ્ઞતા.

(5) જૈન અને વૈદિક અહિંસાની તુલના:

(a) જૈન : સવ્વેપાણા ન હંતવ્વા। સર્વ પ્રાણી ન હણવા જોઈએ.
વૈદિક : મા હિંસ્યાત્ સર્વભૂતાનિ। સર્વ જીવોને ન હણો.

(b) જૈન : સાધુ જીવનની અશક્યતાનો પ્રશ્ન.
વૈદિક : ચારે આશ્રમના સર્વ પ્રકારના અધિકારીઓના જીવનની તથા તત્સંબંધી કર્તવ્યની અશક્યતાનો પ્રશ્ન.

(c) જૈન : શાસ્ત્રવિહિત પ્રવૃત્તિમાં હિંસાદોષનો અભાવ નિષિદ્ધાચરણ જ હિંસા.

વૈદિક : શાસ્ત્રવિહિત પ્રવૃત્તિમાં હિંસાદોષનો અભાવ નિષિદ્ધાચરણ જ હિંસા.

(d) જૈન : છેવટનો અહિંસાનો મર્મ જિનાજ્ઞા અર્થાત્ જૈન શાસ્ત્રના યથાવત્ અનુસરણમાં જ છે.

વૈદિક : અહિંસાનું તાત્પર્ય વેદ અને સ્મૃતિઓની આજ્ઞાના પાલનમાં છે.

(e) જૈન : જૈન વિચારસરણી સાધુ અથવા પૂર્ણ ત્યાગીના જીવનને લક્ષ્યમાં રાખીને પ્રતિષ્ઠિત થઈ છે.

વૈદિક : મીમાંસક અને સ્માર્તોની અહિંસા સંબંધી વિચારસરણી ગૃહસ્થ અને ત્યાગી બંને દરેકના જીવનને કેન્દ્રસ્થાનમાં રાખી પ્રચલિત થઈ છે.

જૈન શાસ્ત્રોમાં અહિંસા ખાસ કરીને શ્રમણ જીવનના વિધિનિષેધનું પ્રતિપાદન કરે છે. વૈદિક શાસ્ત્રોમાં અહિંસા વૈયક્તિક, કૌટુમ્બિક અને સામાજિક, ધાર્મિક, રાજકીય વિગેરે સર્વ કર્તવ્યોનું - વિધિનિષેધનું પ્રતિપાદન કરે છે.

મીમાંસકોએ વેદ વિહિત હિંસાને છોડી દઈ બાકીની હિંસામાં અનિષ્ટ ફળનું કારણત્વ માન્યું છે.

જૈનોએ મંદિર નિર્માણાદિમાં થતી સ્વરૂપ હિંસાને અલગ રાખીને હેતુ અને પરિણામ સરલ અનુબંધ પ્રકારની હિંસામાં જ અનિષ્ટ-જનકત્વ સ્વીકાર્યું છે.

## નિક્ષેપ નિરૂપણ

(૧) અખંડ તથા અનિર્વચનીય વસ્તુને વ્યવહારમાં લાવવા માટે એમાં ભેદની કલ્પના કરવી તેને 'નિક્ષેપ' કહે છે.

(૨) વ્યવહાર શબ્દ, અર્થ અને જ્ઞાન વડે થાય છે.

(a) શબ્દ વ્યવહારનાં નિર્વાહને માટે નામનિક્ષેપની આવશ્યકતા છે.

(b) અર્થાત્મક વ્યવહારને માટે દ્રવ્ય અને ભાવનિક્ષેપની જરૂર છે.

(c) જ્ઞાનાત્મક વ્યવહારને માટે સ્થાપના નિક્ષેપની જરૂર છે.

(૩) જાતિ, ગુણ, ક્રિયા, દ્રવ્યાદિ નિમિત્તોની અપેક્ષા વિના ઇચ્છાનુસાર સંજ્ઞા રાખવી તેનું નામ 'નિક્ષેપ' છે.

(૪) જેનું નામ થઈ ચૂક્યું છે, તેવી વસ્તુની આકારવાળી પ્રતિમા અથવા ચિત્રમાં સ્થાપના કરવી તે સદ્ભાવ કે તદાકાર સ્થાપના છે. ભિન્ન આકારવાળી વસ્તુમાં સ્થાપના કરવી તે અસદ્ભાવ કે અતદાકાર સ્થાપના છે, જેમ કે શતરંજના ઘોડા કે પત્તાના ગુલામાદિ.

(૪) ભવિષ્યમાં રાજપદવીની યોગ્યતાના કારણે
કે ભૂતકાળમાં રાજપદવીનું નિમિત્ત લઈને
કોઈને રાજા કહેવો તે 'દ્રવ્યનિક્ષેપ' છે.

(૫) તત્પદવી પ્રાપ્ત વસ્તુમાં
તદ્વ્યવહારને 'ભાવનિક્ષેપ' કહે છે.

(૭) અપ્રસ્તુત અર્થનું નિરાકરણ અને
પ્રસ્તુત અર્થનું પ્રરૂપણ કરવા માટે નિક્ષેપની જરૂર છે.

(૮) અવ્યુત્પન્ન શ્રોતાની અપેક્ષાએ અપ્રસ્તુત નિરાકરણ
અને વ્યુત્પન્નની અપેક્ષાએ અપ્રસ્તુત અર્થનું પ્રરૂપણ
કરવું જરૂરી છે. નિક્ષેપથી વ્યુત્પન્નનો પણ પ્રસ્તુત
અર્થ વિષયક સંશય યા વિપર્યય નાશ પામે છે.

## ધ્યાન શતક

### ધ્યાન મહાત્મ્ય - ફલ વર્ણનમ્

ધ્યાનરૂપી જલથી જીવરૂપી વસ્ત્ર શુદ્ધ થાય છે.
ધ્યાનરૂપી અનલથી જીવરૂપી લોઢું શુદ્ધ થાય છે.
ધ્યાનરૂપી સૂર્યથી જીવરૂપી પૃથ્વી શુદ્ધ થાય છે.
જલથી મલ, અનલથી કલંક અને
સૂર્યથી પંક જેમ શોષાઈ જાય છે,
તેમ ધ્યાનથી કર્મ પણ શોષાઈ જાય છે.

ધ્યાનજલ કર્મરૂપી ભૂમિને ભેદે છે.
ધ્યાનાનલ કર્મરૂપી કલંકને તપાવે છે.
ધ્યાનસૂર્ય કર્મરૂપી પંકને શોષવે છે.
ધ્યાનથી કર્મ તપે છે, તપવાથી શોષાય છે,
શોષાવાથી ભેદાય છે.

અભોજન અને વિરેચનથી જેમ રોગાશય શમે છે, રોગના ઉપદ્રવોની ચિકિત્સા થાય છે, તેમ ધ્યાનરૂપી અનશન અને વિરેચનાદિ વડે કર્મરોગની ચિકિત્સા થાય છે.

ધ્યાનની વૃદ્ધિના હેતુભૂત અનશનાદિ તપ
પણ કર્માશયને શમાવનાર છે.

ચિરસંચિત ઇંધન જેમ પવન સહિત અગ્નિના તાપ વડે શીઘ્ર ભસ્મીભૂત થાય છે, તેમ તપ રૂપી પવન સહિત, ધ્યાનરૂપી અનલ વડે અનેક ભવોપાર્જિત અનંત કર્મરૂપી ઇંધન ભસ્મીભૂત થાય છે. કર્મ એ જ દુઃખરૂપી તાપના હેતુભૂત હોવાથી ઇંધન નામની ઉપમાને સાર્થક કરે છે. પવનથી આહત થયેલા ઘણા મેઘો જેમ વિલયને પામે છે, તેમ ધ્યાનરૂપી પવનથી અવધૂત થયેલા કર્મરૂપી ઘનો ક્ષણવારમાં વિનાશને પામે છે. જીવ સ્વભાવને આવરણ કરનાર હોવાથી કર્મને ઘનની ઉપમા બરાબર છે.

ઈર્ષ્યા, વિષાદ, શોક, દૈન્ય, વૈકલ્ય આદિ માનસ તાપથી ધ્યાનોપગત ચિત્ત કદાપિ બાધિત થતું નથી અને ભય, મત્સર, ક્રોધકષાયાદિ માનસિક દુઃખોની પીડા થતી નથી. ધ્યાન સુનિશ્ચલ ચિત્ત કદાપિ શીતોષ્ણ-ક્ષુત્પિપાસાદિ કાયિક પીડાઓથી બાધિત અથવા ચલિત થતું નથી.

સર્વ ગુણોનું સ્થાન, દૃષ્ટાદૃષ્ટ સુખોનું સાધન અને સુપ્રશસ્ત એવું ધ્યાન નિરંતર શ્રદ્ધેય, જ્ઞેય અને ધ્યેય છે.

'એ જ પ્રધાન છે' એવી શ્રદ્ધા સ્વરૂપથી ભાન, ક્રિયાથી ભિન્ન સ્વરૂપનું ભાન, ફળની શ્રદ્ધા અને ક્રિયાથી અસંખ્યગુણ અધિક ફળદાયી ધ્યાનને છોડીને બાકી બધી ક્રિયાઓનો લોપ થશે નહિ? ના, કેમકે સાધુની એવી કોઈપણ ક્રિયા નથી કે જેનાથી ધ્યાન ન થતું હોય. ક્રિયાઓનું આસેવન એ જ તત્ત્વથી ધ્યાન છે. ધ્યાનથી શુભાશ્રવ, પુણ્યાશ્રવ, સંવર, અશુભ કર્મોના નિરોધ, વિનિર્જરા, કર્મક્ષય, અમરસુખાનિ, દેવસુખો, વિપુલાનુબન્ધ, સુકુલ પ્રત્યાગતિ, બોધિલાભ, ભોગસુખ, પ્રવ્રજ્યા, કેવલ, શૈલેશી, અપવર્ગાદિ અનુબન્ધ સુખો મળે. મોક્ષનો પ્રધાન હેતુ સંવર-નિર્જરા, તેનો હેતુ ધ્યાન છે. માટે પરંપરાએ ધ્યાન જ મોક્ષનું અંતરંગ કારણ છે.

જડરૂપ વસ્ત્ર ઉપર રહેલો કર્મરૂપી મલ, જડરૂપ લોઢામાં રહેલું કર્મરૂપી કલંક, જડરૂપ આર્દ્રક્ષિતિમાં રહેલાં કર્મરૂપી પંકને ધોનાર, શોધનાર અને શોષવનાર ધ્યાનરૂપી જલ એ અનલ અને દિવાકર સમાન છે. ચિરસંચિત કર્મેન્ધનને દગ્ધ કરનાર વહ્નિ તથા કર્મરૂપી ઘનની ઘટાઓને વિખેરી નાંખનાર વાયુ ધ્યાન જ છે.

ધ્યાન એ શીતોષ્ણાદિ શારીરિક દુઃખો અને
ઈર્ષ્યા - વિષાદાદિ માનસિક પીડાઓનું
લંઘન - વિરેચન ધ્યાનરૂપી ઔષધ છે.

ધ્યાન એ કર્મરોગોને હટાવવા માટે
વિરેચન, ઔષધ અને વનસ્પતિરૂપ છે.

કર્મપંકને શોષવા સૂર્યકિરણ, પૃથ્વી, જલ, તેજ, વાયુ અને વનસ્પતિની ઉપમાઓ ધ્યાન અવસ્થાને ઘટે છે.

ત્રિભુવનને વિવશ કરનાર મનને
એક આત્માને વિષે સ્થિર કરી યોગી મનરહિત થાય છે. જેમ સર્વ શરીરવ્યાપી રહેલું વિષ, મંત્ર વડે ડંખ દેશની અંદર લાવી પ્રધાનતર મંત્ર અને ઔષધ વડે દૂર કરાય છે, તેમ મનરૂપી વિષને જિનવચનધ્યાનના સામર્થ્યથી પરમાણુદેશની અંદર લાવી અચિન્ત્ય પ્રયત્નથી દૂર કરે છે

અથવા જેમ ઈંધન સમુદાયને ક્રમશઃ દૂર કરવાથી સ્તોક ઈંધનથી અવશેષ રહેલો અગ્નિ આપોઆપ બુઝાઈ જાય છે, તેમ વિષય ઈંધનથી મનહુતાશનને ક્રમશઃ દૂર કરી સર્વદા, નાબૂદ કરાય છે અથવા જેમ તપાવેલા લોઢાના ભાજન ઉપર રહેલું ઉદક બિંદુ અનુક્રમે વિલીન થાય છે,

તેમ અપ્રમાદરૂપી અનલથી તપ્ત જ્ઞાનરૂપી ભાજન ઉપર રહેલું મનરૂપી જલ પણ શોષાઈ જાય છે.

ભવ-મરણના કારણભૂત હોવાથી મન એ વિષરૂપ છે. દુઃખરૂપી દાહના કારણભૂત હોવાથી મન એ અનલ છે.

## દ્રષ્ટા અને દૃશ્ય

તમે શરીર નહિ, પ્રાણ નહિ, ઈંદ્રિયો નહિ, મન-બુદ્ધિ વિગેરે નહિ, એ બાદ કરતાં બાકી જે રહે તે તમારું સ્વરૂપ છે, તે સચ્ચિદાનંદ છે. જ્યારે બધાં દૃશ્યનો બાધ થાય છે, ત્યારે સચ્ચિદાનંદનો અનુભવ થાય છે. દ્રષ્ટા અને દૃશ્ય એ રજ્જુ-સર્પના જેવું છે. જ્યાં સુધી સર્પનો બાધ થતો નહિ, ત્યાં સુધી રજ્જુનું ભાન થતું નહિ. તે જ પ્રમાણે જ્યાં સુધી દૃશ્યનો બાધ થાય નહિ, ત્યાં સુધી સચ્ચિદાનંદનો અનુભવ થતો નહિ. દ્રષ્ટા અને દૃશ્ય ઉપર વિચાર કરતા મનમાં સહજ રીતે અમુક પ્રશ્નો ઉઠે.

## પ્રશ્ન : ૧

### ઈશ્વરનો બોધ ક્યારે થાય?

ઉત્તર : બધા વિચાર, ક્રિયા અને ઈશ્વરનું કારણ મન છે. મન શાંત થશે તો બધું શાંત લાગશે. જ્યારે મન બહાર ભમે છે, ત્યારે જગત દેખાય છે. માટે મનને અંદર વાળી 'હું કોણ છું?' એ પ્રશ્ન પોતે પોતાને પૂછવો.

એ પ્રશ્ન પૂછશો એટલે મન શાંત થવા લાગશે. પોતાના અહંભાવનો આત્મભાવમાં લય કરવો એ જ ખરી ભક્તિ છે અને ત્યારે જ ઈશ્વરનો બોધ થાય છે.

## પ્રશ્ન : ૨

### આપણા મનને સુધારવાનો બીજો કોઈ ઉપાય છે કે નહિ?

ઉત્તર : આત્માની શોધ સિવાય બધા ઉપાય પૂરતા નથી. બધા ઉપાયથી થોડીવાર મન શાંત થાય છે, પણ પાછું કૂદવા માંડે છે અને ચંચળ બને છે. 'તમે કોણ છો?' એ શોધ કરવા માટે જેમજેમ તમે હૃદયમાં ઊંડા ઉતરશો, તેમતેમ મન અને વાસના ક્ષીણ થતાં જ જશે. જ્યારે શંકા ઊઠે, ત્યારે શંકાનો જવાબ મેળવવા પ્રયત્ન ન કરવો પણ એ શંકા કોને થાય છે તેની શોધ કરો. બધા સંકલ્પોને તેના મૂળમાંથી કાઢી નાંખવા એ જ ખરેખરો વૈરાગ્ય છે.

## પ્રશ્ન : ૩

મેં ઘણી આલોચના કરી છે,
પણ 'તપ' શું કહેવાય તેની મને ખબર નથી. તપ શું છે?

ઉત્તર : તમે કહો છો કે 'મેં ઘણી આલોચના કરેલી છે'
તો એમાં 'મેં' શબ્દ ક્યાંથી ઊઠે છે,
તેની બરાબર શોધ કરી શકો તો તે મોટામાં મોટું 'તપ' છે.
જ્યારે આપણે કોઈ મંત્રનો જપ કરીએ છીએ,
ત્યારે એ અવાજ ક્યાંથી નીકળે છે,
ત્યાં જો મનને એકાગ્ર કરી શકીએ તો તે 'તપ' છે.
તમે તમારા મનને પાછું વાળો, તેના મૂળની જ શોધ કરો,
બધા વિચાર ક્યાંથી ઉત્પન્ન થાય છે તેની તપાસ કરો,
તે મૂળ જડશે એ જ આનંદમય, પ્રકાશમય આત્મા છે.

## પ્રશ્ન : ૪

'હું કોણ છું?' તેનો વિચાર જ્યારે હું કરું છું,
ત્યારે અંદરથી કાંઈ જવાબ મળતો નથી, તો શું કરવું?

ઉત્તર : એ માન્યતામાં ભૂલ છે. જો શોધ કરશો, તો
જણાશે કે જે 'હું' શોધ કરવા માંડે છે, તે 'હું' પાછળ
રહેતો નથી. જેમજેમ તમે નામ-રૂપવાળા ખોટા વિચાર
છોડતા જશો, તેમ તેમ તમે ઊંડા ને ઊંડા ઊતરતા જશો.

## પ્રશ્ન : ૯

જો નિર્વિકલ્પ દશામાં આત્મા સિવાય કંઈ રહેતું ન હોય, તો તે દશામાં આનંદ કેમ આવે?

ઉત્તર : તમે એમ સમજો છો કે કોઈ વસ્તુની સાથે સંબંધ થાય તો જ સુખ મળે, પણ એ સાચું નથી. આનંદ એ આત્માનો જ સ્વભાવ છે. જે સુખ બાહ્ય વસ્તુમાંથી મળે છે, તે આત્માના સુખનો એક અંશ છે, તે પૂર્ણ સુખ નથી. જ્યાં સુધી બાહ્ય જોઈએ છે, ત્યાં સુધી અપૂર્ણતા લાગે છે. જ્યારે 'આત્મા જ છે' એમ લાગે છે ત્યારે નિત્ય સુખ રહે છે. જો એમ ન હોય અને બાહ્ય મળવાથી સુખ મળતું હોય, તો જેટલા માણસ કુટુંબમાં વધે, જેટલો પૈસો વધે, તેટલું સુખ વધવું જોઈએ અને ઊંઘમાં જ્યારે બધું જતું રહે, ત્યારે દુઃખ લાગવું જોઈએ. તમને લાગે છે કે ઊંઘમાં કંઈ નથી, છતાં માણસ જાગીને કહે છે કે 'હું સુખેથી સૂતો હતો,' તેથી જ્યાં આત્મા સિવાય બાહ્ય કંઈ નથી, ત્યાં સુખ છે.

મનની સમજ જ્યારે ગમતી વસ્તુઓ રજૂ થાય છે, ત્યારે મનને આનંદ થાય છે. વસ્તુતઃ આનંદ આત્મામાં અંતર્ગત છે, જાણે કોઈ આનંદ છે જ નહિ અને

તે પારકી અથવા દૂર નથી. તમે જેને આનંદદાયક અવસ્થા ગણી છો, તેવા પ્રસંગો પણ તમે આત્મામાં મનન કરો છો.
એ મનનને પરિણામે તમને આત્મગત આનંદ મળે છે.
ખોટા વિચારોના સંગાને કારણે
એ આનંદ તમને બાહ્ય વસ્તુઓમાં અને
ઘટનાઓમાં દેખાય છે.
ખરેખરી રીતે જોતાં એ આનંદ તમારી અંદર જ છે.
આવા પ્રસંગોએ તમે અજાણપણે પણ
તમારા પોતાના આત્મામાં ડૂબકી મારો છો.
એક માત્ર સત્ય સ્વરૂપ આત્મા,
કે જે વસ્તુતઃ આનંદસ્વરૂપ છે,
તે અને તમે એક જ છો.
એવા અનુભવમાંથી જન્મેલા
શ્રદ્ધા સહિત અને જ્ઞાન સહિત,
જો તમે આત્મામાં ડૂબકી મારો,
તો આત્મપ્રાપ્તિની દશા અનુભવમાં આવશે.

<u>પ્રશ્ન: ૬</u>

<u>સિદ્ધિ માટે આપનો શો મત છે?</u>

<u>ઉત્તર</u>: આત્મસાક્ષાત્કાર એ જ મોટામાં મોટી સિદ્ધિ છે.

ॐ

## પાંચ રીતે મળતી ગુરુની સહાય

નિષ્ઠાવાળા ગુરુ યોગ્ય શિષ્યને નીચે પ્રમાણે પાંચ રીતે આધ્યાત્મિક મદદ આપી શકે છે: (૧) મંત્રથી (૨) સ્પર્શથી (૩) દૃષ્ટિ અને સંસર્ગથી (૪) ધ્યાનથી (૫) ઉપદેશથી.

(૧) જ્ઞાનયોગમાં આત્માનું સ્વરૂપ, તેનું જ્ઞાન, તેની શક્તિ, તેનો આનંદ સૌને પ્રાપ્ત છે, એમ માનવામાં આવેલ છે. તેનો અનુભવ ન મળે તો તેના આડે જે આવરણ લાગ્યું તે કેમ દૂર કરવું, એ જ્ઞાની ગુરુશ્રી બતાવે છે. જ્ઞાની ગુરુશ્રી એમ માને છે કે જો જ્ઞાન અથવા આનંદ ઉત્પન્ન થશે, તો તેનો નાશ પણ થશે.

જ્ઞાન અને આનંદ એ આત્માનું સ્વરૂપ જ છે.
તે મેળવવાના નથી પણ મળેલાં જ છે.
તે સિવાય બીજું જે છે, તે અસત્ છે
અને તે પણ મિથ્યાનિવૃત્ત છે,
એટલે કે સાચી વસ્તુ નથી.

જેવી વસ્તુસ્થિતિ છે, તેવી જ સમજવાની છે. તે સમજાશે તો વિચાર અને કર્મ પણ બરાબર થશે. સવાર-સાંજ ધ્યાનમાં બેસી જે મંત્રના પાઠ સાંભળે, તેમનામાં આત્મજ્ઞાન અને આત્મજાગૃતિ પ્રગટે છે.

(૨) બીજી રીત 'સ્પર્શદીક્ષા'ની છે. જેમ કુકડી પોતાના ઈંડાને પાંખમાં રક્ષણ આપી, સ્પર્શ કરી મોટાં કરે છે, તેમ કેટલાક ગુરુઓ શિષ્યના માથા ઉપર હાથ મૂકી, પોતાનું ચૈતન્ય તેમાં રેડે છે અથવા શિષ્ય ગુરુના ચરણમાં પોતાનું માથું મૂકી, તેમના ચરણમાં રહેલ ચૈતન્ય પોતામાં પ્રવેશ કરે તેવા સ્પર્શ લાભદાયી બને છે. શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે મહાપુરુષોના ચરણરજની સેવા કર્યા વગર સાચું જ્ઞાન મળશે જ નહીં અને મળશે તો ટકશે નહીં.

(૩) આત્માની અસર જાગૃત કરવાનો ત્રીજો પ્રકાર દૃષ્ટિનો એટલે 'દર્શનદીક્ષા'નો છે. કાચબી જે રીતે પોતાનાં બચ્ચાની સામે પ્રેમમય દૃષ્ટિ કરીને મોટાં કરે છે, તેવી રીતે ગુરુ પણ શિષ્યને પોતાના પ્રેમમય અસર કરી શકે છે.

૦ કામ અને ક્રોધને રૂપ નથી,
છતાં કામીની આંખમાં કામ અને ક્રોધીની આંખમાં ક્રોધ
જણાઈ આવે છે, તેવી જ રીતે
આત્માને રૂપ નથી, છતાં નિષ્ઠાવાળા જ્ઞાનીપુરુષની આંખમાં
આત્માના તેજની ઝાંખી થઈ શકે છે.

બંધ આંખે ધ્યાન કરવાથી ધ્યાનમાં અંદર સારી દશા ઉત્પન્ન થઈ શકે છે, પરન્તુ આંખ ઉઘાડ્યા પછી જો

જીવ, જગત કે દ્વૈતભાવ દેખાશે, તો આંખના પરમાણુ ફરશે નહીં. અદ્વૈત ભાવવાળી આંખ કેવી હોય તે તો બહુ થોડા લોકો સમજી શકે છે. જે ભાવાત્માઓ બધે પરમાત્મા જુએ છે, તેમની આંખો જુદા પ્રકારની હોય છે. અદ્વૈત ભાવવાળી દશામાં જે આત્મિક ભાવનો પ્રવાહ વહે છે, તે ઝીલવાની શક્તિ કોઈ વિરલામાં હોય,

તો કોઈકમાં પ્રકારની વાતચીત વગર
માત્ર દૃષ્ટિપાતથી તેનું કલ્યાણ થવા લાગે છે.
અધ્યાત્મમાર્ગમાં દૃષ્ટિમાર્જન મુખ્ય સાધન છે.
રજ્જુમાં સર્પ દેખાય તેમાં દૃષ્ટિની ભૂલ છે,
બ્રહ્મમાં જગત દેખાય તે પણ દૃષ્ટિની જ ભૂલ છે.

જ્યારે દૃષ્ટિની ભૂલ સુધારી શકાય છે, ત્યારે બધે જ એક બ્રહ્મતત્ત્વ અનુભવમાં આવે છે અને વગર બોલે તે ભાવની અસર બધે ફેલાવા લાગે છે. બધા શરીરમાં એક આત્મા હોવાથી આત્માની અસર બધે થઈ શકે છે, પણ તે અસર સમજવા માટે તેવી ટેવ પાડવી જોઈએ. એવી ટેવ પડી જાય તો વાતચીતની જરૂર રહેતી નથી. દેખાવે અનેક સત્તા જેવું લાગે છે, પણ દેહદૃષ્ટિ સાચી નથી. કોઈપણ સાધનાથી તે દૃષ્ટિ દૂર કરવાની છે.

બધી સાધનાનો મુખ્ય હેતુ દેહદૃષ્ટિ છોડાવીને જીવ અને બ્રહ્મને એક સમજાવવામાં છે. એ એકતા જેવા પ્રકારની છે, તેનો ખુલાસો વાણીથી બિલકુલ આપી શકાતો નથી.

શાસ્ત્રોમાં કહ્યું છે કે:

'જ્યાં વાણી અને મન બંધ પડી જાય છે,
ત્યાં આનંદમય બ્રહ્મનું સ્થાન રહેલું છે.'

(ગ) ચોથી રીત 'ધ્યાન'ની છે.

માછલી પોતાના ઈંડાં નદી કીનારે મૂકીને નદીમાં ફરે છે,
ત્યાં તે સતત તેના ઈંડાંનું ધ્યાન કરતી રહે છે.
તે ધ્યાનની અસરથી જેમ કીનારે પડેલા
ઈંડાં સેવાઈને બચ્ચાં નિકળે છે,
તેવી રીતે સારા ગુરૂ ધ્યાનમાત્રથી
પોતાના શિષ્યના આત્મસ્વરૂપની જાગૃતિ કરી આપે છે.

(ઘ) ધ્યાનની જેમ જ ઉત્તમ ગુરૂ 'ઉપદેશ'થી પણ અસર પહોંચાડી શકે છે એ વાત તો અનુભવસિદ્ધ છે. પશુઓમાં માછલી અને પક્ષીઓમાં ટીમા પણ સ્વસંતાનને દર્શન કે સ્પર્શ વિના કેવળ ધ્યાનથી સેવન કરી શકે છે,
એ જ રીતે ગુરૂ ઉપદેશ અને હિતશિક્ષાથી
પોતાના શિષ્યોનું કલ્યાણ કરી શકે છે.

# નિષ્ઠાવાન ગુરૂ

નિષ્ઠાવાન ગુરૂઓને મૌન રહેવું હંમેશાં બહુ ગમે છે. તેઓની અડગ માન્યતા હોય છે કે જો બધામાં એક આત્મા છે, તો વાતચીતથી અરસપરસ કરવાની ખાસ જરૂર નથી. કેવળ દૃષ્ટિથી અગર હૈયાથી જરૂરી અરસપરસ થઈ શકાય છે અને તેથી વાતાવરણ પણ બહુ શાન્ત અને આધ્યાત્મિક ભાવવાળું બની રહે છે. નિષ્ઠાવાન ગુરૂ બાળકને જુએ છે, ત્યારે તેમને પોતાથી જુદા તરીકે જોતા નથી. શિષ્ય કે જિજ્ઞાસુ પણ જો ત્યાં એવા ભાવથી જ બેસે કે

'હું પણ ગુરૂથી જુદો નથી'

તો રેડીયોના વેવલેન્થની જેમ જ સાચી વેવલેન્થ ઉત્પન્ન થાય છે અને શિષ્યના હૃદયમાં આપોઆપ જ સાચા અને સારા અનુભવ અંતરતમમાં આવવા લાગે છે.

એ અનુભવ કેવી રીતે આવે છે,
એ બુદ્ધિ તો ક્યારેય જાણી શકે નહીં, કારણકે
એ રીત આત્માની પોતાની છે.

નિષ્ઠાવાન ઉત્તમ શિષ્ય ગુરૂની નજર નીચે ધ્યાનસ્થ થવાથી એવી દશા ઉત્પન્ન થવા લાગે છે અને શિષ્ય નવા અનુભવમાં અનેક બાબતોના ખુલાસા થઈ જાય છે.

તે અનુભવ સાચો છે કે નહીં

તેનું પ્રમાણ તે અનુભવની સાથે જ મળે છે.

જ્યાં આધ્યાત્મિક વાતાવરણ બહુ સારું હોય,

ત્યાં જો કોઈ નિરાગ્રહ ભાવ શુદ્ધભાવથી જોશે,

તો જરૂર સારા અને સાચા અનુભવ મળવા લાગે છે.

જિજ્ઞાસુમાં જો અભ્યાસ અને વૈરાગ્ય વધુ હોય,

તો વધારે સારું કામ થાય છે.

સાચું જીવન ઘડવા વૈરાગ્ય અને અભ્યાસ બહુ જરૂરી છે.

તે બંનેની ખરી કસોટી મૌન છે.

એકાંત સ્થળે લાંબો વખત સંપૂર્ણ મૌન કેળવવામાં આવે

તો સાધક તેથી ઘણો ઉચ્ચ વૈરાગ્ય પ્રાપ્ત કરી શકે છે.

## શું કરીશું?

મનુષ્ય બીજું ઘણું જાણવાની મહેનત કરે છે, પણ

જાણનારને જાણવાની જરા સરખી પણ મહેનત કરતો નથી.

કોઈપણ ચીજ આત્મા વગર સિદ્ધ થતું નથી,

તેથી સૌના વિચાર સાથે

આત્માનો પણ વિચાર આવશ્યક બને છે.

પણ આત્માનો વિચાર કરવો શા રીતે?

જે તત્ત્વ અતર્ક્ય છે, તે તર્કકોટીમાં આવે કેવા રીતે?

આત્મા જ્ઞાતા છે અને તે જ્ઞેય થતો નથી, તે છતાં તેને જાણવાનું કહી શાસ્ત્રો વારંવાર કહે છે. ત્રિગુણાતીત વસ્તુનું સ્વરૂપ જાણવા માટે ગુણમાં રહેલ જીવે ગુણાતીત થવું જોઈએ અને તે ગુણાતીત થાય તો ગુણમાં રહી શકે નહીં. ગુણમય દશામાં રહીને ગુણાતીત સ્વરૂપ કેવી રીતે જાણવું, તે માટે શાસ્ત્રો અને અનુભવી પુરૂષો અનેક સાધનો બતાવે છે. તેમાં એક સાધન એ છે કે સૌથી પ્રથમ 'હું કોણ છું' એની શોધ કરો. એ વિચાર ક્યાંથી આવે છે તેના મૂળ તરફ વળો; જો તે ન સમજાય તો જેને નથી સમજાતું તેની શોધ કરો. આ વાત માત્ર બુદ્ધિથી નહીં પણ લાગણીથી અનુભવમાં લેવાની છે, કારણકે 'હું છું' એ વિચારને ધારણ કરનાર પોતે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે, તેથી ઊંડી લાગણીપૂર્વક અંદર ઘણે ઊંડે સુધી ઉતરીને પુરેપુરો એ અનુભવ લેવાનો છે. જેઓને આ રીત અઘરી લાગે તેઓને માટે બીજી એક રીત છે, તે એ કે પ્રથમ અનાત્માનો નિષેધ કરતા શીખો.

દેહ, ઈન્દ્રિય, પ્રાણ, મન વિગેરે હું નથી અને જે હું નથી, તેને ભૂલવાથી જે હું છું, તેની ખબર પડશે. તેને જ 'સચ્ચિદાનંદ' કહે છે.

આ રીતે મન શાંત થઈ જશે તથા
મનની શાંતિ સાથે જગત પણ મિથ્યા લાગશે.
નિદ્રામાં મન નહિ તો જગત નહિ.
સ્વપ્નમાં કે જાગ્રતમાં મન છે, તો જગત છે.
આમ મનની સાથે જ જગત રહે છે, તે સિદ્ધ થયું.
જે દશામાં જગત હોય છે, તે દશામાં મન છે
અને જે દશામાં મન છે,
તે દશામાં આત્માનો સ્પષ્ટ અનુભવ મળશે નહીં.
જ્યારે આત્માનો અનુભવ આવશે, ત્યારે
જગત જુદા દૃશ્ય તરીકે રહી શકશે નહીં,
તે રીતે મન અને જગત મિથ્યા થઈ જશે.
'મિથ્યા' એટલે જે ખોટું હોય, તે સાચા જેવું હોય.
તેનાથી વ્યવહાર થાય, પણ જાગ્રત દશામાં બાધ પામે.
એવા મિથ્યા વસ્તુઓમાં મન લાગે ત્યારે તે નબળું પડે છે.
જો એવા મિથ્યા વસ્તુઓના વિચાર મનની પાસેથી દૂર
કરી શકીએ, તો મનમાં ઘણી શક્તિ આવે છે. દરેક
વિચારનું કારણ શોધી તેમને મૂળથી પકડી દૂર કરવાની
ટેવ પાડવી જોઈએ. સાથે સાથે બાહ્ય ચીજોના કામની
વચ્ચે ડખલ કરવાની કુટેવ સદંતર છોડવી જોઈએ.

'હું કોણ છું' એની શોધમાં મદદ કરવા
જિજ્ઞાસુઓ માટે જે એક રીત આપેલી છે,
તે રીતને 'પદાર્થશોધન'ની રીત કહેવાય છે.
આ રીત મુજબ જીવ અને જગતના જે અર્થ થાય છે,
તેમાંથી ખોટા અર્થમાંથી છોડાવી,
સાચા અર્થમાં વાળવાનું કામ દર્શન કરે છે.

સામાન્ય રીતિએ અજ્ઞાનમાં રહેલ જીવ અને સર્વજ્ઞ
જીવ એ બેનો અભેદ બને નહીં, પણ જીવ અને
ઈશ્વરના વાચ્યાર્થને છોડીને લક્ષ્યાર્થને પકડવામાં આવે,
તો ઘટાકાશ અને મહાકાશની માફક
બન્ને એક બની શકે છે.

'ત્વમ્' પદ લક્ષ્યાર્થ = સાક્ષી-કૂટસ્થ-પ્રત્યગ્આત્મા-દ્રષ્ટા.

'ત્વમ્' પદ વાચ્યાર્થ = જીવ - ચિદાભાસ - અલ્પજ્ઞ - અલ્પ
શક્તિમાન-અંતઃકરણ ઉપહિત ચેતન.

'તત્' પદ લક્ષ્યાર્થ = બ્રહ્મ - નિર્ગુણ - નિર્વિકાર - નિષ્પ્રપંચ,
નિર્ધર્મ છતાં રસ - રૂપ - માયારહિત
શુદ્ધ ચૈતન્ય.

'તત્' પદ વાચ્યાર્થ = ઈશ્વર - શબલબ્રહ્મ - સગુણબ્રહ્મ -
સર્વજ્ઞ - સર્વશક્તિમાન - ઉત્પત્તિ,
સ્થિતિ અને લય કરનાર.

એ પ્રમાણે પદાર્થશોધન કરતાં, 'ત્વમ્' પદ વાચ્યાર્થ અને
'તત્' પદ વાચ્યાર્થનો અભેદ થઈ શકતો નથી,
પરંતુ બન્નેના લક્ષ્યાર્થનો અભેદ થઈ શકે છે.
ધર્મમાં એ પ્રસિદ્ધ રીત છે અને
તે રીતથી ઘણા ગુરુઓ શિષ્યને આત્મા તરફ વાળી શકે છે.
જે જીવ દેહને હું માની બેઠેલો રહે છે, તે જીવની દશાને
જીવનો વાચ્યાર્થ કરે છે. દેહની અભિમાનરહિત, જીવના
સાચા સ્વરૂપની દશાને અક્રિય પ્રત્યગ્ આત્માને જીવનો
લક્ષ્યાર્થ કરે છે. જેઓ સંસાર પ્રપંચમાં વધારે ફસેલા
રહે છે, તેઓને આ રીત સમજાતી નથી અને કદાચ
સમજાય તો તે પ્રમાણે વર્તી શકાતું નથી, તેથી તેવાઓએ
આ રીતનો પ્રયોગ કરવા પહેલાં પ્રકૃતિના ધર્મોથી અસંગ
બનવાનો ઉદ્યમ કરવો જોઈએ. જેમ જેમ અસંગતા આવતી
જાય અને વૈરાગ્ય વધતો જાય, તેમ તેમ આ રીત અનુકૂળ
બનતી જાય છે. ઘુવડને દીવસે અંધારૂં દેખાય છે, તે
મહાત્મા થાય તો તેને ઇચ્છા કે પ્રયત્ન વગર સહેજે
અજવાળું દેખાય છે, એ રીતે મહાત્માને જ્યારે આત્મજ્ઞાનમાં
નિષ્ઠા થાય, ત્યારે લક્ષ્યાર્થ સહજ સ્ફુર્યા કરે છે.
કહ્યું છે કે : 'યા નિશા સર્વ ભૂતાનાં...'

## પદાર્થ શોધન

'હું કોણ છું?' એ શોધવા માટે 'હું કોણ?' એનો જાપ કરવાની જરૂર નથી. બધી સાધનામાં મનને શાંત રાખવું એ પહેલી શરત છે. જાપ કરવા કરતાં મનના દ્રષ્ટાનો વૃત્તિરૂપે અનુભવ લેતા રહેવો અને વૃત્તિનો દ્રષ્ટા તરીકે અનુભવ લેવો. એથી મન એકદમ જ શાંત થઈ જાય છે.

આત્મશોધન માટે પ્રાણાયામની પણ જરૂર નથી.
અનાત્મબુદ્ધિ હટાવવી એ રેચક પ્રાણાયામ છે અને
સ્વરૂપમાં સ્થિતિ કરવી એ કુંભક પ્રાણાયામ છે.
જ્ઞાનમાર્ગે તપાસ કરવી તેને 'ધ્યાન' કહે છે
અને તેમાંથી જે નિષ્ક્રિય, શાંત, જ્ઞાનમય દશા
ઉત્પન્ન થવી તેને 'જ્ઞાન' કહે છે.

## ગુરુમંત્ર

'હું' એ પણ ગુરુમંત્ર છે.
ઉપનિષદમાં કહ્યું છે કે:
ભગવાનનું પહેલું નામ 'હું' હતું.
ૐ પણ પાછળથી આવેલ છે. 'હું'નો જાપ બધા કરે છે.
તેના તરફ લક્ષ રાખવાથી ધ્યાન સારું થાય
અને ધ્યાનનું ફળ મળે છે.

## આસન

આત્મામાં નિષ્ઠા કરવા એ ખરું આસન છે. તે આસનમાં સ્થિર થવું જોઈએ. આસન વગર આત્મલાભ ન થાય એ વાત ખોટી છે. આત્માને આસનની જરૂર નથી. ધ્યાન વખતે આસન અમુક પ્રકારનું જ જોઈએ, એવી માન્યતા મનને ચંચળ બનાવી દે છે.

## સ્વાધ્યાય

આત્મા એ જ ખરું પુસ્તક છે. તે પુસ્તકમાં તમે ગમે ત્યારે દ્રષ્ટિ કરી શકો છો. તે કોઈ લઈ જઈ શકે તેમ નથી. જ્યારે જ્યારે ફુરસદ મળે, ત્યારે આત્મા તરફ વળો એ જ ખરો સ્વાધ્યાય છે. બાકી જે કાંઈ પુસ્તક વાંચવું, તે આત્મા તરફ વળવા માટે જ હોવું જોઈએ. સ્વાધ્યાય વખતે મનમાં પ્રશ્નોની વણઝાર ઊભી થાય.

## પ્રશ્ન : ૧

ધ્યાન કરતી વખતે થાક, ભાર અને પીડા વગેરે થઈ આવે તો તેને મુમુક્ષુ કેવી રીતે દૂર કરવા?

ઉત્તર: થાક, ભાર કે પીડા કોને થાય છે તેની તપાસ કરો. તપાસ કરવાથી તે જતા રહેશે. તે અનિત્યભાવ છે. તેના તરફ ધ્યાન રાખવું. જ્યારે દ્વૈતનું ભાન થાય છે,

ત્યારે બીક વગેરે ઉત્પન્ન થાય છે. મનને એક આત્મા તરફ વાળવાથી બીક વગેરે જતા રહે છે. ઝાડના પાંદડા વારાફરતી તોડવામાં ઘણી મહેનત છે, પણ મૂળને જ દૂર કરી શકાય તો બધાં પાંદડા, ડાળી વિગેરે સુકાઈ જાય છે. બધી વૃત્તિઓનું મૂળ અહંકાર છે. તે અહંકારરૂપી મૂળ ચાલ્યું જવાથી બીક, શોક વગેરે પણ ચાલ્યા જાય છે.

## પ્રશ્ન : ૨

ધ્યાનમાં બેસતી વખતે આપણા મનને કેવું રાખવું કે જેથી તે બાળ પવિત્ર આત્માની અસર લઈ શકે?

ઉત્તર: મન શાંત રાખવું પુરતું છે. ગમે ત્યાં શાંત બેસવાથી ચારે બાજુ ફેલાયેલ આધ્યાત્મિક મદદ મળી શકે છે. પવિત્ર આત્માઓના વિચાર-તરંગ બધે ફેલાયેલા છે. જ્યાં મન શાંત હોય છે, ત્યાં તેનો અનુભવ આવવા લાગે છે.

## પ્રશ્ન : ૩

ધ્યાન કરતી વખતે આંખો બંધ રાખવી કે ખુલ્લી?

ઉત્તર: આંખો બંધ હોય કે ઉઘાડી તે મહત્વનું નથી. બધે એક આત્માની અસર ફેલાયેલી છે, તેથી આંખ બંધ રાખો કે ઉઘાડી રાખો તે સરખું જ છે. ધ્યાન રાખવું હોય તો અંદરના અહં તરફ રાખવું. અહમ્ અને હૃદય એક જ.

હૃદય એટલે આત્માનું કેન્દ્ર, જ્યાંથી 'હું' ઉત્પન્ન થાય છે તે.
એ જ આત્મા છે. આત્મભાવે રહી અને સ્વરૂપ
તરફ દ્રષ્ટિ રાખો એટલે આંખ બંધ હોય કે ઉઘાડી,

આત્મભાવે રહી અને સ્વરૂપ તરફ દ્રષ્ટિ રાખો
એટલે આંખ બંધ હોય કે ઉઘાડી,

બહારની ક્રિયા થાય કે ન થાય, તે બાબત જરૂરી રહેતી નથી.

પ્રશ્ન : ૪

આત્મલાભ કેવી રીતે મળે ?

ઉત્તર: એ પ્રશ્ન જેને થાય છે, તે તત્ત્વનો વિચાર કરો.

પ્રશ્ન : ૫

જીવાત્મા એ શા વસ્તુ છે?

ઉત્તર: એ પ્રશ્ન જેને થાય છે તે તત્ત્વનો વિચાર કરો.
સ્વરૂપનો વિચાર કરવાથી બધી મુશ્કેલી દૂર થઈ જાય છે.

પ્રશ્ન : ૬

મનને કેવી રીતે મારવું?

ઉત્તર: મનનું સ્વરૂપ જાણવાથી મનનો નાશ થાય છે.
આત્માના વિચાર સિવાય બીજી કોઈ રીતે મન મરે તેવું નથી.

પ્રશ્ન : ૭

જગત સાચું હોય તેમ કેમ દેખાય છે?

સ્વપ્નાના પડદામાં ઘણું દેખાય છે છતાં કાંઈ સાચું નથી,

ત્યાં પડદા સિવાય બીજું કાંઈ નથી.
તેમ જાગ્રતમાં પણ અધિષ્ઠાન સિવાય બીજું કાંઈ નથી.
જાગ્રત પ્રમેય એ જાગ્રત પ્રમાતાનું પ્રમેય છે.
પ્રમેય અને પ્રમાતા બન્ને નિદ્રામાં લય રહે છે.

પ્રશ્ન : ૮

જાગ્રતમાં સ્થિરતા કેમ દેખાય છે?

ઉત્તર: ભ્રાન્તિથી તેવું દેખાય છે. કોઈ કહે કે હું નદીમાં બે વાર નાહી આવ્યો. પહેલીવાર નાહ્યો તે વખતે જે નદી હતી, તે બીજી વાર નાહ્યો ત્યારે રહેલ નથી. દીવાની જ્યોત જોઈને મનુષ્ય કહે છે કે 'હું તેનો તે જ દીવો જોઉં છું' પણ દીવો ક્ષણે ક્ષણે ફરે છે, કારણકે જ્યોત ફરતી જાય છે અને તેલ ઓછું થતું જાય છે. પ્રમાતાને દેખાતેલું જગત પણ એવું, ભ્રાન્તિથી જ સ્થિર દેખાય છે. ભ્રાન્તિથી બની રીતે પ્રમાતા અને તેનું અજ્ઞાન એકસાથે રહે છે અને આત્મજ્ઞાન થયે બન્ને એક સાથે દૂર થાય છે.

પ્રશ્ન : ૯

પ્રમાતા અને તેનું અજ્ઞાન બન્ને ક્યાંથી આવ્યા?

ઉત્તર: એ પ્રશ્ન કોણ પૂછે છે? હું.
'હું'ની શોધ થવાથી બધા પ્રશ્નોના ખુલાસા થઈ જશે.

## પ્રશ્ન : ૧૦

### સત્સંગ એટલે શું?

ઉત્તર : સત્સંગ એટલે માત્ર વાતો કરવી એવું નથી, પણ સત્ એવા આત્માનો અનુભવ લઈને તેમાં નિષ્ઠા કરવી.

## પ્રશ્ન : ૧૧

### 'આત્મા સ્વયં પ્રકાશ છે' તેનો અર્થ શો?

ઉત્તર : સૂર્યે જેમ અંધારું જોયું નથી, તેમ આત્માએ અજ્ઞાન જોયું નથી. આત્મા અવેદ્ય છે, છતાં અપરોક્ષ અનુભવને યોગ્ય છે. આ ગુણને જ 'સ્વપ્રકાશત્વ' કહે છે.

## પ્રશ્ન : ૧૨

### પોતાના મોક્ષ માટે પ્રયત્ન કરવો તે કરતાં જગતનું ભલું કરવું એ નિ:સ્વાર્થ સેવાધર્મ નથી?

ઉત્તર : એ વાત સાચી નથી. મોક્ષ માટે પ્રયત્ન કરનારા જ્ઞાની પુરુષો જે ઠેકાણે રહે છે, તે ભાવનાની અસર આખા જગત ઉપર પ્રસરે છે. રેડીઓનું ટ્રાન્સમીટર એક જગ્યાએ બોલે છે, તેની અસર જેમ આખા જગત ઉપર થાય છે અને તેનો લાભ જેને લેવો હોય તે લઈ શકે છે, તેમ જ્ઞાની પુરુષોનો આત્મભાવ સર્વત્ર ફેલાય છે અને જે કોઈને જોઈએ તેને મળી શકે છે.

એ પણ ઓછી સેવા નથી. મૌન એ આત્માની ભાષા છે. એ ભાષા વડે મહાત્માઓ નિરંતર ઉપદેશ આપે છે. લોકસેવાથી પણ અહંકાર દૂર થતો નથી, પણ કોઈ વખત વધી જાય છે. ધ્યાન કરીને અહંકારનું મૂળ શોધ્યા વગર અહંકાર જતો નથી. જો અહંકાર દૂર કરતાં આવડે, તો આગળ પ્રગતિ બહુ સરળતાથી થઈ શકે છે. મહાપુરુષને પોતાનાં કર્મ નડતાં નથી, પણ 'મેં કર્યું' એ ભાવ નડે છે.

## પ્રશ્ન : ૧૩

## સંસારની ચિંતાઓ શાથી નડે છે?

ઉત્તર: ચિંતા એ તમારું સ્વરૂપ નથી. મનને સાચું માનો તો મન કદી વશ કરી શકાય નહિ. જે દશામાં મન સાચું લાગે છે, તે દશામાં ચોર જ પોલીસ બની બધાને છેતરે છે. મન એ વિચારોનું જંગલ છે. જે મન વિચારો કરવાથી બન્યું છે, તે તેને વશ કરવાના વિચારોથી શા રીતે જશે? તેથી મનના મૂળને પકડો. આત્માનું અન્વેષણ કરો. મનને હૃદયમાં લઈ જાઓ. ત્યાં બધાં દુઃખોનો અંત આવશે.

જો જગત જીવની કલ્પનાથી ઉત્પન્ન થયું છે એમ લાગે, તો કલ્પનાનો ત્યાગ કરો. જો જગત ભગવાને બનાવેલું છે એમ લાગે, તો જગતની અને તમારી

જવાબદારી ભગવાનને સોંપીને પરમ નિશ્ચિન્ત બનો.
જો ટ્રેઈન આપણો બધો સામાન લઈ જાય છે,
તો ટ્રેઈનમાં બેસનારો પોતાને માથે બોજારૂપ
સામાનનો ભાર રાખે, તે ખરેખરા મૂર્ખ છે.

## હાલનો સુધારો

હાલના સુધારા મનુષ્યને આત્મા તરફ વાળતા નથી. જ્યાં ભોગ વધે, ઇચ્છા વધે, સટ્ટો વધે, વ્યભિચાર વધે, ત્યાં જંગલીપણું વધે છે. આર્યોનું શિક્ષણ તો બ્રહ્મચર્યાવસ્થામાં જ પશુવૃત્તિને દાબવાનું કહે છે અને ગૃહસ્થાશ્રમમાં તેને નિયમિત બનાવવાનું કહે છે. જ્યાં સંયમ નથી, ત્યાં બાળકો પણ અસંયમી અવતરે છે. કામી અને ક્રોધી મા-બાપના બાળકો કામી અને ક્રોધી જ થાય છે. હાલના કાળમાં ફેશન અને વિલાસીપણું વધી ગયું છે. આર્ય પ્રજાનું સવારથી રાત સુધીનું કર્તવ્ય એવી રીતે યોજાયેલું હતું કે તેમાંથી દરેકનું અભિમાન ઓછું થતું હતું. દરેક પોતાની જવાબદારી સમજતા અને પરમાત્મા સાથે સંબંધ રાખી શકતા હતા. હાલમાં જે કેળવણી પશ્ચિમના દેશોમાં આપવામાં આવે છે, તેમાં ‘શરીર એ હું છું’ એ વાતનું વિદ્યાર્થીને સતત સ્મરણ રહે છે. એ પશ્ચિમના સંસ્કારની અસર છે.

પશ્ચિમ વિદ્યામાં માનવામાં આવેલું છે કે તેમના બાપદાદા વાંદરા હતા. વળી તેમની કેળવણીમાં સૂક્ષ્મ કેટલા પ્રકારના છે, તેનો ચોખ્ખો વિચાર નથી. તેઓ પુનર્જન્મમાં માનતા નથી, તેઓ ચાર્વાકની જેમ આ એક જ જન્મમાં ખાવું, પીવું, પરણવું, છોકરા-બચ્ચાં પેદા કરવાં અને પછી મરી જવું એટલું જ સમજે છે. જર્મનીમાં નીત્સેના શક્તિવાદે ઘણાના મન ઉપર અસર કરેલી છે પણ 'જ્ઞાન વગરની શક્તિ મનુષ્યોને પશુ બનાવે છે' એ બાબત ધ્યાનમાં રાખીને આપણા દેશમાં જ્ઞાનીને એટલે કે શ્રમણ-બ્રાહ્મણોને સમાજમાં ઊંચું અને પહેલું પદ આપવામાં આવેલું છે. તેઓ સમાજ પાસેથી ઓછામાં ઓછી સેવા લે છે અને વધુમાં વધુ ઉપયોગી વસ્તુ એટલે આત્મજ્ઞાન આપે છે.

મનુષ્યના વ્યવહાર માટે જરૂર પડતો પૈસો કમાવાની જરૂર છે, પણ બધો સમય એ માટે ચાલ્યો જાય તો મનુષ્ય જીવનનું રહસ્ય સમજવાનો વખત મળતો નથી. પશ્ચિમની વિદ્યા-કળામાં એ મોટો દોષ છે કે એણે મનુષ્ય માટે સારા વિચારની ફુરસદ રહેવા દીધી નથી. વળી જેમને ફુરસદ મળે છે, તેમને જ્ઞાન આપે તેવા પુરુષો બહુ રહેલ નથી. ત્યાં હવે પોપની સત્તા પણ નિમ્ન જીવન

ઉપર ચાલતી નથી, તેથી ત્યાંના વિચારવાન પુરૂષોની દ્રષ્ટિ હિંદના સાધુસંતો તરફ વળે છે. હિંદની હાલની પડતી દશામાં પણ પ્રાચીન શાસ્ત્રોમાં વર્ણવેલા છે, તેવા ઋષિ-મુનિઓ હિંદમાં હોય અને કોઈ આત્મજ્ઞાનનો રસ્તો બતાવે તો ઠીક, એમ કહેતાં ઘણા પશ્ચિમના કેટલાક વિદ્વાનો અહીં આવી, તેવા સંત પુરૂષોને શોધે છે. કોઈ ગાંધીજી પાસે જાય છે, કોઈક શ્રી અરવિંદ, કોઈ રમણ મહર્ષિ તો કોઈ વળી સમાધાનાર્થે શંકરાચાર્ય પાસે જાય છે.

## ધર્મ - પહેલો પુરૂષાર્થ

જે પ્રજાની પાસે સત્તા હોય, પૈસો હોય પણ સાથે ધર્મ ન હોય, તો સત્તા અને પૈસાનો સદુપયોગ કરવાનું તેને આવડતું નથી. સત્તા અને પૈસાની સાથે પોતાની જવાબદારીનું ભાન થવું જોઈએ. તે માટે ધાર્મિક શિક્ષણની જરૂર છે. એ બાબત ધ્યાનમાં રાખીને આર્યોના ઋષિ-મુનિઓએ ધર્મને પહેલા પુરૂષાર્થ તરીકે માનેલો છે.

ધર્મ પ્રમાણે અર્થ અને કામ એ બે પુરૂષાર્થ સિદ્ધ થાય, તો જ પ્રજા સંયમી અને નીતિવાળી રહી શકે.
જ્યાં ધર્મભાવના સાથે ન હોય,
ત્યાં અર્થ અને કામ મનુષ્યને પશુ જેવા બનાવી દે છે. તેનો નમુનો પશ્ચિમની ઘાતકી લડાઈઓમાં જોવા મળે છે.

## ખરું રાજ્ય

ખરું રાજ્ય તે જ કહેવાય કે
જ્યાં ચોર ન હોય, કોઈ અસત્ય બોલે નહીં,
કોઈ ભૂખે મરે નહીં, કોઈ દારૂ ન પીતું હોય,
જ્યાં વ્યભિચાર થતો ન હોય,
જ્યાં લોકો અવિદ્વાન ન હોય અને
કેળવણી સદા પ્રકારની હોય કે
દરેક માણસ પોતાની ફરજ બરાબર સમજે.
તે પ્રમાણે વર્તતા હોય એવા રાજ્યો પ્રાચીનકાળમાં હતાં.
હાલ તો ઘણે અંશે વેપારીઓ રાજા થઈ ગયા છે
અને રાજાઓ વેપારીઓ થઈ ગયા છે.
લગભગ અઢારસો વર્ષ સુધી યુરોપની પ્રજાઓ
યુરોપ, એશિયા, આફ્રિકા, ઑસ્ટ્રેલિયા અને અમેરિકા
એમ પાંચે ખંડોમાં આક્રમણ કર્યું.
યુરોપના કોઈ દેશનો આ આક્રમણમાં વધારે હાથ હશે
અને કોઈ દેશનો ભલે ઓછો હશે,
પણ તેમાં મૂળ સિદ્ધાંત એક જ હતો કે
જ્યાં ફાવે ત્યાં, જ્યારે બને ત્યારે અને
જેટલું બને તેટલું બીજાઓનું બળાત્કારથી લઈ લેવું.

તેમ કરવામાં સત્ય, ધર્મ અને ન્યાયનો
કોઈપણ દીવસ જરા પણ વિચાર ન રાખતાં,
પોતાનો જ સ્વાર્થ સંભાળવો અને
તે માટે ગમે તેટલું અમાનુષી ઘાતકીપણું પાપ અને
નિર્દોષોની હિંસા થાય તો પણ તેને ન ગણવા,
આવા સ્વાર્થી પ્રજાના સંસ્કાર સાથે
આર્યોના સંસ્કારની સેળભેળ થઈ અને
તેનાથી આર્યોની વિદ્યાનું પ્રાબલ્ય ઘટવા લાગ્યું.
જો કે ઋષિ-મુનિઓ આર્યોની વિદ્યાનાં મૂળ
એટલા ઊંડા નાખી ગયા છે કે તે વિદ્યાની અસર
પશ્ચિમના દેશો ઉપર ફરી પાછી શરૂ થઈ છે.
કાંઈક અંશે સ્વામી વિવેકાનંદ, સ્વામી રામતીર્થ,
થિયોસોફીકલ સોસાયટી, કવિવર ટાગોર,
ગાંધીજી, રમણમહર્ષિ, અરવિંદ વિગેરેના
ધાર્મિક જીવનની અસર ત્યાં ફેલાઈ છે.
તે ઉપરાંત આપણા દેશના ઉત્તમ પુસ્તકોના તરજુમાં
અંગ્રેજી અને બીજી ભાષામાં થઈને પશ્ચિમમાં પહોંચ્યા છે,
તેની અસરથી યુરોપમાં
સારા લેખકોને આધ્યાત્મિક પ્રેરણા પણ મળે છે.

## પશ્ચિમના વિદ્વાનો

અમેરિકાના લેખક ઈમર્સન ગીતાનો તરજુમો હંમેશાં ખીસામાં રાખતા હતા અને ત્યાંના વિદ્વાનોને કહેતા કે: 'એ આખીયે પૃથ્વી ઉપરનું સારામાં સારું પુસ્તક છે.' ઉપનિષદોના સિદ્ધાંતો પણ ત્યાંના વિદ્વાનોની નજર આગળ પહોંચી ગયા છે. ત્યાંના ઘણા લેખકો - વિચારકો આર્યોની વિદ્યાના અભ્યાસી બન્યા અને જીવાત્મા તથા પરમાત્માનું સ્વરૂપ વધારે સ્પષ્ટ રીતે સમજવા લાગ્યા. તેઓને થયેલા થોડા આધ્યાત્મિક અનુભવ જેવા અનુભવો તેમણે ગીતા અને ઉપનિષદોમાં ઘણા પ્રમાણમાં જોવામાં આવ્યા, તેથી તેઓને આર્યોની વિદ્યા ઉપર મોહ થયો હતો. અમેરિકન લેખક ઈમર્સન કહેતા હતા કે: 'હું બ્રાહ્મણ છું, હું વેદ ધર્મ સમજી શકું છું, તેથી જાણી શકું છું કે મનુષ્યના કર્મ ફેરવી શકાય તેવાં છે.' તેની આવી લાગણીથી ત્યાંના લોકો ઈમર્સનને 'બોસ્ટનનો બ્રાહ્મણ' કહેતા હતા. ઈમર્સને વિચારક થોરોનું ધ્યાન હિંદુઓના શાસ્ત્રો તરફ વાળ્યું. થોરોને 'મનુસ્મૃતિ' બહુ ગમતી. રશિયન તત્ત્વવેત્તા ઉસ્પેન્સ્કીને પણ 'મનુસ્મૃતિ' બહુ ગમે છે. સમાજની રચના જો ધર્મ પ્રમાણે કરવી હોય, તો તે બહુ જ ઉપયોગી પુસ્તક છે.

વિચારક હેન્રી ડેવિડ થોરો એકાંતમાં રહીને
નિત્ય અને અનિત્ય વસ્તુઓની તુલના કરી જોતા.
તે યોગીની માફક રહેતા હતા.
તેઓના જીવનની કાંઈક અસર
ગાંધીજીના શરૂઆતના જીવન ઉપર પણ થયેલ છે.
એડવીન આરનોલ્ડે બુદ્ધના જીવન ઉપર પુસ્તક લખેલું.
તેની લગાલગ એંશી આવૃત્તિ થયેલ છે.
આવી રીતે યુરોપ ને અમેરિકામાં આર્યોની વિદ્યા ફેલાવા લાગી. કેટલાક પુરાવા ઉપરથી એમ પણ સાબીત કરી શકાય છે કે જીસસ ક્રાઈસ્ટ નાની ઉંમરમાં અભ્યાસ માટે હિંદમાં આવેલા હતા. મુસલમાન ધર્મના સુફીઓનું સાહિત્ય જોતાં
તેમાં પણ વેદાંતની છાયા જણાઈ આવે છે.
મેક્સમુલર કહે છે કે: 'તત્ત્વમસિ - તે તું છો,
એ મનુષ્યના જ્ઞાનનો ઉંચામાં ઉંચો અનુભવ છે.'
તે અનુભવ જુદા જુદા ધર્મોમાં જુદી જુદી રીતે સમજાવ્યા છે,
પણ હિંદુઓના ઉપનિષદોમાં
તે જ્ઞાન જેવા જોરથી અને જેવા સ્પષ્ટતાથી આપ્યું છે,
તેવું બીજા ધર્મોમાં નથી.
પશ્ચિમના સમાજનો વિચાર કરતાં અમુક પ્રશ્ન થાય જ:

# પાંચ પ્રશ્નોત્તર

## પ્રશ્ન : ૧

**દુનિયાનું જીવન બહુ ટૂંકું બનતું જાય છે,
તેનું ભવિષ્ય કેવું લાગે છે?**

**ઉત્તર :** તમારે ભવિષ્ય જાણવાની શી જરૂર છે?
વર્તમાન બરાબર સમજશો તો ભવિષ્યની ફીકર નહીં રહે.
જગત એક સત્તાથી ચાલે છે.
જેણે જગતને જીવન આપેલું છે, તેને ખબર છે કે
જગતને કયે વખતે શાની જરૂર છે.
તેના ઉપર જગતના સુખ-દુઃખનો આધાર છે,
તમારા ઉપર નહિ.

## પ્રશ્ન : ૨

જો આપણી આસપાસ આપણે નજર કરીએ
તો જગતમાં ઘણું જ દુઃખ જણાય છે.
**જો ભગવાન દયાળુ હોય તો આવું જગત કેમ રચે?**

**ઉત્તર :** એ વિષય આત્માની શોધ કર્યા સિવાય બરાબર
સમજ શકાશે નહીં. દરેક મનુષ્યનો આત્મા સુખરૂપ છે,
તેથી ભગવાને પક્ષપાત કરેલો નહિ, પણ અહંકારથી જીવ
પરિચ્છિન્ન ભાવમાં સરતે કે અલ્પભાવમાં આવે છે,

તેથી એનું સુખ પણ પરિચ્છિન્ન થાય છે. મનુષ્ય બીજું બધું શોધવાનો પ્રયત્ન કરે છે પણ પોતે કોણ છે તેની તપાસ કરતો નથી, ત્યાં સુધી જ તે દુઃખી છે. કોઈ દિશા જાણવા કરતાં મન જાણવું એ વધારે જરૂરી છે.

## પ્રશ્ન : 3

શું આપણા મનને વશ કરવું એ અઘરું કામ નથી?

ઉત્તર: તમે ધારો છો તેવું અઘરું નથી. તમે કોણ છો એની બરાબર તપાસ કરશો તો મન શાંત થવા લાગશે. દરેક મનુષ્ય પોતાના સાચા સ્વરૂપે સચ્ચિદાનંદ સ્વરૂપ છે.

## પ્રશ્ન : ૪

આત્મજ્ઞાન મેળવવું હોય તો માણસે એકાંત જંગલમાં અથવા કોઈ પર્વતની ગુફામાં રહેવા જવું જોઈએ. પણ પશ્ચિમના લોકોનું જીવન અને જીવનસરણી જુદા પ્રકારની છે, તેથી તેઓ કેવી રીતે એકાંત લઈ શકે?

ઉત્તર: પ્રવૃત્તિઓને તદ્દન છોડવાની જરૂર નથી. દરરોજ નિયમિત એક બે કલાક પણ પ્રવૃત્તિની વચ્ચે જ ધ્યાન થાય, તો મળેલ શાંતિનો અનુભવ ચાલુ રહેશે. સ્વરૂપનું જ્ઞાન થતાં જંગલ ને શહેર બંને સરખા લાગે.

આત્માનો નિશ્ચય થવા માટે
જેવું જ્ઞાન હોય, તેવું જીવન કરવું જોઈએ.

જો જ્ઞાન પ્રમાણે જીવન ન થાય તો જીવન પ્રમાણે જ્ઞાન થઈ જાય છે. જ્યારે જ્ઞાન ટકતું નથી, ત્યારે બીજાના જીવનમાં મન વધારે જાય છે, પોતાનું જ જીવન ઠીક કરવા માટે વખત રહેતો નથી અને પોતા સિવાય બીજા બધાને જ સુધારવાની ઇચ્છા થાય છે, જે દયનીય છે.

પ્રશ્ન : ૯

આપણે જગતને મદદ કરી સુધારી શકીએ કે નહીં?
માટે જગતનું કલ્યાણ કરવું હોય તો શું કરવું?

ઉત્તર: પહેલાં સુધરીએ પછી જગતને મદદ અપાશે. તમારું કલ્યાણ કરવાથી જગતનું કલ્યાણ થઈ જશે. તમે જ જગત છો, તમે જગતથી કે જગત તમારાથી જુદું નથી. દૃશ્ય તથા દર્શન તરફ ધ્યાન ન આપો, પણ જે દ્રષ્ટા જગતને જુએ છે તેને ઠીક કરો. તે જ બધા કારણનું કારણ છે. તેનો અનુભવ થયા પછી જે દેખાશે તે જગત તરીકે રહેશે નહીં પણ ભગવાન તરીકે દેખાશે. મન અને ઇંદ્રિયોથી જગત દેખાય છે. બહેરાને કાંઈ સંભળાતું નથી, આંધળાને કાંઈ દેખાતું નથી. આપણી માન્યતા જગત ઉપરથી હટાવી લઈએ તો જગત દેખાતું બંધ પડી જાય. આપણે મનની ક્રિયાને ઈશ્વરની ક્રિયા સમજીએ છીએ, તે જ બધા મુશ્કેલીનું કારણ છે.

મનનો નાશ થયા પછી જ સાચો આત્માનુભવ થાય છે.

જ્ઞાની પુરૂષો જગતને મદદ કરે છે,
પણ મદદ કરવાના વિચાર વગર તે કામ થયા કરે છે.

હાલના કાળમાં ઘણા મહાપુરુષોને
લોકોનું કલ્યાણ કરવાની ઘણી ઇચ્છા હોય છે,
પણ ઇતિહાસ જોતાં એ વાત એટલી જોવામાં આવતી નથી.
બીજું એક કારણ એમ માની શકાય કે હાલ વેપારીઓના
રાજ્ય હોવાથી સ્વાર્થ અને અનીતિ વધી ગયેલાં છે.
વળી સંચાની શોધ થયા પછી વેપારીઓને ધન વધારવાની
સગવડ થઈ ગયેલી છે, તેની સાથે માણસો પણ સંચા
જેવા થવા લાગ્યા છે, તેથી સુધારા ઉપર સુધારા કરવા
છતાં સુધારાનો અંત આવતો નથી. જગતને મદદ કરવાના
વિચારમાં જ આપણે દ્વૈતની ભાવના ખડી કરીએ છીએ.

જેમ સ્વપ્નામાંથી જાગેલા મહાપુરુષને
સ્વપ્નાના માણસોને મદદ કરવાની ઇચ્છા થતી નથી,
તેવી જ રીતે જ્ઞાનદશામાં આવેલા મહાપુરુષને પણ
જગતને મદદ કરવાની ઇચ્છા થતી નથી.
જ્યાં અદ્વૈતભાવ છે,
ત્યાં સેવાના વિચાર વિના સેવા થયા કરે છે.

## યોગનો મૂળ સિદ્ધાંત

(૧) મનને કાર્યરહિત કરવું અથવા
વિચારો બંધ પાડવા તે જ યોગ છે.

(a) મન પારદ જેવું છે. પારો ચંચળ છે. જો અગ્નિમાં સ્થિર થાય તો જરૂર સોનું સિદ્ધ કરી શકે. તે જ પ્રમાણે મન સુખ-દુઃખ રૂપ અગ્નિમાં સ્થિર રહે તો જ મુક્તિ સિદ્ધ થાય.

(b) સૂર્યના કિરણો એક કાચમાં ભેગા કરવામાં આવે તો આગ લગાડી દે છે, પણ તે જ કિરણો છુટા રહે તો તેમ કરી શકતા નથી. મનની ફેલાયેલ શક્તિ પણ એક બિંદુ કે એક વિષય પર લાવવામાં આવે તો અદ્ભુત કાર્ય કરી શકે છે.

(૨) મનુષ્યના શરીરમાં એક આત્મકેન્દ્ર એવું છે કે જેને સ્વચ્છ રાખી, તેના ઉપર ધ્યાન જમાવવાથી આત્મિક જ્ઞાનેન્દ્રિય જાગ્રત થઈ તેનું કાર્ય કરવા માંડી જાય છે અને અદ્ભુત ગુપ્ત ભેદો ખુલે છે. તે એવું કાર્ય કરી બતાવે છે કે તે બાહ્ય ઇંદ્રિયોના વિષયની શક્તિને ભળવા દે છે. તે કેન્દ્ર મસ્તકમાં છે. તે કેન્દ્ર ઉપર કેવળ ધ્યાન કરવાથી જ જેમ તાર ખેંચવાથી કઠપૂતળીઓ નીચે-ઉપર-આજુબાજુ નાચવા માંડે છે, તેમ મનને આત્મામાં જોડવાથી અગાધ શક્તિઓ કામ કરવા લાગી જાય છે.

(૩) લાંબો વખત શ્વાસ રૂંધવાથી, પ્રાણવાયુ ન મળવાથી કાર્બનનો ભાગ વધી જાય છે અને તે ધીરેધીરે મસ્તકમાં પહોંચવાથી મસ્તકને નિશ્ચેષ્ટ કરી મૂકે છે, અચેતન જેવું બનાવી દે છે. આ દશામાં આત્મદ્રવ્ય પ્રત્યક્ષ થાય છે.

(૪) જે અંગો પાસે અધિક કામ લેવામાં આવે,
તે અંગોની શક્તિ વધી જાય છે.

(a) જંગલી મનુષ્ય કે જાનવર રસ્તો સુંઘીને કઈ રીતે કે અહીંથી હમણાં અમુક જાનવર ગયું છે.

(b) ગાયનવાળાની શ્રવણ શક્તિ એટલી બધી તીક્ષ્ણ બને છે કે તે બારીકમાં બારીક સ્વરને પણ પીછાની શકે છે.

(c) લુહારનો હાથ અધિક બળવાન થાય છે, તે પ્રમાણે બાહ્ય ઇંદ્રિયોને રોકી, અંદરની શક્તિઓની પાસે કામ લેવામાં આવે તો જેમજેમ કામ લેતા જશો, તેમતેમ તેની શક્તિ વધતી જાય છે. જે અંગ ઉપર અધિક ધ્યાન અપાય, તે બળવાન થાય અને જેના તરફ બેદરકાર રહેવામાં આવે, તે અંગો ક્રિયા કરતાં અટકી જાય છે.

(d) સંસારના પ્રત્યેક શરીર અને પરમાણુમાં એક પ્રકારની આકર્ષણશક્તિ રહેલ છે, જેથી તે અન્ય વસ્તુને પોતાની તરફ ખેંચે છે અથવા હટાવે છે. તે જ પ્રમાણે જો આત્મિક

શક્તિ જો ખીલવવામાં આવે, તો તે અત્યંત અદ્ભુત આત્મશક્તિવાળા થઈ દરેક વસ્તુ ઉપર કાબુ મેળવી શકે છે અને ભયંકર રોગો ઉપર પણ વિજય મેળવે છે.

(૯) યોગીઓનો એ સિદ્ધાંત છે કે આખા બ્રહ્માંડમાં જે વસ્તુઓ છે, તે બધી શરીરમાં છે. એટલું જ નહિ પણ લોહીના પ્રત્યેક બિન્દુમાં પણ છે અને શરીરની દરેક વસ્તુનો તાર (સંબંધ) બ્રહ્માંડની દરેક વસ્તુ સાથે છે. જે રીતે એક જાતિના મનુષ્ય જુદા જુદા દેશોમાં રહેવા છતાં સંબંધવાળા હોવાથી પરસ્પરનો લાભ લઈ શકે છે,

તેવી રીતે એક બ્રહ્મથી પ્રભાવિત થઈ
બધા પદાર્થો પરસ્પરનો લાભ ઉઠાવી શકે છે.

योगस्य प्रथमं द्वारं वाङ्‌निरोधोऽपरिग्रहः ।
निराशो च निरीहा च नित्यते कान्तशीतलता ॥१॥

(પરિશિષ્ટ-૮)

નિર્વેદ એટલે પરમાત્મતત્ત્વ સિવાયની વસ્તુઓમાંથી મનને ખેંચી લેવું (ઉદાસીનતા). સંવેદ એટલે પરમાત્મ-તત્ત્વનું સંવેદન કરી એ તત્ત્વમાં મનને પુનઃ પુનઃ સ્થાપન કરવું. સંવેદ અને નિર્વેદને સાધવા માટે બાકીના શમાદિ અહીં ઉપાયો છે. એ ઉપાયોથી સાચો યોગ સધાય છે.

## ખરો ત્યાગ

(૧) કોંકણના કોઈ એક વૃદ્ધ પુરુષે પુત્ર સહિત દીક્ષા લીધી. પુત્ર ઉપર અતીવ પ્રેમ હતો. પુત્રે કહ્યું કે હું જોડા વિના ચાલી શકતો નથી તેથી ઉપાનહ આપ્યા. ઉપરના તળીયા ટાઢથી ફાટે છે એવું કહ્યું તો મોજા આપ્યા. મસ્તક બળતું હતું એટલે આચ્છાદન આપ્યું. ભિક્ષા જઈ શકતો નહોતો તો ભિક્ષા ઉપાશ્રયે લાવી આપી. ભૂમિ ઉપર સુઈ શકતો નહોતો એટલે સંથારો આપ્યો. લોચ કરી શકતો નહોતો એટલે અસ્ત્રો આપ્યો. અસ્નાનને સહી શકતો નહોતો એટલે પ્રાસુક જળથી સ્નાનની અનુજ્ઞા આપી. જાડા વસ્ત્ર ગમતા નહોતા, અવિરતિ વિના રહી શકતો નહોતો. તેથી પિતાએ બુચ્ચા! શઠ! વિગેરે કહીને ઉપાશ્રયમાંથી કાઢી મૂક્યો.

સંસારમાં આવીને કશું કાર્ય કરવું તો જાણતો નહોતો. છેવટે જંગલમાં ભૂખ ખાઈને અનશનથી મર્યો. વિષયવિષથી પીડિત થયેલો મરીને પાડો થયો. ભાર વહન કરતો હતો.

વૃદ્ધ મુનિ મરીને દેવ થયો. પૂર્વ સ્નેહથી પાડાને વેચાતો લીધો અને વૈક્રિય ગાડીમાં જોડ્યો. ખૂબ ભાર વહન કરાવી પરોણાથી મારતા. પાડારૂપી પુત્રને મુનિપણામાં ભિક્ષા, ભૂમિ, લોચ આદિ જેવા અસહ્ય લાગતા તે યાદ કરાવ્યું.

પોતે અવિરતિ વિના રહી શકતો નથી તો તેની ગવેષણા
ચિંતવના કરતાં જાતિસ્મરણ જ્ઞાન થયું અને
બોધ પામી, અનશન કરી દેવલોકમાં ગયો.

આમ ૧૮૦૦૦ શીલાંગ માટે
ઉપર્યુક્ત અપરાધ પદોને વર્જવા જોઈએ.

(૨) જે પ્રાપ્ત થયેલા કાન્ત અને પ્રિય એવા ભોગોને પણ અનેક પ્રકારે શુભભાવનાઓ વડે પુંઠ આપે છે, પરિત્યાગ કરે છે, બંધનથી બંધાઈ કે દેશાનિકાલ થઈને નહિ, કિન્તુ ભરત, જંબુ અથવા કાષ્ઠહારકની જેમ લોકમાં સારભૂત ત્રણ રત્નોની પ્રાપ્તિ, જલ અગ્નિ સ્ત્રીના ત્યાગની જેમ સ્વાધીનપણે ભોગોને છોડે છે, તે જ ખરો ત્યાગી છે.

## <u>સંસાર કઈ રીતે મિથ્યા કે અસત્ય છે?</u>

(૧) સસલાના શીંગડાનું તીર માર્યું – સસલાને શીંગડા હોય?
(૨) ભવિષ્યના આઠ વાગ્યા છે – આ કઈ રીતે શક્ય છે?
(૩) દિવસે દેખાતા તારા વીણીને મેં મારા કપાળમાં ચોડ્યા.
(૪) જો, વંધ્યા સ્ત્રીનાં બાળકો આનંદથી દોડાદોડ કરે છે.
(૫) ટોપા પક્ષીની પીઠ પર બેસીને આવે તો સવારી કરો.
(૬) મૃગતૃષ્ણાના જળમાં શરીર ચોળી-ચોળીને સ્નાન કર્યું.
(૭) આકાશને કહ્યું: તારો વાદળી રંગ આપી જા, નહિ તો તને મારવા માટે ટમણાં અમારી મદદમાં ટવા આવે છે.

## જીવન્મુક્તિનો ઉપાય : વાસનાક્ષય

તત્ત્વજ્ઞાન, વાસનાક્ષય, મનોનાશ;
જ્યાં સુધી એ ત્રણે એક સાથે સેવન થાય નહિ,
ત્યાં સુધી જીવન્મુક્તિ અનુભવાય નહિ.
જ્યાં સુધી મનોલય થાય નહિ,
ત્યાં સુધી વાસનાક્ષય થાય નહિ અને
જ્યાં સુધી વાસનાક્ષય થાય નહિ,
ત્યાં સુધી મનોલય થાય નહિ.
જ્યાં સુધી તત્ત્વજ્ઞાન થાય નહિ,
ત્યાં સુધી ચિત્ત શાંતિ થાય નહિ અને
જ્યાં સુધી ચિત્ત શાંતિ થાય નહિ,
ત્યાં સુધી તત્ત્વજ્ઞાન થાય નહિ.
જ્યાં સુધી વાસનાનો નાશ થશે નહિ,
ત્યાં સુધી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય નહિ,
જ્યાં સુધી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય નહિ,
ત્યાં સુધી વાસનાનો ક્ષય થાય નહિ.

નાઽપ્રાપ્યમભિવાંછન્તિ, નષ્ટં નેચ્છન્તિ શોચિતુમ્ ।
આપત્સુ ન ચ મુહ્યન્તિ, નરાઃ પંડિતબુદ્ધયઃ ॥૨૭॥

(પરિશિષ્ટ-૯)

## વાસનાની વ્યાખ્યા

આગળ પાછળના વિચાર વિના અંતઃકરણમાં ક્રોધ વિગેરે પ્રકારની વૃત્તિઓ ઉઠી આવે છે, એનું કારણ ચિત્તમાં રહેલા સંસ્કાર છે. આ સંસ્કારોએ આગળના અન્ય તેમ પણ આગળના અભ્યાસ દ્વારા ચિત્તમાં વાસન (વાસ) કર્યું છે, તેમ એનું નામ 'વાસના' છે. વિવેકજન્ય શમદમાદિ શુદ્ધ વાસનાઓ દૃઢ થાય ત્યારે બહારના નિમિત્તે પણ ક્રોધ વિગેરે ઉત્પન્ન ન થાય, એનું નામ 'વાસનાનો ક્ષય'.

આગળ પાછળનો વિચાર કર્યા વિના દૃઢ ભાવનાથી પદાર્થનું જે ગ્રહણ કરવામાં આવે છે, તેને 'વાસના' કહેવામાં આવે છે. પુરુષ પોતે તીવ્ર સંવેગથી જે ભાવના કરે છે, તે રૂપ થઈ જાય છે અને તેની બાજ સ્મૃતિ ચાલી જાય છે. આમ વાસનાને વશ થઈને પુરુષ તે તે વાસના રૂપ થાય છે અને પોતે જે જુએ છે, તે જ સાચી વસ્તુ છે, એવો મત પામે છે. આ પ્રમાણે વાસનાના વેગને પરવશ પડવાથી પોતાના સ્વરૂપને વિસરી જાય છે.

મોહ પીધેલ મનુષ્ય કેફને વશ થવાથી
યથાર્થ જોતો નથી, તેમ દૂષિત દૃષ્ટિવાળો
પણ સૌ કોઈ વસ્તુને ભ્રાંતિયુક્ત દેખે છે.

## વાસના સામાન્ય

પોતપોતાના દેશ, આચાર, કુળ, ધર્મ, ભાષામાંના સારા-માઠા શબ્દો વિગેરેને વિશે પ્રાણીઓનો જે આગ્રહ હોય છે,
તે વાસનાનું સામાન્ય ઉદાહરણ છે.
જેને જેવી વાસના હોય, તેના તેવા સંકલ્પ હોય છે.
જેવા સંકલ્પ તેવી ક્રિયા અને જેવી ક્રિયા તેવું ફળ.

## મલિન અને શુદ્ધ વાસના

અજ્ઞાનથી ઘનાઘન, અહંકારથી યુક્ત વાસના મલિન છે.
શુદ્ધ વાસના ભૂંજેલા બીજ જેવી હોય છે.
તે પુનર્જન્મરૂપી અંકુરથી રહિત અને
કેવળ દેહ ધારણાર્થે હોય છે.

અનેક જન્મોમાં દૃઢ અભ્યાસ કર્યો હોવાથી જેમ આ જન્મમાં પરોપદેશ વિના જ કામ-ક્રોધ, અહંતા, મમતા આદિ મલિન વાસનાઓ ઉત્પન્ન થાય છે, તેમ અનેક જન્મોમાં વિવેક અને વિચારપૂર્વક, ચિરકાળ સત્કાર વિધિપૂર્વક સેવન કરવાથી જે પરમ તત્ત્વની ભાવના દૃઢ થયેલ હોય છે, તે પછીથી મહાવાક્ય અને યુક્તિ આદિનું સ્મરણ કર્યા વિના જ સામે રહેલા ઘડાની જેમ આત્મતત્ત્વ સ્ફુર્યા જ કરે છે. બોધની અનુભૂતિ સાધકનો આ પ્રકારનો જે ઇંદ્રિય વ્યવહાર તે શુદ્ધ વાસનારૂપ છે.

## વાસના ત્રિવિધ

મલિનઃ (૧) લોક વાસના (૨) શાસ્ત્ર વાસના (૩) દેહ વાસના.

(૧) 'હું એવું આચરણ કરીશ કે સર્વ મનુષ્યો મારી સ્તુતિ જ કરે અને કોઈ મારી નિંદા કરે નહિ.'
આવો અભિનિવેશ તે લોક વાસના છે,
કે જે અશક્ય છે, તેથી મલિન છે.
લોક સ્તુતિ કે નિંદામાં યોગીની મનોવૃત્તિ સમાન રહે છે.

(૨) શાસ્ત્ર વાસનામાં પાઠ વ્યસન અનુપયોગી છે,
બહુ શાસ્ત્ર વ્યસન અશક્ય છે,
અનુષ્ઠાનનું વ્યસન દર્પ હેતુ માટે હોવાથી મલિન છે.
બ્રહ્મવિદ્યા, અધ્યાત્મવિદ્યા કે આત્મજ્ઞાન બોધક પદો
એ જ મુમુક્ષુને માટે ઉપયોગી છે.

(૩) આત્મત્વ, ગુણાધાન, દોષાપનયન,
ત્યાગ, અશક્ય હોવાથી દેહવાસના મલિન છે.
દેહને આત્મા માનવો એ પ્રમાણશૂન્ય છે.
સર્વ પાપો અને દુઃખોનો હેતુ છે.
સર્વ સદ્વ્યવહારો, સંયમ, તપ આદિના વિરોધી છે.
પૂર્વના સર્વ જ્ઞાની મુમુક્ષુઓ
દેહને આત્મત્વનો નિષેધ કર્યો છે.

ગુણાધાન અસિદ્ધ છે. માંસાદિના માળખારૂપ દેહને વિષે જેને પ્રીતિ થાય છે, તેને નરકને વિષે જ પ્રીતિ છે. જેને દેહની અપવિત્રતા ને અશુચિતાદિ વૈરાગ્ય ન આવે, તેને વૈરાગ્યનો બીજો કોઈ ઉપદેશ આપવાનો રહેતો નથી.

દેહ સર્વદા મલિન છે અને
દેહસ્થ આત્મા અત્યંત નિર્મળ છે.
એ બે વચ્ચે અંતર જાણ્યા
પછી કોની શુદ્ધિ કરશો?

'હું દેહ છું' એ નિશ્ચય કાળસૂત્ર નરકની કેડી છે, અવીચિ નરકની જાળ છે, અસિપત્રવન નરકની દ્વાર છે. સર્વનાશ થવા બેઠો હોય તો પણ એ નિશ્ચયને સર્વ પ્રયત્ને હટાવવો જ જોઈએ. કલ્યાણકાંક્ષીએ કૂતરાના માંસને લઈ જતી ચાંડાળણ સમાન એ અહંભાવનાનો ઓછો સરખો પણ ન લેવો. 'પગાદિ માથા સુધી હું માતા-પિતાદિ ઘડાયો છું'; એવો નિશ્ચય જૂઠો અને બંધનને જ લાવનારો છે,

કારણ કે દેહ કર્માદિ ઘડાયેલ છે.

સર્વ જીવ મૈત્રી થકી રાગવાસના જતી શકાય.
સર્વ જીવ કરુણા થકી દ્વેષવાસના જતી શકાય.
ગુણવાન પ્રમોદ થકી કુછંદ અતરફ વાસના જતી શકાય.
દોષી ઉપેક્ષા થકી પાપતરફ વાસના જતી શકાય.

મૈત્રીભાવ થકી ઈર્ષ્યા વાસના જીતી શકાય.
પ્રમોદભાવ થકી અસૂયા વાસના જીતી શકાય.
કારુણ્યભાવ થકી દ્રોહ વાસના જીતી શકાય.
માધ્યસ્થ્ય ભાવ થકી ક્રોધ વાસના જીતી શકાય.

## ઉભય વાસના ક્ષય

જેમ મેલા પાણીમાં નાખેલો નિર્મળીનો ભૂકો
બધા કચરાની સાથે પોતાને પણ દૂર કરે છે, તેમ
મલિન વાસનાના ત્યાગ માટેની શુદ્ધ વાસનાથી
મલિન વાસનાની સાથે સાથે શુદ્ધ વાસના પણ જાય છે.
પરિણામે મન વાસનાશૂન્ય થઈ રહે છે.

## વાસનાશૂન્યનો વ્યવહાર

યત્ન વિના આવી પડેલ દિશાને તથા દ્રવ્યોને વિશે
આંખ જેમ કશા ય રાગ વગર પડે છે,
તેમ ધીરપુરુષની બુદ્ધિ પોતાના કાર્યોમાં લાગે છે.
જેમ વટેમાર્ગુઓ માર્ગમાં આવેલા
ગામોને નિઃશંકપણે એક પછી એક જુએ છે,
તેમ જ્ઞાનવાન મહાત્મા પણ ભોગના સંદર્ભને જુએ છે.
જે નથી મળ્યું, તેને તેઓ વાંછતા નથી.
જે મળ્યું છે, તેને તેઓ ત્યજતા નથી, કિન્તુ
સદા આત્મામાં સ્વસ્થ રહે છે.

સૂર્ય જેમ દિવસને કરે છે, તેમ તેઓ આસક્તિ-રહિતપણે સર્વ ક્રિયાઓ કરે છે. તેઓ ભવિષ્યને વિષે અનુસંધાન કે ભૂતકાળને વિષે વિચાર કરતા નથી અને વર્તમાનની ક્ષણોને જાણે હસતા-હસતા અનુસરે છે.

## <u>જીવન્મુક્તિનાં લક્ષણો</u>

(૧) <u>કઠવલ્લી</u> પ્રમાણે વિશેષે મુક્ત (વિમુક્ત) થઈને
જીવ વિશેષ મુક્ત (વિમુક્ત) થાય છે.
જીવંત દશામાં જ જે જીવ
કામાદિના દૃઢ બંધનમાંથી વિશેષે મુક્ત થાય છે,
તે દેહ પડ્યા પછી
શેષ બંધનોથી વિશેષે મુક્ત થાય છે.

(૨) <u>બૃહદારણ્યક</u> પ્રમાણે જ્યારે હૃદયમાં રહેલી સર્વ કામનાઓ છૂટી જાય, ત્યારે તે મર્ત્ય મટીને અમૃત તથા મરણ ધર્મવાળો મટીને મરણરહિત થાય છે અને અહીં જ એટલે કે જીવિતદશામાં જ જીવ બ્રહ્મને પામે છે.

(૩) <u>શ્રુતિ</u> કહે છે: મનવાળો છતાં જાણે મન વિનાનો છે,
કાનવાળો છતાં જાણે તે કાન વિનાનો છે,
આંખોવાળો છતાં તે જાણે આંખ વિનાનો છે,
પ્રાણવાળો છતાં જાણે તે પ્રાણ વિનાનો છે.

(૭) <u>યોગવાશિષ્ઠ</u> : કેવળ એક જ્ઞાનમાં જ નિષ્ઠાવાળા અને આત્મજ્ઞાનના વિચારમાં જ પરાયણ રહેનારા મનુષ્યોમાં જે જીવન્મુક્તિ ઉદય પામે છે, તે વિદેહ મુક્તિ જેવી જ છે.

(૮) (a) વ્યવહારમાં રહેલો હોવા છતાં જેને માટે જેમનું તેમ રહેલું આ દૃશ્યજગત નષ્ટ અસ્ત પામ્યા, ચિદાકાશરૂપે જ કેવળ રહ્યું હોય છે, તે જીવ 'જીવન્મુક્ત' કહેવાય છે.

(b) સુખ-દુઃખમાં જેની મુખપ્રભા ઝળકતી-કરમાતી નથી, જે ગમે તેવી સ્થિતિ આવી પડતાં અડોલ ઊભો રહે છે,
તે 'જીવન્મુક્ત' કહેવાય છે.

(c) રાગ-દ્વેષ-ભય વિગેરેને અનુરૂપ વર્તવા છતાં
જે અંતરમાં આકાશની જેમ અત્યંત નિર્મળ છે,
તે 'જીવન્મુક્ત' કહેવાય છે.

(d) સુષુપ્તિમાં હોવા છતાં જે જાગ્રત છે,
જે જાગ્રત અવસ્થાને જાણતો નથી, જેનું જ્ઞાન
નિર્વાસન (વાસનારહિત) છે, તે જીવ 'જીવન્મુક્ત' છે.

(e) કર્મો કરતો હોય કે નહિ તો પણ જેને અહંકાર ભાવ થતો નથી - જેની બુદ્ધિ લેપાતી નથી, તે 'જીવન્મુક્ત' છે.

(f) જેનાથી લોકો ઉદ્વેગ પામતા નથી,
જે લોકોથી ઉદ્વેગ પામતો નથી અને હર્ષ, અમર્ષ તથા ભયથી પૂરો મુક્ત છે, તે જીવ 'જીવન્મુક્ત' છે.

(૪) જેની સંસારફળના અહંકૃતિ શત્રુ-મિત્ર, માનાપમાનાદિ ભાવના શાંત થઈ ગઈ છે, જે ક્રિયાવાન છતાં નિષ્ફલ છે, જે સચિત્ત છતાં નિશ્ચિંત છે, તે જીવ 'જીવન્મુક્ત' છે.

(૫) યોગવાશિષ્ઠ: જે સમસ્ત પદાર્થોને વિષે વ્યવહાર કરવા છતાં અહીં પરમાત્માને કાજે વ્યવહાર કરતો હોય સમ શીતલ રહે છે, તે પુણ્યાત્મા 'જીવન્મુક્ત' ગણાય છે.

## સ્થિતપ્રજ્ઞ આત્માના લક્ષણો

(૧) કામનારહિત (૨) રાગ-દ્વેષ વિમુક્ત
(૩) દુઃખમાં અનુદ્વિગ્ન (૪) સુખોમાં વિગતસ્પૃહ
(૫) મનને દમનારો-દાંત (૬) રાગ, ભય, ક્રોધરહિત
(૭) સર્વત્ર સ્નેહરહિત (૮) આત્મતૃપ્ત અને સંતુષ્ટ
(૯) વિષયોમાં રસરહિત (૧૦) કૂર્મવત્ સર્વેન્દ્રિય ગુપ્ત
(૧૧) પ્રિયાપ્રિયને વિષે હર્ષ-દ્વેષરહિત (૧૨) જિતેન્દ્રિય.

## ભગવદ્ ભક્તનાં લક્ષણો

(૧) સ્થિરમતિ (૨) ક્ષમાવાન
(૩) અનારંભી, નિરાકાંક્ષી (૪) સુખ-દુઃખ સમ
(૫) અદ્વેષ, મૈત્રકારુણ્યયુક્ત (૬) નિરપેક્ષ, ઉદાસીન
(૭) સમભાવ, નિઃસંગ, મૌની (૮) અહંત્વ, મમત્વરહિત
(૯) જ્ઞાની, દૃઢ બુદ્ધિ, કૃતજ્ઞ, સમર્પિત (૧૦) સંતુષ્ટ
(૧૧) અનુદ્વિગ્ન, હર્ષ-શોક-ભયોદ્વેગરહિત.

## નિ:સ્ત્રૈગુણ્યનાં લક્ષણો

(૧) નિરારંભી (૨) પ્રવૃત્તિ-નિવૃત્તિ સમ
(૩) શત્રુ-મિત્ર સમ (૪) સમાશ્મ લોષ્ઠ કાંચન
(૫) માનાપમાન સમ (૬) અનન્યે ભક્તિયુક્ત
(૭) પ્રિયાપ્રિય સમ (૮) સુખ-દુઃખમાં સમ, સ્વસ્થ
(૯) નિન્દા-સ્તુતિ સમ (૧૦) નિર્દ્વેષી, નિરાકાંક્ષ, ઉદાસીન
(૧૧) ગુણોમાં જ વર્તી રહ્યા છે, તેથી નિરહંકારી (૧૨) ધીર.

## બ્રહ્મનાં લક્ષણો

પૂર્ણતા, અનંતતા, અકર્તૃતા, અવિનાશિતા, નિરપેક્ષતા.

## બ્રાહ્મણનાં લક્ષણો (મહાભારત)

જનસમૂહથી સર્પની જેમ બીવે,
સન્માનથી નરકની જેમ બીવે,
સ્ત્રીઓથી શબની જેમ બીવે, તે 'બ્રાહ્મણ' છે.

(૧) અક્રોધી (૨) ધ્યાન પરાયણ
(૩) બ્રહ્મવેત્તા (૪) મૌની - સર્વાત્મૈકત્વભાવ
(૫) અનારંભી (૬) અદીન - નિર્દ્વંદ્વ, સત્ત્વસ્થ
(૭) પ્રસન્નવદન (૮) આત્મકર્મ અને આત્મક્લેશ
(૯) નિરાશ, નિરાશિષ (૧૦) આત્મરાગની બ્રહ્માદ્વૈતભાવ
(૧૧) શયન, વસ્ત્ર, ભોજનાદિને વિષે સંતુષ્ટ (૧૨) ધીર.

બ્રહ્મ જાનાતીતિ બ્રાહ્મણઃ ।

## અતિવર્ણાશ્રમીનાં લક્ષણો (સૂત સંહિતા)

(૧) ત્રણે અવસ્થામાં સૂર્યની જેમ સાક્ષી
(૨) ત્રિગુણાતીત, જ્ઞાનગુણાદિનાં લક્ષણોથી મુક્ત
(3) જીવન્મુક્ત, સ્થિતપ્રજ્ઞ, ભગવદ્ભક્ત
(૪) સંયમી (૫) સર્વની સાક્ષી (૬) તુરીય અવસ્થાવાન
(૭) શરીર ઇંદ્રિયોથી ભિન્ન (૮) નિત્ય આત્મામાં સ્થિત
(૯) સ્વપ્નવત્ સંસારદૃષ્ટા (૧૦) આત્માને ઈશ્વરરૂપ જાણનાર
(૧૧) નિરહંકારી, નિર્માની, કર્તૃત્વભોક્તૃત્વાભિમાનથી રહિત
(૧૨) પરમ વિરાગ સ્વરૂપ, સ્વયં પ્રકાશ પરબ્રહ્મનો જ્ઞાતા
(૧૩) નિરંજન, નિત્યશુદ્ધ, ચિદ્રૂપ એવા આત્માને વેદાંત વાક્યોથી નિશ્ચિતપણે જાણનારો અતિવર્ણાશ્રમી છે.

## મનોનાશ

મનનો ઉદય એ પુરુષના નાશરૂપ છે અને મનનો નાશ એ પુરુષના ઉદયરૂપ છે.

## મનોનાશના ઉપાયો

(૧) અધ્યાત્મ વિદ્યાની પ્રાપ્તિ: એ દૃશ્યનું મિથ્યાત્વપણું તથા દૃષ્ટાનું સ્વયં પ્રકાશત્વપણું બતાવે છે.

(૨) સાધુઓનો સમાગમ: બોધ પામવા છતાં તે વારંવાર ભૂલાઈ જાય છે, તેનું વારંવાર સ્મરણ કરાવવા માટે સાધુજનોના સંગની જરૂર છે.

(૩) વાસનાનો ત્યાગ: સાધુઓના સમાગમ છતાં મદ વિગેરે
વાસનાથી પીડીત તેઓના બોધને અનુસરી શકતો નથી,
માટે સૌએ વિવેકપૂર્વક વાસનાનો ત્યાગ કરવો જોઈએ.

(૪) પ્રાણસ્પંદનો નિરોધ (પ્રાણાયામ)

વિવેકપૂર્વક વાસના ત્યાગ ન કરી શકે,
તેને માટે પ્રાણસ્પંદનો નિરોધ ઉપાય છે.

કહ્યું છે કે:

વૃત્તિરૂપી વેલના ધારક ચિત્તરૂપી વૃક્ષના બે બીજ છે:
એક પ્રાણ પરિસ્પંદ, બીજું દૃઢ વાસના.

સર્વમાં વ્યાપક ચૈતન્ય પ્રાણના સ્પંદથી જાગ્રત થાય છે.
એ ચૈતન્યના વિસ્તારથી ચિત્તમાં અનંત દુઃખો થાય છે.
ચૈતન્યનો વિસ્તાર વૃત્તિઓના વિસ્તાર રૂપ છે.
વળી વાસનાને વશ રહેવાથી પ્રાણસ્પંદ થાય છે અને
પ્રાણસ્પંદથી વાસના જાગે છે. ચિત્તના બીજરૂપ વાસના
અને પ્રાણસ્પંદનો વ્યવસ્થિત ક્રમ બીજ-અંકુર સરખો છે.

ચિત્તરૂપી વૃક્ષના
પ્રાણસ્પંદન અને વાસના એ બે બીજમાંનું
એક પણ બીજ જો ક્ષીણ થાય,
તો બંનેનો નાશ થાય છે.

ॐ

## પ્રાણસ્પંદ નિરોધના ઉપાયો

(a) પ્રાણાયામનો દૃઢ અભ્યાસ

(b) આસનનો જય (c) આહારનો જય

## વાસનાનાશના ઉપાયો

(a) સંસારને વિષે સત્યત્વની બુદ્ધિનો ત્યાગ

(b) અસંગ વ્યવહાર (c) શરીરની નશ્વરતાનું જ્ઞાન.

વાસનારહિત થવાથી મન જ્યારે મનન કરતું નથી, ત્યારે પરમશાંતિને આપનારી અમનસ્કતા ઉદય પામે છે.

## પ્રાણ નિરોધ

જેમ પર્વતની ધાતુઓ તપાવવાથી તેમના મળ બળી જાય છે, તેમ ઈંદ્રિયોએ કરેલા દોષો, પ્રાણનો નિગ્રહ કરવાથી બળી જાય છે. ઈંદ્રિયો થાકે છે, પણ પ્રાણ કદી થાકતો નથી. ઈંદ્રિયો આદિનો નાશ શક્ય છે, પ્રાણનાશ શક્ય નથી. ઈંદ્રિયો આદિની ચેષ્ટા પણ પ્રાણને આધીન છે, તેથી ઈંદ્રિયો-મન-વાણી વિગેરે પ્રાણરૂપ પણ કહેવાય છે.

પ્રાણના વેગની અતિમંદતા

તે જ પ્રાણનો કુંભક ગણાય છે.

સમાધિ અને તેના ૮ અંગો મનોનાશના કારણો છે.

ॐ

## નિશ્ચય અરિહંતનું સ્વરૂપ

केवल-दर्शन-ज्ञानमयान् केवलसुखस्वभावान् ।
जिनवरान् वन्दे भक्त्या यैः प्रकाशिता भावाः ॥१॥

(પરિશિષ્ટ-૧૦)

## નિશ્ચય સિદ્ધનું સ્વરૂપ

ये जाता ध्यानाग्निना कर्मकलङ्कानि दग्ध्वा ।
नित्य-निरंजन-ज्ञानमयास्तान् परमात्मनः नत्वा ॥२॥

(પરિશિષ્ટ-૧૧)

## નિશ્ચય આચાર્યનું સ્વરૂપ

ये परमात्मानं पश्यन्ति मुनयः परमसमाधिं धृत्वा ।
परमानन्दस्य कारणेन त्रीनपि तानपि नत्वा ॥३॥

(પરિશિષ્ટ-૧૨)

## અનેકાન્ત દૃષ્ટિ

વાસ્તવિક અનેકાન્ત તત્ત્વને માન્યા વિના સરતું કે 'આત્મા પોતાપણે છે અને પરપણે નથી' તેમ યથાર્થપણે માનવું તે સાચી અનેકાન્તદૃષ્ટિ છે. તેને માન્યા વિના સાચો અનુભવ ન થાય. આત્મા પોતાપણે પણ છે અને પરપણે પણ છે, એવી જે દૃષ્ટિ તે એકાન્ત દૃષ્ટિ છે. જો દ્રવ્યને એક માન્યાં તેમ તે જ ખરી એકાંત દૃષ્ટિ છે.

આત્માની પોતાપણે અસ્તિ - પરની આત્મામાં નાસ્તિ છે,
એવી જે દૃષ્ટિ તે જ ખરી અનેકાન્તદૃષ્ટિ છે.
તેને માન્યા વિના સાચો અનુભવ કોઈ રીતે જ નહિ.
તેને આત્માનું વેદન નથી, પણ વિકારનું જ વેદન છે.

पंचास्तिकाय-षट्द्रव्य-सप्ततत्त्व-नवपदार्थेषु मध्ये
शुद्धजीवास्तिकाय-शुद्धजीवद्रव्य-शुद्धजीवतत्त्व
शुद्धजीवपदार्थसंज्ञं स्वशुद्धात्मभावमुपादेयं
तस्माच्चान्यद् हेयं कथयन्ति, शुद्धात्मस्वभावसम्यक्
श्रद्धान-ज्ञानानुचरणरूपाऽभेद रत्नत्रयात्मकं
निश्चय-मोक्षमार्गं च कथयन्ति
ये ते भवन्त्युपाध्यायास्तानहं वन्दे ॥ (પરિશિષ્ટ-૧૩)

નિશ્ચય સાધુ સ્વરૂપ

शुद्धबुद्धैकस्वभाव, शुद्धात्मतत्त्व, सम्यक्श्रद्धान
ज्ञानानुचरणतपश्चरणरूपाऽभेद-चतुर्विध
निश्चयाराधनात्मक-वीतराग-निर्विकल्पसमाधिं
ये साधयन्ति ते भवन्ति साधवस्तानहं वन्दे ।
अत्राऽयमेव ते समाचरन्ति कथयन्ति साधयन्ति च
वीतरागनिर्विकल्प-समाधिं तमेवोपादेयभूतस्य स्वशुद्ध
-आत्मतत्त्वस्य साधकत्वादुपादेयं जानीहि इति भावार्थः ।
(પરિશિષ્ટ-૧૪)

૭૬૩

હાવો મુખવિકારઃ સ્યાદ્ । ભાવશ્ચિત્તોત્થ ઉચ્યતે ।
વિલાસો નેત્રજો જ્ઞેયઃ । વિભ્રમો ભ્રૂયુગાન્તયોઃ ॥૧॥

(પરિશિષ્ટ-૧૫)

## સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર

નિજ-શુદ્ધાત્મ-ભાવનોત્થ-વીતરાગસહજાનન્દૈકરૂપ-
સુખરસાસ્વાદરુચિરૂપં સમ્યગ્ દર્શનમ્ । ॥૧॥
તત્રૈવ સ્વશુદ્ધાત્મનિ વીતરાગસહજાનન્દૈક-
સ્વસંવેદન-પરિચ્છિત્તિરૂપં સમ્યગ્જ્ઞાનમ્ । ॥૨॥
વીતરાગ-સહજાનન્દૈક-પરમ-સમરસીભાવેન
તત્રૈવ નિશ્ચલ-સ્થિરત્વં સમ્યક્ ચારિત્રમ્ । ॥૩॥

(પરિશિષ્ટ-૧૬)

## દ્રવ્ય-ગુણ-પર્યાય

(૧) અન્વય તે દ્રવ્ય છે. (૨) અન્વય વિશેષ તે ગુણ છે.
(૩) અન્વય વ્યતિરેક - ભેદો તે પર્યાયો છે.

### 'અન્વય તે દ્રવ્ય' એટલે શું?

જે અવસ્થા પલટે છે, તે કાંઈક કાયમ રહીને પલટે છે. જેમ દરિયાના મોજા પાણી અને શાતપતા કાયમ રહીને ઉઠે છે, પાણી વગર અધ્ધરથી મોજા ઉઠે નહિ, તેમ

આત્મામાં પર્યાયરૂપી મોજાં-લહેર બદલાય છે. બદલાતા તે એકેક લહેર જેટલો જ આત્મા નથી, પણ બધા લહેરોમાં સળંગપણે ટકી રહેનારો આત્મા છે. ત્રિકાળ ટકી રહેનાર આત્મદ્રવ્યના આધારે પર્યાયો પરિણમે છે.
પહેલાં અને પછી બધા પર્યાયોમાં કાયમ રહે તે દ્રવ્ય.
પરિણામો તો દરેક સમયે એક પછી એક નવા નવા થાય.
બધાં પરિણામોમાં સળંગપણે એકસરખું રહેનાર દ્રવ્ય છે.

પહેલાં પણ તે જ હતું અને પછી પણ તે જ છે,

અર્થાત પહેલાં પછીનું એકપણું તે અન્વય છે

અને અન્વય તે દ્રવ્ય છે.

પહેલાં પછીની જોડરૂપ જે પદાર્થ તે દ્રવ્ય છે.

પર્યાયો પહેલાં પછીની જોડરૂપ નથી.

તે પહેલાં પછીની અવસ્થા છુટી છુટી (વ્યતિરેક રૂપ) છે અને દ્રવ્ય પહેલાં પછીના સંબંધરૂપ (અન્વય રૂપ) છે.
એક અવસ્થા તે બીજી નહિ, બીજી અવસ્થા તે ત્રીજી નહિ.

અવસ્થામાં જુદાપણું છે,

પણ જે દ્રવ્ય પહેલાં સમયે હતું, તે જ બીજા સમયે છે,

બીજા સમયે હતું, તે જ ત્રીજા સમયે છે.

આમ દ્રવ્યમાં સળંગ - સદૃશપણું છે.

જેમ સોનાની અવસ્થાના ઘાટ અનેક પ્રકારના હોય છે, તેમાં વીંટી રૂપ ઘાટ વખતે કુંડળ ન હોય, કુંડળ રૂપ ઘાટ વખતે કડું ન હોય, એટલે દરેક પર્યાયના ઘાટનું જુદાપણું છે, પણ જે સોનું વીંટી રૂપે હતું તે જ કુંડળરૂપે છે. બધા ઘાટમાં સોનું તો એક જ છે. કયા ઘાટ વખતે સોનું નહિ? બધી અવસ્થા વખતે સોનું છે, તેમ અજ્ઞાન દશા વખતે સાધક દશા, સાધક દશા વખતે સાધ્ય દશા ન હોય. આ રીતે દરેક પર્યાયનું જુદાપણું છે, પણ જે આત્મા અજ્ઞાનદશામાં હતો, તે જ સાધકદશામાં છે અને જે સાધક દશામાં હતો, તે જ સાધ્યદશામાં છે. બધી જ અવસ્થામાં આત્મદ્રવ્ય તો એક જ છે. કઈ અવસ્થામાં આત્મા નહિ? બધી અવસ્થામાં કાયમ સાથે રહીને ગમન કરે તે આત્મદ્રવ્ય.

'અન્વયનું વિશેષણ તે ગુણ' કઈ રીતે?

અન્વયનું વિશેષણ તે ગુણ છે. કડું, કુંડળ અને વીંટી બધી અવસ્થામાં રહેનાર સોનું તે દ્રવ્ય છે, પરંતુ સોનું કેવું છે? પીળું છે, ભારે છે, ચીકણું છે, એમ પીળાશ વગેરે વિશેષણ સોનાને લાગુ પડ્યાં, તે સોનાના ગુણ છે. તેમ આત્મદ્રવ્ય કેવું છે? જ્ઞાનસ્વરૂપ, દર્શનસ્વરૂપ, ચારિત્ર સ્વરૂપ, એમ જ્ઞાન-દર્શન-ચારિત્ર વિશેષણો આત્મદ્રવ્યને લાગુ પડે છે,

માટે તે જ્ઞાનાદિ આત્મદ્રવ્યના ગુણ કહેવામાં આવે છે.

'દ્રવ્યની શક્તિને ગુણ' કહેવાય છે.

આત્મા એ ચેતન દ્રવ્ય છે. ચૈતન્ય તેનું વિશિષ્ટ છે. વસ્તુમાં કાંઈક વિશિષ્ટ તો હોય જ. પરમાણુમાં જે પુદ્ગલ તે દ્રવ્ય છે. વર્ણ-ગંધ વગેરે તેના વિશિષ્ટો ગુણ છે. કડવાશ અફીણનું અને ગળપણ ગોળનું વિશિષ્ટ છે. એમ આત્મદ્રવ્યનું વિશિષ્ટ મુખ્યપણે જ્ઞાન છે, તે રીતે દર્શન-ચારિત્ર-વીર્ય-અસ્તિત્વ વગેરે અનંત ગુણ છે. તે બધા આત્માના વિશિષ્ટ છે. આત્મામાં અનંત શક્તિ ગુણ છે. તે ગુણ દ્રવ્યને જ ઓળખાવનાર છે.

'અન્વયના વ્યતિરેકો તે પર્યાયો' કઈ રીતે?

દ્રવ્યના જે ભેદો તે પર્યાયો છે. દ્રવ્ય તો ત્રિકાળ છે. તે ક્રમક્રમના ભેદપણે - ક્રમક્રમવર્તી ભાવપણે લક્ષમાં લેવું તે પર્યાય છે. પર્યાયનો સ્વભાવ વ્યતિરેક રૂપ છે, અર્થાત્ એક પર્યાય વખતે બીજો પર્યાય હોય નહિ. ગુણ અને દ્રવ્ય સદા સાથે હોય પણ પર્યાય એક પછી એક હોય છે. કોઈ વસ્તુ પર્યાય વગર હોઈ શકે જ નહિ.

ગુણ અને પર્યાયમાં શું તફાવત?

સહભાવીને 'ગુણ' અને ક્રમભાવીને 'પર્યાય' કહેવાય છે.

દ્રવ્યની સાથે રહે તે સહભાવી કહેવાય નહિ, કારણ કે પર્યાય પણ દ્રવ્યની સાથે જ રહે છે, પરન્તુ સહભાવિતાનો અર્થ એ છે કે ગુણ જ્ઞાન ગુણીને સાથે રાખીને રહે છે અને પર્યાય જે ક્ષણે છે, તે ક્ષણે જ્ઞાન પર્યાયને સાથે રાખતો નથી. જેમ કે પુદ્ગલમાં રૂપરસાદિ સાથે રહે છે તે ગુણ અને સડનપડનાદિ પ્રતિક્ષણે બદલાતા ધર્મો તે પર્યાય છે. જીવમાં જ્ઞાન-દર્શનાદિ સાથે રહે છે માટે ગુણ - નરનારકાદિ ક્રમથી થાય છે માટે પર્યાય છે.

વીતરાગના શાસનમાં નયો બે જ છે, પણ ગુણાસ્તિક એવો ત્રીજો નય માન્યો નથી. એ અપેક્ષાએ ગુણ પર્યાયનો અભેદ પણ છે, કારણ કે પર્યાય જે પૂર્વક્ષણમાં હતો તે ઉત્તરક્ષણમાં એમ રહેતો નથી, તેમ ગુણ પણ જે પૂર્વક્ષણમાં જે રૂપે હતો, તે જ રૂપે ઉત્તરક્ષણમાં રહેતો નથી. દ્રવ્યાસ્તિક નયની અપેક્ષાએ દ્રવ્ય એ જેમ 'દ્રવ્ય' કહેવાય છે, તેમ ગુણ પર્યાય પણ 'દ્રવ્ય' કહેવાય છે. એ જ રીતે પર્યાયાસ્તિક નયની અપેક્ષાએ ગુણપર્યાય જેમ 'પર્યાય' કહેવાય, તેમ દ્રવ્ય એ પણ પર્યાય જ છે.

દ્રવ્યાસ્તિક નય જ્યારે પોતાનું નિરૂપણ કરે છે ત્યારે ગુણ પર્યાયનો દ્રવ્યની સાથે અભેદાન્વય કરી ગુણ

પર્યાયનો દ્રવ્ય જ કરે છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર એ ગુણો છે, નરનારકાદિ એ જીવના પર્યાયો છે, છતાં આત્મા જે જ્ઞાનાદિસ્વરૂપ કે 'નરકાદિસ્વરૂપ' કહેવાય છે, તે દ્રવ્યાસ્તિકનયની અપેક્ષાએ 'અભેદ વિવક્ષા' કરી કહેવાય છે. સહભાવને યાવદ્ દ્રવ્યભાવ અને ક્રમભાવને 'અયાવદ્ દ્રવ્યભાવ' પણ કહેવાય છે. એમ પર્યાયનું લક્ષણ ક્રમભાવપણું છે, તેમ 'અનેકત્વ' પણ છે. દ્રવ્ય તો એક જ છે, છતાં જ્ઞાનદર્શનાદિક જે ભેદ થાય છે, તે પર્યાય જ છે પણ 'ગુણ' ન કહેવાય.

ભગવંતની દેશના દ્રવ્ય-પર્યાય બે જ નયની છે,

પણ દ્રવ્ય-ગુણની દેશના નહિ.

ગુણ એ પર્યાયથી ભિન્ન નહિ, તો દ્રવ્યગુણ પર્યાય ત્રણ કેમ કહેવાય છે? તેનું કારણ વિવક્ષા છે. ભેદનયની કલ્પનાથી કહેવાય છે. 'તૈલસ્યધારા'માં તેલ અને ધારા ભિન્ન કહ્યા પણ ભિન્ન નહિ, તેમ સહભાવ-ક્રમભાવ કરીને ગુણ-પર્યાય ભિન્ન કહ્યા, પણ પરમાર્થે ભિન્ન નહિ, ઉપચરિત ભેદ છે. સૂત્રમાં રૂપાદિકને ગુણ નહિ પણ પર્યાય કહ્યા છે. વણ્ણપજ્જવા, ગંધપજ્જવા, 'એકગુણ રક્ત' ઇત્યાદિ કહ્યું છે, ત્યાં ગુણ શબ્દ ગણિતશાસ્ત્ર સિદ્ધ પર્યાય

વિશેષ સંજ્ઞાવાચી ભેદો, પણ ગુણાસ્તિકનય વિષયવાચી નહિ. દ્રવ્ય પર્યાય અને ગુણ પર્યાય અથવા 'ગુણપર્યાય' જે કહેવાય છે, તે ભેદ કલ્પનારૂપ છે પણ પરમાર્થે નહિ. ગુણ એ પર્યાયનું દળ કે ઉપાદાન નહિ પણ પર્યાયનું જ ભેદવિવક્ષા એ બીજું નામ છે. અન્યથા ઘટે નહિ.

## આત્મજ્ઞાન માત્ર કેમ?

લક્ષણની પ્રસિદ્ધિથી લક્ષ્યની પ્રસિદ્ધિ થાય છે. જ્ઞાન આત્માનું લક્ષણ અસાધારણ ગુણ છે. અન્ય દ્રવ્યમાં નહિ, તેથી તે વડે લક્ષ્ય આત્માની સિદ્ધિ થાય છે. જે લક્ષણ અપ્રસિદ્ધ હોય તેનું લક્ષ્ય પ્રસિદ્ધ થાય જ નહિ. લક્ષ્યથી લક્ષણ ભિન્ન નહિ. દ્રવ્યપણે બંનેને અભેદ છે, છતાં લક્ષણ પ્રસિદ્ધ છે અને લક્ષ્ય પ્રસાધ્યમાન છે. પ્રસિદ્ધ અનુભવસિદ્ધ એવા જ્ઞાન વડે પ્રસાધ્યમાન, તદવિનાભૂત-જ્ઞાનની સાથે અવિનાભાવ સંબંધવાળા અનંત ધર્મોના સમુદાય મૂર્તિ આત્મા છે. જ્ઞાન પ્રસિદ્ધ છે અને જ્ઞાન સાથે જેનો અવિનાભાવ સંબંધ છે, એવા અનંત ધર્મોના સમુદાય સ્વરૂપ આત્મા તે જ્ઞાન વડે પ્રસાધ્યમાન છે. વસ્તુનું સ્વરૂપ દ્રવ્ય-પર્યાયમય છે. ચૈતન્ય પણ વસ્તુ છે. તે ચૈતન્ય આત્મા અનંત શક્તિઓથી ભરેલો છે.

કર્મ-અકર્મરૂપ અનેક પ્રકારના પરિણામના વિકારોના સમુદાયરૂપ અનેકાકાર થાય છે, તો પણ જ્ઞાનને, અસાધારણ લક્ષણને છોડતો નથી. સર્વ અવસ્થાઓ, પરિણામો, પર્યાયો જ્ઞાનમય જ છે. અનેકાંત સંગત દ્રષ્ટિ વડે અનેકાંતમય વસ્તુ સ્થિતિને જોઈને દેખે છે, તેથી સ્યાદ્વાદરૂપ જિનનીતિ આદિને નહિ ઉલ્લંઘતા થકા જ્ઞાન સ્વરૂપ થાય છે.

## ઉપાય-ઉપેય ભાવ

આત્મવસ્તુને જ્ઞાનમાત્રપણું હોવા છતાં પણ તેનો ઉપાય-ઉપેયભાવ છે જ.

એક હોવા છતાં સાધક-સિદ્ધ એમ બંને રૂપે પરિણમે છે.

આત્મા પરિણામી છે.

સાધકપણું અને સિદ્ધપણું એ બન્ને પરિણામ છે.

તેમાં જે સાધકરૂપ છે તે ઉપાય, સિદ્ધરૂપ છે તે ઉપેય છે.

અનાદિકાળથી આત્મા મિથ્યાદર્શન જ્ઞાન ચરિત્ર વડે સ્વરૂપથી ચ્યુત હોવાને લીધે સંસારમાં ભમે છે.

સુનિશ્ચળપણે ગ્રહણ કરેલાં વ્યવહાર રત્નત્રયના પાકના પ્રકર્ષની પરંપરા વડે અનુક્રમે સ્વરૂપમાં આરોહણ કરે છે. સ્વરૂપ અનુભવે ત્યારથી જ્ઞાન સાધકરૂપે પરિણમે છે, તે જ્ઞાનમાં નિશ્ચય રત્નત્રય અંતર્ભૂત છે. તેની શરૂઆતથી

માંડીને સ્વરૂપ અનુભવની વૃદ્ધિ થતાં પૂર્ણતા ન થાય
ત્યાં સુધી જ્ઞાનનું સાધક રૂપે પરિણમન છે. નિશ્ચય
રત્નત્રયની પૂર્ણતાથી જ્યારે સમગ્ર કર્મનો નાશ થાય,
ત્યારે જ્ઞાન સિદ્ધરૂપે પરિણમે છે. તે વખતે તેનો નિર્મળ
સ્વભાવભાવ અસ્ખલિત દેદીપ્યમાન થાય છે. આ રીતે
સાધક અને સિદ્ધ એમ બન્ને રૂપે પરિણમતું એક
જ જ્ઞાન આત્મવસ્તુનું ઉપાય-ઉપેયપણું સાધે છે.
બીજાં અનેક અંત=ધર્મ ગર્ભિત છે, એવા એક જ્ઞાન
માત્ર ભાવરૂપ આ ભૂમિને જેઓ પ્રાપ્ત કરતાં નથી
તેઓ સદા અજ્ઞાની રહે છે
અર્થાત્ જ્ઞાનમાત્ર ભાવનું સ્વરૂપથી અભવન અને
પરરૂપથી ભવન દેખતા, જાણતા, આચરતા થકા
મિથ્યાદૃષ્ટિ, મિથ્યાજ્ઞાની, મિથ્યાચારિત્રી રહે છે અને
ઉપાય-ઉપેય ભાવથી અત્યંત ભ્રષ્ટ થઈને
સંસારમાં જ પરિભ્રમણ કરે છે.
ઉપાય-ઉપેયમાં જ્ઞાનમાત્રનું અનન્યપણું છે,
એમ જાણ જેઓ જ્ઞાનમાત્ર આત્મવસ્તુનું નિષ્કંપ
ગ્રહણ કરે છે તેવા મુમુક્ષુઓને અનાદિથી ભૂમિકાની
પ્રાપ્તિ ન થઈ હોય તો તેને પણ તત્ક્ષણ ભૂમિકાની પ્રાપ્તિ

થાય છે. પણ તેમાં જ નિત્યમગ્ન રહેતા તે મુમુક્ષુઓ કે જેઓ પોતાથી જ કમ-અકમરૂપ પ્રવર્તતા અનેક અંતની મૂર્તિઓ છે, તેઓ સાધકભાવથી ઉત્પન્ન થતી પરમ પ્રકર્ષની કોટિરૂપ સિદ્ધિભાવનું ભાજન થાય છે.

## ઉપસંહાર

'આ ચેતન છે' એવો જે અન્વય તે દ્રવ્ય છે. અન્વયને આશ્રિત રહેલું 'ચૈતન્ય' એવું જે વિશેષણ તે ગુણ છે અને એક સમયની મર્યાદાવાળું કાળ પરિમાણ હોવાથી પરસ્પર અપ્રવૃત્ત એવા જે અન્વય વ્યતિરેકો અર્થાત્ એકબીજામાં નહિ પ્રવર્તતા એવા જે અન્વયના વ્યતિરેકો તે પર્યાયો છે, કે જેઓ ચિદ્વિવર્તની-આત્માના પરિણામની ગ્રંથિઓ છે. જ્ઞાનની ગાંઠો છે. ગાંઠો કેમ? પર્યાય પોતે તો એક સમયની છે, પરંતુ એક સમયની પર્યાય વડે તે કાલિક દ્રવ્યને જાણવાનું સામર્થ્ય છે. એક જ સમયની પર્યાયમાં ત્રિકાળિક દ્રવ્યનો નિર્ણય થાય છે, એવું પર્યાયનું સામર્થ્ય બતાવવા ચિદ્વિવર્તની ગ્રંથિ કીધી છે.

## મોક્ષમાર્ગમાં નિશ્ચય-વ્યવહાર

જ્યાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને મોક્ષમાર્ગ કહીએ છે, ત્યાં તે ત્રણે ય એક આત્માના જ ભાવ છે, તેથી તે

રત્નત્રય સ્વરૂપ આત્માનો જ અનુભવ થવો તે નિશ્ચય મોક્ષમાર્ગ છે. જ્યાં શુદ્ધ અનુભવની સાક્ષાત્ પ્રાપ્તિ ન થાય, ત્યાં શુદ્ધ એક દેશરૂપ મોક્ષમાર્ગ હોય તેને કથંચિત્ સર્વ દેશરૂપ મોક્ષમાર્ગ કહેવો તે <u>વ્યવહાર</u> છે અને તે એક દેશને એક દેશરૂપે કહેવો તે <u>નિશ્ચય</u> છે.

વળી દર્શન-જ્ઞાન-ચારિત્રને ભેદરૂપ કહીને તેને મોક્ષમાર્ગ કહેવો તે વ્યવહાર છે, તેમ જ બાહ્ય-પરદ્રવ્યરૂપ જે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ તેમાં નિમિત્ત છે, તેને દર્શન-જ્ઞાન-ચારિત્ર નામથી કહેવા તે વ્યવહાર. જેમ કે:

(૧) દેવ, ગુરુ, શાસ્ત્ર કે જીવાદિક તત્ત્વોની શ્રદ્ધાને 'સમ્યગ્દર્શન' કહેવું.

(૨) દેવ, ગુરુ, શાસ્ત્રના કે જીવાદિ તત્ત્વોના જ્ઞાનને 'સમ્યગ્જ્ઞાન' કહેવું.

(૩) ૫ મહાવ્રત, ૫ સમિતિ, ૩ ગુપ્તિને 'સમ્યક્ચારિત્ર' કહેવું.

(૪) બાર પ્રકારના બાહ્યાભ્યંતર તપને 'સમ્યક્તપ' કહેવું.

એ રીતે ભેદરૂપ કે પરદ્રવ્યના આલંબનરૂપ પ્રવૃત્તિ તે અધ્યાત્મશાસ્ત્રની અપેક્ષાએ વ્યવહાર કહેવામાં આવે છે, કેમકે (૧) વસ્તુના એક દેશને વસ્તુ કહેવી 'અનુપચરિત વ્યવહાર' તથા (૨) પરદ્રવ્યના આલંબનરૂપ પ્રવૃત્તિને તે

વસ્તુના નામથી કહેવા તે 'ઉપચરિત વ્યવહાર' છે.

વળી અધ્યાત્મ શાસ્ત્રોમાં એવું પણ વર્ણન છે: અનંત ધર્મરૂપ વસ્તુ છે, તેને દ્રવ્ય-પર્યાયરૂપે વર્ણવવામાં આવે છે, ત્યાં વસ્તુને દ્રવ્યમાત્ર કહેવા અથવા પર્યાય માત્ર કહેવા તે વ્યવહારનો વિષય છે અને દ્રવ્યનો તેમ જ પર્યાયનો પણ નિષેધ કરીને વસ્તુને વચન અગોચર કહેવા તે નિશ્ચયનયનો વિષય છે તથા 'જે વસ્તુ દ્રવ્યરૂપ છે, તે જ પર્યાયરૂપ' એમ બંનેને પ્રધાન કરીને કહે, તે પ્રમાણનો વિષય છે. જેમકે: જીવને ચૈતન્યરૂપ, નિત્ય, એક, અસ્તિરૂપ કહેવો તે દ્રવ્યાર્થિકનયનો વિષય છે અને જ્ઞાન-દર્શનરૂપ, અનિત્ય, અનેક, નાસ્તિત્વરૂપ કહેવો તે પર્યાયાર્થિકનયનો વિષય છે. એ બંનેનો સમાવેશ વ્યવહારનયમાં સમજવો. તે બંને પ્રકારની પ્રધાનતા નિષેધ માત્ર વચન અગોચર કહેવો તે નિશ્ચયનયનો વિષય છે અને તે બંને પ્રકારને પ્રધાન કરીને કહેવું તે પ્રમાણનો વિષય છે. એ પ્રમાણે જિનમત અનેકાન્ત સ્વરૂપ સ્યાદ્વાદમય છે અને નયોને આશ્રયે તેનું કથન છે. ત્યાં નયોનો પરસ્પર વિરોધ છે, તેને સ્યાદ્વાદ મટાડે છે. તેનાથી જ નયોના વિરોધ-અવિરોધનું સ્વરૂપ સમજાય છે.

## નિશ્ચય અને વ્યવહાર

જે પ્રકારે જિનાગમની વ્યાખ્યા: આગમરૂપ, અધ્યાત્મરૂપ.
જ્યાં સામાન્ય-વિશેષપણે સર્વપદાર્થોનું
નિરૂપણ કરવામાં આવે તે આગમરૂપ છે.
વ્યાખ્યાના બીજા પણ બે ભેદ છે:
હેતુવાદરૂપ અને અહેતુવાદરૂપ.
આજ્ઞા વડે જ કથનની પ્રમાણતા તે અહેતુવાદરૂપ.
પ્રમાણાન્તર વડે વસ્તુની નિર્બાધ સિદ્ધિ તે હેતુવાદરૂપ.

આગમરૂપ શાસ્ત્રોમાં નિશ્ચય-વ્યવહાર શૈલી વસ્તુનું સ્વરૂપ સામાન્ય-વિશેષ અનંત ધર્મસ્વરૂપ છે. તે જ્ઞાનગમ્ય છે. તેમાં સામાન્યરૂપ તે નિશ્ચયનો વિષય છે, વિશેષરૂપ વ્યવહારનયનો વિષય છે. સામાન્ય-વિશેષને દ્રવ્ય-પર્યાય સ્વરૂપ પણ કહેવાય છે. વિવક્ષિત વસ્તુને સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવપણે સામાન્ય-વિશેષરૂપ કહેવા તે સ્વદ્રવ્યાશ્રિત નિશ્ચય રૂપ વ્યવહાર છે અને તે જ વસ્તુને કોઈ અન્ય વસ્તુના સંયોગરૂપ અવસ્થા હોય, તે (અન્ય વસ્તુ)ને વિવક્ષિત વસ્તુરૂપ કહેવા તે પણ વ્યવહાર છે. તેને ઉપચાર પણ કહેવાય છે. ઉપચારરૂપ વ્યવહારના બે આશ્રય છે: પ્રયોજન અને નિમિત્ત.

પ્રયોજન સાધવા માટે કોઈ અન્ય વસ્તુને ઘી નો ઘડો કહેવા તે પ્રયોજનાશ્રિત વ્યવહાર છે અને કોઈ અન્ય વસ્તુના નિમિત્તથી ઘડાની અવસ્થાને ઘડારૂપ કહેવા તે નિમિત્તાશ્રિત વ્યવહાર કહેવામાં આવે છે.

**આધ્યાત્મરૂપ શાસ્ત્રોમાં નિશ્ચય-વ્યવહાર કથનશૈલી:**

એક આત્માને જ પ્રધાન કરીને નિશ્ચય - વ્યવહાર લગાડવા તે આધ્યાત્મ છે. જીવ સામાન્યને પણ આત્મા કહેવાય છે અને જે જીવ અન્ય સર્વ જીવોથી પોતાનો ભિન્ન અનુભવ કરે તેને પણ 'આત્મા' જ કહેવાય છે. પોતાને સર્વથી ભિન્ન અનુભવી પોતાના ઉપર નિશ્ચય-વ્યવહાર લગાડવામાં આવે, ત્યારે તેમાં સામાન્ય ભેદચેતના છે તથા અનંત શક્તિનો સમૂહ છે, તે દ્રવ્ય છે.

અનંત જ્ઞાન - દર્શન - સુખ - વીર્ય કે જે ચેતનાના વિશેષ છે, તે ગુણ છે અને અગુરુ - લઘુ ગુણ દ્વારા ષટ્સ્થાન પતિત હાનિ - વૃદ્ધિરૂપ પરિણમતા જીવના ત્રિકાળાત્મક અનંત ભાવો તે પર્યાયો છે. 'જીવ' નામની વસ્તુ તે તો એક અભેદરૂપ શુદ્ધ નિશ્ચયનયના વિષયભૂત જીવ છે. આ દૃષ્ટિ સહિત નિશ્ચયનય વડે અનુભવ કરવામાં આવે ત્યારે તો જીવ આવો છે.

જય વસ્તુના અનંત ધર્મોમાંથી ભેદરૂપ કોઈ એક ધર્મને લક્ષમાં લઈને કહેવું તે વ્યવહાર છે. વળી સંસારની અવસ્થા અને મુક્ત અવસ્થા રૂપે આત્માને નિરૂપે તે પણ વ્યવહાર-નયનો વિષય છે. દ્રવ્યરૂપ પુદ્ગલકર્મ અને તેને લીધે શરીરાદિકનો સંયોગ તે આત્માથી પ્રગટપણે ભિન્ન છે. તેને આત્મા કહેવો તે ઉપચાર કે અસદ્ભૂત વ્યવહાર છે. કર્મસંયોગજનિત ભાવો નિમિત્તાશ્રિત વ્યવહારનો વિષય છે, ઉપદેશ અપેક્ષાએ તેને 'પ્રયોજનાશ્રિત' પણ કહેવાય.

## અનુભવ

વસ્તુ વિચારત ધ્યાવતે, મન પાવે વિશ્રામ,
રસ સ્વાદત સુખ ઉપજે, અનુભવ યાકો નામ,
અનુભવ રત્નચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ,
અનુભવ મારગ મોક્ષ કો, અનુભવ મોક્ષ સ્વરૂપ.

અનુભવ રસાયન, કામધેનુ, પંચામૃત, ચિત્રાવેલી આદિ સુખદાયક પદાર્થથી પણ અધિક છે અને અનુપમ છે.

रम्येषु वस्तुवनितादिषु वीतमोहो,
मुह्येद् वृथा किमिति संयमसाधनेषु ।
धीमान् किमामयभयात् परिहृत्य भुक्तिं
पीत्वौषधं व्रजति जातुचिदप्यजीर्णम् ॥

'जीवाः सर्वेऽपि परब्रह्म-स्वरूपाः ।' (परिशिष्ट-१७)

## ધર્મના છ પ્રકાર

વ્યુત્પત્તિ: સંસારે પતન્તં પ્રાણિનમુદ્ધૃત્ય નરેન્દ્રનાગેન્દ્ર-દેવેન્દ્રવન્દ્યે મોક્ષપદે ધરતીતિ ધર્મ ઇતિ ધર્મ-શબ્દેનાઽત્ર નિશ્ચયેન જીવસ્ય શુદ્ધપરિણામ એવ ગ્રાહ્યઃ । તસ્ય તુ મધ્યે વીતરાગ-સર્વજ્ઞ-પ્રણીત-નયવિભાગેન સર્વે ધર્મા અન્તર્ભૂતા લભ્યન્તે । (પરિશિષ્ટ-૧૮)

(૧) ક્ષમાદિ દશવિધ ધર્મ

(૨) અહિંસા લક્ષણ ધર્મ

(૩) સાગારાનાગાર લક્ષણ ધર્મ

(૪) વસ્તુ સ્વભાવરૂપ ધર્મ

(૫) રાગ દ્વેષ મોહરહિત પરિણામરૂપ ધર્મ

(૬) સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર લક્ષણ ધર્મ.

આ છ પ્રકાર જીવના કથંચિત્ શુદ્ધ સ્વભાવધર્મને બતાવે છે.

### સમ્યગ્દર્શનનું લક્ષણ

'તત્ત્વાર્થશ્રદ્ધાનમ્ સમ્યગ્ દર્શનમ્ ।'

અર્થાત્: તત્ત્વ અને અર્થની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન.

એ લક્ષણ તિર્યંચોમાં કેમ ઘટે?

(I) અવ્યાપ્તિ પરિહાર

(૧) પોતાનું કે બીજાનું નામાદિ નહિ જાણનાર તિર્યંચ પણ પોતામાં પોતાપણું તથા પરમાં પરપણું જાણ-માની

રીતે છે, તેમ અજ્ઞાનના નામ નહિ જાણવા છતાં જીવ
રાગાદિ સ્વરૂપ આત્મામાં પોતાપણું અને જડ સ્વરૂપ
દેહાદિમાં પરપણું જાણે-માને રીતે છે.

(2) વળી તે જ તિર્યંચ આદિ સુખ-દુઃખાદિનાં નામ નહિ
જાણવા છતાં સુખ-દુઃખાદિ અવસ્થાઓને જે કારણને
જાણે-પિછાને રીતે છે, તેમ મોક્ષાદિનાં નામ ન જાણવા
છતાં સર્વદિ, સુખસ્વરૂપ મોક્ષ અવસ્થાને તથા દુઃખ-
સ્વરૂપ સંસાર અવસ્થાને પિછાની, મોક્ષસુખના કારણ
રૂપ સંવર-નિર્જરા અને સંસાર દુઃખના કારણ રૂપ
આસ્રવ-બંધને પણ જાણે રીતે છે.

(3) (a) જો સ્વપરનો ભેદ ન જાણે તો પરમાં રાગાદિ
કેમ ન કરે? (જીવ અને અજીવતત્ત્વ)

(b) જો રાગાદિને ઓળખે તો તેનો ત્યાગ કેમ ઇચ્છે?
(આસ્રવતત્ત્વ)

(c) રાગાદિનું ફળ બૂરું છે એમ ન જાણે તો પણ તેને
છોડવા કેમ ઇચ્છે? (બંધતત્ત્વ)

(d) રાગાદિરહિત પરિણામો તે ન ઓળખે તો તે રૂપ
થવા કેમ ઇચ્છે? (સંવરતત્ત્વ)

(e) પૂર્વ સંસાર અવસ્થાનું કારણ વિભાવ ભાવ છે,

અહિત ન જાણે તો તેના હાનિ અને શુદ્ધ
ભાવની વૃદ્ધિને કેમ ન ઇચ્છે? (નિર્જરાતત્ત્વ)

(f) સંસાર અવસ્થાના અભાવનું સ્વરૂપ ન જાણે ન ઓળખે તો સંવર - નિર્જરા રૂપ શુદ્ધભાવ રૂપ થવાની ઇચ્છા કેમ પ્રગટે? (મોક્ષતત્ત્વ)

એ પ્રમાણે સાતે તત્ત્વોનું શ્રદ્ધાન ન હોય તો રાગાદિ વિભાવ ભાવ છોડી સંવરાદિ શુદ્ધ ભાવરૂપ થવાની ઇચ્છા હોઈ શકે જ નહિ અને એ ઇચ્છા તો તિર્યંચ કે અક્ષર જ્ઞાનશૂન્ય અજ્ઞાન ગણાતા મનુષ્યાદિ જીવોમાં પણ હોય છે, તેથી તેઓને સાતે તત્ત્વોનું શ્રદ્ધાન હોય છે એમ નિશ્ચયથી જાણવું. જ્ઞાનાવરણીનો ક્ષયોપશમ અલ્પ છતાં તેથી વિશેષપણે તત્ત્વોનું જ્ઞાન ન હોય પણ મિથ્યાદર્શનના ઉપશમાદિથી સામાન્યપણે તત્ત્વ શ્રદ્ધાનની શક્તિ પણ પ્રગટ હોઈ શકે છે.

(II) બીજી અવ્યાપ્તિનો પરિહાર

સમ્યગ્દૃષ્ટિ પણ વિષયાદિમાં પ્રવર્તે છે,
તે વખતે તેને ૭ તત્ત્વોનો વિચાર જ નથી,
તો શ્રદ્ધાન કેવી રીતે સંભવે?

વિચાર ઉપયોગ આધીન છે, શ્રદ્ધાન પ્રતીતિ રૂપ છે.

અન્ય જ્ઞેયોના ઉપયોગ વખતે કે શબ્દાદિ ક્રિયા સમયે ૭ તત્ત્વોનો વિચાર નથી તો પણ તેની પ્રતીતિ તો કાયમ જ છે. જેમકે:

'કોઈ એક રોગી પુરુષને એવી પ્રતીતિ છે કે હું મનુષ્ય છું પણ ઢોર નથી. અમુક કારણથી મને આ રોગ થયો છે, તે કારણને દૂર કરીને મારે નિરોગી થવું છે.' તે જ રોગી જ્યારે અન્ય વિચારમાં જોડાય ત્યારે તેને આ વિચાર રહેતો નથી, તોપણ શ્રદ્ધાન તો તે જ મુજબ કાયમ રહે છે તેમ 'હું આત્મા છું, પુદ્ગલાદિરૂપ નથી, આસ્રવોથી બંધાયો છું. સંવરાદિ વડે નિર્જરા કરી મારે મોક્ષરૂપ થવું છે' એવી પ્રતીતિ જેને છે, તે અન્ય વિચાર કે ક્રિયાદિ રૂપે પ્રવર્તે, ત્યારે પણ તેની તે પ્રતીતિ અને શ્રદ્ધાન ચાલ્યું જતું નથી પણ કાયમ રહે છે.

શ્રદ્ધાન છતાં બંધનાં કારણોમાં કેમ પ્રવર્તે છે? જેમ રોગી કારણવશ રોગ વધવાનાં કારણોમાં પ્રવર્તે છે, વ્યાપારાદિ કે ક્રોધાદિ કાર્યોમાં પ્રવર્તે તો પણ તેના શ્રદ્ધાનનો નાશ થતો નથી, તેમ પુરુષાર્થ હીનતાથી વિષય સેવનાદિ કે ક્રોધાદિ કાર્યોમાં પ્રવર્તે તો પણ તેના શ્રદ્ધાનનો નાશ થતો નથી. એ રીતે સાત તત્ત્વોનો વિચાર ન હોય ત્યારે પણ તેનું શ્રદ્ધાન અવશ્ય રીતે સંભવી શકે છે.

(III) ત્રીજી અવ્યાપ્તિનો પરિહાર

નિર્વિકલ્પ આત્માનુભવ વખતે સાત તત્ત્વોના વિકલ્પો નથી, તો તે વખતે સમ્યક્ત્વનું લક્ષણ ક્યાં રહ્યું?

સમ્યક્ત્વનું લક્ષણ પ્રતીતિ છે, તેનો ત્યાં નિષેધ નથી, કિન્તુ પ્રતીતિ દૃઢ થઈને અને રાગાદિ પણ દૂર થઈ ગયા છે, તોય હવે સાત તત્ત્વના વિકલ્પોમાં ઉપયોગને લગાવવાનો ખેદ શા માટે કરવો? તત્ત્વોના વિકલ્પોમાં ઉપયોગ લગાવવાનું પ્રયોજન પ્રતીતિને દૃઢ કરવાનું હતું અને પ્રતીતિની દૃઢતાનું ફળ વિષયાદિનો રાગ છોડાવવાનું હતું, તે સિદ્ધ થઈ ગયા પછી વિકલ્પોની જરૂર નથી પણ તેના ફળરૂપ પ્રતીતિ તો કાયમ જ છે, તોય અવ્યાપ્તિ નથી.

(IV) ચોથી અવ્યાપ્તિનો પરિહાર

૭ તત્ત્વોની પ્રતીતિરૂપ સમ્યગ્દર્શન છદ્મસ્થને હોય પણ કેવળી કે સિદ્ધને તે પ્રતીતિરૂપ સમ્યક્ત્વ કેમ હોય? જો ન હોય તો તે પ્રતીતિના અભાવમાં પણ સમ્યક્ત્વ આવ્યું કે નહિ?

છદ્મસ્થને જેમ શ્રુતાનુસાર પ્રતીતિ હોય છે, તેમ કેવળીને કેવળજ્ઞાનાનુસાર તે પ્રતીતિ હોય જ છે.

પહેલાં શ્રુતાનુસાર જે સ્વરૂપ નિર્ણીત કર્યું હતું, તે જ કેવળજ્ઞાન વડે જાણીને પરમ અવગાઢ બન્યું. પૂર્વનું શ્રદ્ધાન જૂઠું જાણ્યું હોય તો અપ્રતીતિ થાત પણ તેમ તો થતું નથી. જ્ઞાનાદિકની હીનાધિકતા હોવા છતાં તિર્યંચાદિક માંડી સિદ્ધ પર્યંત તત્ત્વોની પ્રતીતિ કાયમ જ રહે છે. કેવળી સિદ્ધ રાગાદિરૂપ પરિણમતા નથી અને સંસાર અવસ્થાને ઈચ્છતા નથી, તે આ શ્રદ્ધાનનું જ બળ જાણવું. કેવળી અન્ય પદાર્થોને પણ પ્રતીતિસહિત જાણે છે, તો પણ તે મોક્ષના પ્રયોજનભૂત નથી. પ્રયોજનભૂત તો સાત જ તત્ત્વો છે. તેનું જ્ઞાન અને શ્રદ્ધાન બધા
સમ્યગ્ દૃષ્ટિઓને એકસરખું જ હોય છે.

સમ્યગ્દર્શન તો મોક્ષમાર્ગ છે, તે મોક્ષમાં કેવી રીતે હોય?

કેટલાંક કારણો એવા હોય છે કે જે કાર્ય સિદ્ધ થવા છતાં કાયમ રહે છે. જેમ વૃક્ષને એક શાખા વડે અનેક શાખાઓ થઈ, તો પણ તે એક શાખા કાયમ રહી. તેમ સમ્યક્ત્વગુણ વડે અનેક ગુણયુક્ત મોક્ષ અવસ્થા થઈ.

તે ગુણ રહેવા છતાં
બાળ અનેક ગુણો પણ રહી શકે છે,
તેથી સિદ્ધમાં પણ તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણ રહી શકે.

## (I) અતિવ્યાપ્તિ પરિહાર

મિથ્યાદૃષ્ટિને પણ તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણ હોય,
પણ તે કાર્યકારી નથી, તેનો શો ખુલાસો ?

મિથ્યાદૃષ્ટિને તે નામનિક્ષેપે હોય છે. તત્ત્વાર્થ તથા શ્રદ્ધાનનો ગુણ તેમાં હોતો નથી અથવા આગમ દ્રવ્ય નિક્ષેપથી હોય છે એટલે તત્ત્વાર્થનાં પ્રતિપાદક શાસ્ત્રોનો અભ્યાસ છે, તો પણ તેના સ્વરૂપનો નિશ્ચય કરવામાં ઉપયોગને લગાવતો નથી. ભાવનિક્ષેપથી - ગુણસહિત સાચું તત્ત્વાર્થ શ્રદ્ધાન મિથ્યાદૃષ્ટિને કદી પણ હોતું નથી.

મિથ્યાદૃષ્ટિને આત્મજ્ઞાનશૂન્ય તત્ત્વાર્થ શ્રદ્ધાન હોય છે.
જેને જીવાજીવાદિ તત્ત્વોનું સાચું શ્રદ્ધાન હોય,
તેને આત્મજ્ઞાન કેમ ન હોય? હોય જ.
તે નથી માટે તત્ત્વાર્થ શ્રદ્ધાન પણ નથી.

## અસંભવ પરિહાર

સમ્યક્ત્વનું પ્રતિપક્ષી મિથ્યાત્વ જ છે અને તેનું લક્ષણ તત્ત્વાર્થ શ્રદ્ધાનથી વિપરીત જ છે, એટલે તત્ત્વાર્થ અશ્રદ્ધાન રૂપ અથવા અતત્ત્વાર્થ શ્રદ્ધાન રૂપ લક્ષણથી વિપરીત 'તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણ'માં અસંભવ દોષનો પરિહાર થઈ જાય છે. એવું શ્રદ્ધાન સમ્યગ્દૃષ્ટિઓને જ

હોય છે. કોઈ પણ મિથ્યાદૃષ્ટિઓને હોતું નથી, તેથી
સમ્યગ્દર્શનનું તે જ સાચું લક્ષણ છે.

તત્ત્વાર્થ શ્રદ્ધાન, સ્વપર શ્રદ્ધાન, આત્મશ્રદ્ધાન, દેવ-ગુરુ-
ધર્મ શ્રદ્ધાન એક જ અર્થને કહેનારાં વાક્યો છે.
જ્યાં સ્વપર શ્રદ્ધાન કે આત્મશ્રદ્ધાન હોય, ત્યાં
સાતે તત્ત્વોનું સત્ય શ્રદ્ધાન હોય અને જ્યાં સાતે તત્ત્વોનું
શ્રદ્ધાન હોય, ત્યાં સ્વપર કે આત્મશ્રદ્ધાન સાચું હોય.
પરસ્પર અવિનાભાવ સંબંધ છે.

કેવળ સામાન્યપણે આત્મા કે સ્વપરને જાણે
તેને સમ્યક્ત્વ નહિ પણ કેવળ તેનો ભ્રમ છે.
નિર્વિશેષં હિ સામાન્યં ભવેત્ખરવિષાણવત્ । અર્થાત્
વિશેષ વિનાનું સામાન્ય એ ખરે જ ગધેડાના શીંગડા જેવું છે.

આસ્રવાદિ આત્માની વિકૃત અવસ્થાઓ છે તેને
જાણ્યા કે માન્યા વિના આત્માનું જ્ઞાન અને શ્રદ્ધાન
અનર્થકર છે. રાગાદિ આસ્રવોને મટાડવા અર્થે જે પર
દ્રવ્યોને ભિન્ન ચિંતવે છે કે પોતાના આત્માને ચિંતવે
છે, તેને જ પ્રયોજનની સિદ્ધિ થાય છે. પ્રયોજન તો
રાગાદિ મટાડવાનું છે. આસ્રવાદિના શ્રદ્ધાન વિના એ
અશક્ય લાગે છે. એ ભાસ્યા વિના કેવળ જાણવું તે
માનાદિને વધારનાર છે, પણ રાગાદિને ઘટાડનાર થતું નથી.

તેથી તેને આત્મકલ્યાણનું કાર્ય પણ સિદ્ધ થતું નથી.

દેવ-ગુરુ-ધર્મના શ્રદ્ધાનને સમ્યક્ત્વનું લક્ષણ કહ્યું તે ઉપચારથી છે. એવા શ્રદ્ધાનવાળાને સમ્યક્ત્વ હોય અને ન પણ હોય પણ એના વિના તો સમ્યક્ત્વ ન જ હોય, તેથી તે લક્ષણ નહિ પણ ઉપલક્ષણ છે કે સાત તત્ત્વોના શ્રદ્ધાનમાં દેવગુરુધર્મનું શ્રદ્ધાન ગર્ભિત છે, તેથી તેને પણ લક્ષણ કહી શકાય. જેમ કે: મોક્ષતત્ત્વ તે અરિહંત સિદ્ધનું લક્ષણ જ છે, તેથી મોક્ષને ઉત્કૃષ્ટ માનનારે અરિહંત સિદ્ધને ઉત્કૃષ્ટ માન્યા જ પણ અન્યને ન માન્યા તેથી સુદેવનો સ્વીકાર અને કુદેવનો ત્યાગ થઈ જ ગયો. મોક્ષનું કારણ સંવર-નિર્જરા છે, તેથી તેને પણ ઉત્કૃષ્ટ માને છે. સંવર-નિર્જરાને ધરનાર મુખ્યપણે મુનિરાજ છે, તેથી તેમને ઉત્તમ માને છે, પણ બીજાને માનતા નથી.

એ રીતે ગુરુ તત્ત્વનું શ્રદ્ધાન થયું.

રાગાદિરહિત ભાવનું નામ અહિંસા છે.

તેને જ તે ઉપાદેય માને છે, પણ અન્યને માનતો નથી, તેથી તેને ધર્મતત્ત્વનું શ્રદ્ધાન પણ થયું. એ રીતે તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં અરિહંતાદિનું શ્રદ્ધાન પણ ગર્ભિત છે. મોક્ષાદિક તત્ત્વોના શ્રદ્ધાન વિના અરિહંતાદિનું માહાત્મ્ય પણ યથાર્થ

જાણી શકાતું નથી. માત્ર લૌકિક અતિશયાદિ વડે અરિહંતનું, તપશ્ચર્યાદિ - વડે ગુરુનું અને પરજીવોની અહિંસાદિ વડે ધર્મનું માહાત્મ્ય મનાય છે, પણ એ તો પરાશ્રિતભાવો છે અને અરિહંતાદિનું સાચું સ્વરૂપ આત્માશ્રિત ભાવો વડે જ તત્ત્વ શ્રદ્ધાન થતાં જણાય છે, માટે જેને તત્ત્વ શ્રદ્ધાન હોય તેને જ અરિહંતાદિનું સાચું શ્રદ્ધાન હોય અથવા અરિહંતાદિનું સાચું શ્રદ્ધાન હોય તેને જ તત્ત્વ શ્રદ્ધાન હોય એવો નિયમ જાણવો. અરિહંત - સિદ્ધાદિના આત્માશ્રિત અને શરીરાશ્રિત ગુણોને ભિન્ન ન માને, તે પોતાના આત્માને પરદ્રવ્યથી સાચી રીતે ભિન્ન કેવી રીતે જાણશે? જે આત્માને દ્રવ્ય-ગુણ-પર્યાય વડે માને તે અરિહંતને અને જે અરિહંતને દ્રવ્ય-ગુણ-પર્યાય વડે માને તે આત્માને માને. જેને જીવાદિ તત્ત્વોનું શ્રદ્ધાન નથી, તેને અરિહંતાદિનું પણ સાચું શ્રદ્ધાન નથી.

એ રીતે તત્ત્વાર્થ શ્રદ્ધાન, સ્વરૂપ શ્રદ્ધાન, સ્વપર શ્રદ્ધાન કે દેવગુરુધર્મ શ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વનાં લક્ષણોમાં પરસ્પર એકતા સમજવી. કોઈ એક લક્ષણ ગ્રહણ કરતાં સર્વે લક્ષણોનું ગ્રહણ થાય છે. તો પણ મુખ્ય પ્રયોજન જુદું જુદું વિચારી અન્ય અન્ય પ્રકારથી એ

લક્ષણો કહ્યાં છે. આ લક્ષણો નીચે જણાવ્યા પ્રમાણે છે:

## સમ્યક્ત્વનાં ચાર લક્ષણો

(૧) જ્યાં તત્ત્વાર્થ શ્રદ્ધાન કહ્યું
ત્યાં તત્ત્વોને ઓળખે તો હિતાહિતનું જ્ઞાન થાય અને મોક્ષમાર્ગમાં પ્રવર્તે એ પ્રયોજન છે.

(૨) જ્યાં સ્વપર ભિન્નતાનું શ્રદ્ધાન કીધું,
ત્યાં તત્ત્વાર્થ શ્રદ્ધાનનું પ્રયોજન સ્વપર ભિન્નતા શ્રદ્ધાનથી જ થાય છે, એમ જાણીને કહ્યું.

(૩) જ્યાં આત્મશ્રદ્ધાન લક્ષણ કહ્યું,
ત્યાં સ્વપર ભિન્નતાના જ્ઞાનનું ફળ પોતાને પોતારૂપ જાણવો એ છે, એમ જણાવવા માટે કહ્યું.

(૪) દેવગુરુ શ્રદ્ધાન રૂપ લક્ષણ કીધું,
ત્યાં બાહ્યસાધનની પ્રધાનતા કરી છે. કુદેવાદિના ત્યાગ વિના અને સુદેવાદિના સ્વીકાર વિના સાચું તત્ત્વાર્થ શ્રદ્ધાન અસંભવિત છે, એમ માનીને કહ્યું.

## ચાર લક્ષણોમાં મુખ્ય કયું?

જ્યાં વિપરિતાભિનિવેશનો અભાવ થાય ત્યાં એ ચારે લક્ષણો હોય છે.
જ્ઞાનમાં વિચાર અપેક્ષાએ કોઈ વખતે મુખ્યપણે

તત્ત્વાર્થોને, કોઈ વખતે ભેદ વિજ્ઞાનને, કોઈ વખતે આત્મસ્વરૂપને તો કોઈ વખતે દેવાદિકના સ્વરૂપને એ રીતે જાણવામાં નાના પ્રકારના વિચાર થાય, પણ શ્રદ્ધાનમાં પરસ્પર સાપેક્ષપણું હોય. એમ જે તત્ત્વવિચાર કરે ત્યારે ભેદવિજ્ઞાનાદિના અભિપ્રાય સહિત જ હોય.

હવે જેને વિપરીતાભિનિવેશ હોય તેને એ ચાર લક્ષણો આભાસમાત્ર જ હોય છે. જિનમતનાં જીવાદિ તત્ત્વોને માને, અન્યના ન માને, નામભેદાદિ શીખે તો પણ તેને યથાર્થ ભાવનું શ્રદ્ધાન થતું નથી. સ્વપરના ભિન્નપણાની વાતો કરે પણ જેવી વસ્ત્રાદિમાં પરબુદ્ધિ છે, તેવી દેહાદિમાં પરબુદ્ધિ તેને થતી નથી. આત્માનું જિન વચનાનુસાર ચિંતન કરે, પરન્તુ પ્રતીતિપૂર્વક પોતાને પોતારૂપ અને પરને પરરૂપ શ્રદ્ધતો નથી. તે અરિહંતાદિને છોડી અન્ય કુદેવાદિને માનતો નથી, પણ સ્વરૂપને યથાર્થ ઓળખીને શ્રદ્ધાન કરતો નથી.

એ લક્ષણાભાસોમાં એટલું વિશેષ છે કે:

સૌથી પહેલાં દેવાદિનું શ્રદ્ધાન, પછી તત્ત્વોનો વિચાર, પછી સ્વપરનું ચિંતવન, પછી કેવળ આત્માને ચિંતવે તો પરંપરાએ સાચા મોક્ષમાર્ગને પામી સિદ્ધપદને પામે.

એ ક્રમનું જે ઉલ્લંઘન કરે, તેના માન્યતામાં કાંઈ ઠેકાણું પડે નહિ, માટે પ્રથમ પરીક્ષા વડે કે વચનપ્રમાણથી દેવાદિનું શ્રદ્ધાન કરવું, પછી કુદેવાદિકનું નિમિત્ત ટળે, પછી જીવાદિ તત્ત્વોનો અભ્યાસ કરવો. નામ-લક્ષણાદિ શીખવા, કારણકે એના અભ્યાસથી તત્ત્વ શ્રદ્ધાનની પ્રાપ્તિ થાય છે. પછી સ્વપરનું ભિન્નપણું ભાસે તેવા વિચારો કરવા. એ અભ્યાસથી ભેદવિજ્ઞાન થાય. પછી સ્વમાં સ્વપણું દૃઢ કરવા અર્થે સ્વરૂપનો વિચાર કરવો. એ અભ્યાસથી આત્માનુભવની પ્રાપ્તિ થાય. એ અનુક્રમથી અભ્યાસ કરી જાય પછી કોઈ વખતે દેવાદિના વિચારમાં કોઈ વેળા તત્ત્વવિચારમાં સ્વપરના વિચારમાં કે આત્માના વિચારમાં ઉપયોગ લગાવવો. એ પ્રમાણે અભ્યાસથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે.

તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણમાં જેવું પ્રયોજન પ્રગટ
ભાસે છે તથા કાંઈપણ ભ્રમ ઉપજતો નથી,
તેવું અન્ય લક્ષણોમાં બનતું નથી,
માટે ગ્રન્થોમાં તે લક્ષણને મુખ્ય કર્યું છે.

દેવગુરુધર્મના શ્રદ્ધાનમાં એમ ભાસે છે કે અરિહંતાદિને માનવા એટલું જ સમ્યક્ત્વ છે, પણ ત્યાં બંધ-મોક્ષના

કારણ-કાર્યનું સ્વરૂપ ભાસે નહિ, તેથી મોક્ષમાર્ગ રૂપ પ્રયોજનની સિદ્ધિ થાય નહિ. જીવાદિનું શ્રદ્ધાન થયા વિના માત્ર એ જ શ્રદ્ધાનમાં સંતુષ્ટ થઈ પોતાને સમકીતી માને અથવા કુદેવાદિ પ્રત્યે દ્વેષ રાખે અને પોતે રાગાદિ છોડવાનો ઉદ્યમ ન કરે, એવો ભ્રમ ઉપજે.

સ્વપરના શ્રદ્ધાનમાં એમ ભાસે કે સ્વપરનું જાણવું જ ખાસ છે અને તેનાથી જ સમ્યક્ત્વ થાય છે પરંતુ ત્યાં આસ્રવાદિકનું સ્વરૂપ ભાસતું નથી, તેથી મોક્ષમાર્ગ રૂપ પ્રયોજન સિદ્ધ થતું નથી. માત્ર એટલું જ જાણવામાં

સંતુષ્ટ થઈ રાગાદિ છોડવાનો ઉદ્યમ ન કરે,

સ્વચ્છંદી થાય એવો ભ્રમ ઉપજે.

આત્મશ્રદ્ધાન લક્ષણમાં પણ જીવાજીવાદિના વિશેષ તથા આસ્રવાદિકનું સ્વરૂપ ભાસતું નથી, તેથી સ્વચ્છંદી થાય, રાગાદિ છોડવાનો ઉદ્યમ થાય નહિ, એવો ભ્રમ ઉપજે.

તત્ત્વાર્થશ્રદ્ધાન લક્ષણમાં એ ભેદ નથી. જીવાજીવાદિ અને આસ્રવાદિનું શ્રદ્ધાન યથાર્થ થાય છે, તેથી મોક્ષમાર્ગરૂપ પ્રયોજનની સિદ્ધિ થાય છે. પોતે સંતુષ્ટ કે સ્વચ્છંદી થતો નથી પણ રાગાદિ છોડી મોક્ષનો સતત ઉદ્યમ રાખે છે, તેથી ભ્રમ ઊપજતો નથી અથવા તત્ત્વાર્થ શ્રદ્ધાન

લક્ષણોમાં દેવાદિનું શ્રદ્ધાન, સ્વપરનું શ્રદ્ધાન અને આત્મ-શ્રદ્ધાન ગર્ભિત છે, અહીં સામાન્ય બુદ્ધિવાળાને પણ સમજાય છે. તેવી રીતે અન્ય લક્ષણોમાં તત્ત્વાર્થ શ્રદ્ધાનનું ગર્ભિતપણું છે. તે વિશેષ બુદ્ધિ વિના સમજાતું નથી અથવા મિથ્યાદૃષ્ટિને જે આભાસ માત્ર લક્ષણ હોય છે, ત્યાં તત્ત્વાર્થોનો વિચાર જ મુખ્યપણે વિપરીતાભિનિવેશને દૂર કરવામાં શીઘ્ર કારણરૂપ થાય છે, તેવી જ રીતે અન્ય લક્ષણો થતાં નથી. ઉલ્ટા વિપરીતાભિનિવેશના પણ કારણ થઈ જાય છે, તેથી સર્વ પ્રકારથી પ્રસિદ્ધ જૈન શાસ્ત્રોમાં 'વિપરીત અભિનિવેશરહિત જીવાદિ પદાર્થોનું શ્રદ્ધાન' એ જ સમ્યક્ત્વનું લક્ષણ છે, એવો નિર્દેશ છે. એથી ખોટો આત્મસંતોષ, સ્વચ્છંદ કે વિપરીત અભિનિવેશ, એ બધા દોષોનું નિવારણ સહેજે થઈ જાય છે.

સત્સંખ્યાક્ષેત્રસ્પર્શનકાલાન્તરભાવાલ્પબહુત્વૈશ્ચ ।

૧ - ૮ (પરિશિષ્ટ-૧૯)

## તત્ત્વાર્થ સૂત્ર - ૮

(૧) 'સત્' કહેવાથી શૂન્યવાદનો નિરાસ.

(૨) 'સંખ્યા' શબ્દથી અદ્વૈતવાદનો નિરાસ.

(૩) 'ક્ષેત્ર' શબ્દથી નિરાકારવાદનો નિરાસ.

(૪) 'સ્પર્શન' શબ્દથી અક્રિયવાદનો નિરાસ.

(૪) 'કાલ' શબ્દથી પ્રલયવાદનો નિરાસ.

(૫) 'અંતર' શબ્દથી ક્ષણિકવાદનો નિરાસ.

(૬) 'લભ્ય' શબ્દથી કૂટસ્થવાદ નિરાસ.

(૭) 'અલ્પ બહુત્વ' શબ્દથી કેવલ અદ્વૈત કે કેવલ દ્વૈતવાદનો નિરાસ થાય છે.

## હિંસા - અહિંસા વિચાર

रागादीनामभावो निश्चयेन अहिंसा ।
निश्चय-शुद्ध-चैतन्य प्राणस्य रक्षाकारणत्वात् ।
रागादीनामुत्पत्तिस्तु निश्चय-हिंसा ।
निश्चय-शुद्ध-प्राणस्य हिंसा-कारणत्वात् । (परिशिष्ट-२०)

પરઘાતરૂપ હિંસા આત્મઘાતનું કારણ છે.

મલિન પરિણામથી પ્રમાદરૂપ પરહિંસાના વિચાર-પ્રવૃત્તિ થાય.

મલિન પરિણામ એજ સ્વહિંસા.

નિર્મળ પરિણામ એ જ સ્વદયા.

રાગાદિનો અભાવ એ સ્વદયા.

પ્રમાદરહિત વિવેકરૂપ કરુણાભાવ એ જ પરદયા.

મિથ્યાત્વ રાગાદિ પરિણત જીવ પહેલાં નિજ શુદ્ધાત્મ-પ્રાણને હણે જ છે. પછી અન્ય જીવોના પ્રાણનો ઘાત થાઓ યા ના થાઓ, એનો નિયમ નથી.

બાળનો ઘાત કરવા માટે તપેલા લોઢાનો ગોળો હાથમાં લેનાર બીજા પહેલાં પોતે તો દાઝે જ છે, પછી બાળનો ઘાત થાય છે અથવા નહિ પણ થતો. કહ્યું છે કે:

'સ્વયમેવાત્મનાત્માનં
હિનસ્ત્યાત્મા પ્રમાદવાન્ ।
પૂર્વં પ્રાણ્યન્તરાણાં તુ
પશ્ચાત્સ્યાદ્ વા ન વા વધઃ' ॥૧॥ (परिशिष्ट-२१)

તીર્થ

સંસાર તરણોપાયભૂતં નિજશુદ્ધાત્મ-તત્ત્વ-ભાવનારૂપ
નિશ્ચયતીર્થં તત્સ્વરૂપરતઃ પરમ-તપોધનાનાં
આવાસભૂતં તીર્થકદમ્બકમપિ તીર્થં । (परिशिष्ट-२२)

ભાવના

અથિરેણ થિરા મલિણેણ નિમ્મલા નિગ્ગુણેણ ગુણસારં ।
કાએણ જા વિઢપ્પઇ સા કિરિયા કિણ્ણ કાયવ્વા ॥૧॥

અસ્થિર એવા દેહથી સ્થિર એવું મોક્ષસુખ
અને સપ્ત ધાતુમય અશુચિ એવા દેહથી શુચિભૂત
શુદ્ધાત્મ સ્વરૂપ પ્રાપ્ત થતું હોય, વળી
નિર્ગુણ એવા પણ શરીરથી સારભૂત કેવળજ્ઞાનાદિ
ગુણસમૂહ મળતો હોય, તો શા માટે ન મેળવવો?

## યોગ

મન, વચન, કાયાના અવલંબનથી
આત્મપ્રદેશોનું સ્પંદ થવું તે 'યોગ' છે.
દ્રવ્યયોગ એટલે આત્મપ્રદેશોનું પરિસ્પંદન થવું તે.
ભાવયોગ એટલે કર્મ ગ્રહવાની આત્માની શક્તિ વિશેષ.
ભાવયોગ એક પ્રકારે - નિમિત્ત અપેક્ષાએ પંદર ભેદ છે.
આત્માના અનંત ગુણોમાં એક યોગ ગુણ છે.
આત્મપ્રદેશોનું કંપન તે અશુદ્ધ યોગ છે.
આત્મપ્રદેશોની નિશ્ચળતા તે શુદ્ધ યોગ છે
અથવા યોગગુણની શુદ્ધ પર્યાય છે.
શુભયોગ - પંચપરમેષ્ઠિ ભક્તિ, દયા, સત્ય, અચૌર્ય ઇત્યાદિ.
અશુભયોગ - હિંસા, અસત્ય, ચોરી, ઇર્ષ્યા, વેર, મદ, લોભાદિ.
શુભ-અશુભયોગ બંને ૭-૮ કર્મ આસ્રવના નિમિત્ત છે.
માત્ર અનુભાગ બંધ અને સંબંધની
અપેક્ષાએ શુભ-અશુભ વિભાગ છે.
શુભ-અશુભ કર્મોના બંધને કારણે શુભ-અશુભ ભેદ નથી,
પણ સંક્લેશ વિશુદ્ધિ અથવા તીવ્ર-મંદ કષાયના કારણે
શુભ-અશુભ યોગના વિભાગ છે.
સંક્લેશ વખતે પાપ પ્રકૃતિના રસ-સ્થિતિ વધે છે.

વિશુદ્ધિ વધતે પુણ્યપ્રકૃતિના
રસ-સ્થિતિ વધે અને પાપપ્રકૃતિના ઘટે છે.

'आनन्दं ब्रह्मणो रूपं निजदेहे व्यवस्थितम् ।
ध्यानहीना न पश्यन्ति जात्यन्धा इव भास्करम् ॥१॥'

(પરિશિષ્ટ-૨૩)

વિપરીત અભિનિવેશરહિત
જીવાદિ તત્ત્વોનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે.

કર્તૃત્વાભિમાન, દેહાધ્યાસ, ભોક્તાધ્યાસ, શાસ્ત્રાધ્યાસ, ધનૈષણા, દારૈષણા, પુત્રૈષણા, લોકૈષણા, મેં કર્યું, હું મોટો, હું ગુણી, હું કરું તે થાય, મારા જેવો કોઈ નથી વગેરે મિથ્યાભાવો એ વિપરીત અભિનિવેશ છે. સમ્યગ્દર્શનમાં તે હોતો નથી. સમ્યગ્દર્શનના પ્રભાવે સર્વત્ર વિરક્તભાવ અને ચિત્ત શાંતિ, સમાધિ, સ્વરૂપવિશ્રાંતિ પ્રાપ્ત થાય છે.

ઉત્તમ મનુષ્યઆદિ

ઉત્તમ મનુષ્યનો સ્વભાવ દ્રાક્ષની જેમ અંતરબાહ્ય કોમળ, મધ્યમ પુરુષોનો નાળિયેરની જેમ બહાર કઠણ-અંદર કોમળ, અધમ પુરુષનો બોરની જેમ બહાર કોમળ-અંદર કઠોર અને અધમાધમ પુરુષનો સ્વભાવ સોપારીના ટુકડાની જેમ અંતરબાહ્ય કઠોર હોય છે.

## ઉત્તમ પુરુષ કોને શેના સમાન લેખે?

તે કંચનને કીચડ, રાજ્યપદને નીચપદ, લોકોની મિત્રતાને મૃત્યુ, પ્રશંસાને ગાળ, લૌકિક ઉન્નતિને અનર્થરૂપ, શરીરની કાન્તિને રાખ, સંસારની માયાને જંજાળ, કુટુંબ કાર્યને કાળ સમાન, લોકલાજને લાળ સમાન, સુયશને નાકની લીંટ સમાન, ભાગ્યોદયને વાદળાના પુંજ સમાન, યોગ ક્રિયાને ઝેર સમાન અને મંત્રાદિ કરામતોને દુઃખના ડુંગર સમાન લેખે.

## મધ્યમ પુરુષ કેમ શાંતિ ન પામે?

જેમ ઠગમૂલ નામની જડીબુટ્ટીથી સજ્જન પણ ઠગનો દાસ બનીને ઠગોની આજ્ઞામાં વર્તે છે, પરન્તુ જ્યારે તે જડીબુટ્ટીની અસર મટી જાય છે, ત્યારે તેને હોશ આવે છે અને પછી તે ઠગલોકોને ભલા માનતો નથી, તેને આધીન રહીને અનેક કષ્ટ ભોગવે છે.

તે જ પ્રમાણે

અનાદિ મિથ્યાત્વના પ્રભાવે જીવ સદા ભટકે છે, સંસારમાં દુઃખી થાય છે, પણ જ્યારે સમ્યગ્જ્યોતિનો વિકાસ થાય છે, ત્યારે અંતરંગમાં વિરક્તભાવ રહે છે, તો પણ કર્મ ઉદયની પ્રબળતાને કારણે મધ્યમ પુરુષ ક્યારેય શાંતિને પામતો નથી.

## અધમ પુરુષને શું પ્રિય લાગે?

જેમ ગરીબને ફૂટી કોડી પણ મોટી સંપત્તિ સમાન પ્રિય,
ઉલ્લુને સંધ્યા પ્રભાત સમાન,
કાગડાને લીંબોળી દ્રાક્ષ સમાન,
કુતરાને વમન-વિષ્ટા દહીં-ઘી સમાન,
બચ્ચાને વાર્તા શાસ્ત્ર સમાન અને
હિંસકને હિંસા મહાન ધર્મ સમાન લાગે છે,
તેમ મૂર્ખ અને અધમને
પુણ્યબંધ અર્થ મોક્ષ સમાન પ્રિય લાગે છે.

## અધમાધમ પુરુષ શેનાથી ક્રોધે ભરાય?

કુતરું હાથીને દેખીને, નિર્ધન ધનવાનને દેખીને,
ચોર ચોકીદારને જોઈને, મિથ્યાત્વી સુશાસ્ત્ર સાંભળીને,
કાગડો હંસને જોઈને, અભિમાની મહાપુરુષને દેખીને
તથા કુકવિ સુકવિને દેખીને જેમ ક્રોધે ભરાય છે,
તેમ અધમાધમ પુરુષ સત્પુરુષને દેખીને ક્રોધે ભરાય છે.
અહંકારનો ભાવ મિથ્યાત્વ છે.
એ ભાવ જેનામાં હોય છે, તે મિથ્યાત્વ છે.
તેથી જીવ
સંસારમાં દુ:ખી થઈને ભટકે છે.

## દુર્જનોના લક્ષણો

તે સરલ ચિત્ત મનુષ્યને મૂર્ખ માને,
ચતુરને ધીઠ, વિનયવાનને લોભી માને,
ક્ષમાવાનને કમજોર, સંયમીને કૃપણ માને,
મધુરભાષીને દીન, ધર્માત્માને ઢોંગી માને,
નિસ્પૃહીને ઘમંડી, સંતોષીને ભાગ્યહીન માને.
તે જ્યાં જ્યાં સદ્ગુણ દેખે,
ત્યાં ત્યાં દોષ લગાવે.
દુર્જનનું હૃદય અત્યંત મલીન રહે છે.
જેનામાં અહંકારરૂપી વિપરીત ભાવ છે, તે મિથ્યાદૃષ્ટિ છે.

## નવ ભેદ ભક્તિના અર્થ

[૧]શ્રવણ = ઉપદેશ ગુણીનું શ્રવણ, [૨]કીર્તન = ગુણીનું વ્યાખ્યાન,
[૩]ચિંતવન = વિચાર, [૪]સેવન = અધ્યયન, [૫]વંદન = સ્તુતિ,
[૬]ધ્યાન = સ્મરણ, [૭]લઘુતા = ગુણીના ગર્વનો અભાવ,
[૮]સમતા = સમાન દૃષ્ટિ, [૯]એકતા = આત્માને જ પોતાનો માનવો.

## આઠ મૂલગુણ

મદ્ય-માંસ-મદિરા તથા પાંચ ઉદુંબર ફલનો ત્યાગ અથવા
પંચપરમેષ્ઠિભક્તિ કરવી, ગાળેલું જલાદિ જીવદયા પાળવી,
મદ્ય-માંસ-મધ, રાત્રિભોજન અને ઉદુંબર ફલનો ત્યાગ.

## સમ્યક્ત્વના આઠ અંગ

(૧) સ્વરૂપમાં સંદેહ ન કરવો.
(૨) જ્ઞાનના દોષ પ્રગટ ન કરવા.
(૩) આત્મસ્વરૂપમાં અનુરાગ રાખવો.
(૪) આત્મોન્નતિને માટે ઉત્સાહિત રહેવું.
(૫) શુભક્રિયાના ફળની અભિલાષા ન કરવી.
(૬) દુઃખદાયી પદાર્થ દેખીને ગ્લાની ન કરવી.
(૭) મૂઢતા તજીને તત્ત્વનો યથાર્થ નિર્ણય કરવો.
(૮) ચિત્ત ચંચળતા ત્યાગ કરીને રત્નત્રયમાં સ્થિર થવું.

તે નિઃશંકતાદિ આઠ ભાવઅંગો છે:
અભેદ રત્નત્રય, નિજ શુદ્ધાત્માનું શ્રદ્ધાન જ્ઞાન અનુષ્ઠાન,
ભેદરત્નત્રય નવતત્ત્વોનું શ્રદ્ધાન જ્ઞાન તથા,
પાંચ સમિતિ-ત્રણ ગુપ્તિ-પંચ મહાવ્રતોનું પાલન.

## ઈષ્ટોપદેશ નિષ્કર્ષ

'આત્મા નખશિખ પ્રમાણ જ્ઞાનમય છે, નિત્ય છે,
તે શરીરાદિથી ભિન્ન છે.
સંસારનો વૈભવ અને કુટુંબીજનોનો સમાગમ ક્ષણભંગુર છે.
જેની ઉત્પત્તિ છે, તેનો વિનાશ છે.
જેનો સંયોગ છે, તેનો વિયોગ છે.
પરિગ્રહ સમસ્ત જંજાળ સમાન છે.'

આમ ચિંતવન કરવાથી ચિત્તમાં આ લોકનો ભય થતો નથી.
જ્ઞાની જીવ પોતાના આત્માને સદા નિષ્કલંક
અને જ્ઞાનરૂપ દેખે છે, તેથી નિઃશંક રહે છે.

## પરલોકભય નિવારણ

જ્ઞાનપિંડ આત્મા એ જ પોતાનો લોક છે,
તેમાં જ મોક્ષનું સુખ સમાયેલું છે,
સ્વર્ગાદિલોક દોષ અને દુઃખથી પ્રચુર છે,
પુણ્ય-પાપ, સુગતિ-દુર્ગતિ બંને ક્ષણભંગુર છે.
પોતાનો આત્મા અવિનાશી છે.
તે સદા નિષ્કલંક અને જ્ઞાનવાન છે,
એમ માનીને જ્ઞાની પરલોકના ભયથી સદા નિઃશંક રહે છે.
'कः पंडितो ? विवेकी ।'

## મરણભય નિવારણ

પાંચ ઇંદ્રિય, ત્રણ બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્યરૂપ દશ પ્રાણોનો વિયોગ તેને 'મરણ' કહેવાય છે, પરન્તુ આત્મા સદા ભાવપ્રાણોથી સંયુક્ત છે. ત્રણ કાળમાં જ્ઞાનાદિ ભાવ પ્રાણોનો નાશ નથી. એ રીતે નય-પ્રમાણ-ભંગ નિક્ષેપયુક્ત આત્મતત્ત્વ ચિંતવન કરવાથી મરણનો ભય ઉત્પન્ન થતો જ નથી. પોતાનો આત્મા સદા નિષ્કલંક અને જ્ઞાન સ્વરૂપી છે, તેથી જ્ઞાની નિઃશંક રહે છે.

## વેદનાભય નિવારણ

જીવ જ્ઞાનમય છે. જ્ઞાન જીવનું અભંગ-અખંડ શરીર છે. જ્ઞાનરૂપી શરીરમાં કર્મોની વેદનાનો પ્રવેશ છે જ નહિ. 'સુખ અને દુઃખ એ તો કર્મજનિત વેદનો વિકલ્પ છે, પૌદ્ગલિક છે, આત્મબાહ્ય છે.' આ રીતનો વિવેક જ્યારે મનમાં જાગે છે, ત્યારે વેદનાનો ભય જ નાશ પામે છે.

જ્ઞાની ગુરુઓ પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ દેખે છે, તેથી નિઃશંક રહે છે.

## અરક્ષાભય નિવારણ

આત્મવસ્તુ સત્-નિત્ય-અવિનાશી છે એ નિશ્ચયનયથી નિશ્ચિત છે. આત્મપદાર્થ પોતાની રક્ષા માટે કોઈ અન્ય દ્રવ્યની સહાયતાની અપેક્ષા પણ રાખતો નથી. 'આત્માનો કોઈ રક્ષક નથી, કોઈ ભક્ષક નથી' આ પ્રકારનો જ્યારે નિશ્ચય થઈ જાય છે, ત્યારે અરક્ષાભય રહેતો નથી. જ્ઞાની જીવ પોતાના આત્માને સદા નિષ્કલંક અને જ્ઞાન સ્વરૂપી જુએ છે, તેથી નિઃશંક છે.

## ચોરભય નિવારણ

આત્મા એ પરમાત્મસ્વરૂપ છે. જ્ઞાન ચિહ્નથી ચિહ્નિત છે. આત્માની ઇંદ્રિય અને મનને અગોચર એવા નિત્ય ભૂમિ ઉપર કોઈ પરદ્રવ્યનો પ્રવેશ નથી. 'આત્માનું ધન અનુપમ,

સ્વયંસિદ્ધ, અક્ષય અને અપાર છે. તેને કોઈ લઈ જઈ શકતું નથી. બાહ્ય મનુષ્યને પહોંચવાનું તેમાં સ્થાન જ નથી.' આવું ચિંતવન કરવાથી આકસ્મિક ભય નાશ પામે છે. આત્મા નિષ્કલંક જ્ઞાનસ્વરૂપ હોવાથી જ્ઞાની નિઃશંક રહે છે.

## અકસ્માતભય નિવારણ

'આત્મા શુદ્ધ જ્ઞાનમય - વીતરાગભાવમય, સિદ્ધસમાન સમૃદ્ધિશાળી, અનાદિ, અનંત, અમૂર્ત, અનુપમ, નિર્વિકલ્પ, નિત્ય, ચૈતન્ય જ્યોત, આનંદકંદ, નિર્દ્વન્દ્વ છે. તેના ઉપર કોઈ આકસ્મિક ઘટના બની શકતી જ નથી.' આ ભાવ થવાથી અકસ્માત ભય રહેતો નથી. આત્મા સદા નિષ્કલંક અને જ્ઞાનરૂપ છે, તેથી જ્ઞાની સદા નિઃશંક છે.

## જગત - સ્વપ્ન

જીવાત્મા સુઈ જાય છે, ત્યારે સ્વપ્નને સત્ય માને છે, જાગે છે ત્યારે તેને જૂઠ સમજે છે. શરીર ધન, સ્વજનને જાગ્રત અવસ્થામાં સાચું અને પોતાનું માને છે, મૃત્યુ સમયે તેને ખોટું માને છે. જીવ જ્યારે પોતાના સ્વરૂપનો વિચાર કરે છે ત્યારે મૃત્યુ પણ તેને ખોટું લાગે છે અને અન્ય જન્મ સત્ય ભાસે છે. બાહ્ય જન્મનો વિચાર કરે છે, ત્યારે તે એ જ ચક્કરમાં ફરી-ફરી પડી જાય છે.

જો બરાબર જોવ કરીને દેખાડવામાં આવે,

તો જન્મ-મરણરૂપ

સઘળો સંસાર જૂઠો લાગે છે.

પાંચ પ્રકારના મિથ્યાત્વ

(૧) સંશય - ચંચળ ચિત્ત

(૨) આભિગ્રહિક - એકાંત

(૩) અનાભિગ્રહિક - વિનય

(૪) આભિનિવેશિક - વિપરીત

(૫) અનાભોગિક - અનભિજ્ઞતા, અજાણતા.

નવ પ્રકારના રસ

(૧) રૌદ્ર - આઠે કર્મોનો નાશ કરવો.

(૨) શાંત - દૃઢ વૈરાગ્યે ધારણા કરવો.

(૩) વીર - કર્મ નિર્જરાનો ઉદ્યમ કરવો.

(૪) બીભત્સ - શરીરની અશુચિતા વિચારવી.

(૫) અદ્‌ભુત - આત્માની અનંત શક્તિનું ચિંતવન.

(૬) ભયાનક - જન્મ-મરણાદિ દુઃખનું ચિંતવન કરવું.

(૭) હાસ્ય - મનમાં આત્મઅનુભવનો ઉત્સાહ આણવો.

(૮) કરુણા - પોતાના સમાન જ સર્વ જીવોને જાણવા.

(૯) શૃંગાર - આત્માને જ્ઞાનગુણ વિભૂષિત કરવાનો વિચાર.

## આઠ પ્રકારે સમ્યક્ત્વ

તીર્થંકરોએ દર્શાવેલ મોક્ષમાર્ગની દૃઢ શ્રદ્ધા તે સમ્યક્ત્વ.

(૧) સ્વરૂપ - આત્મસ્વરૂપની દૃઢ પ્રતીતિ
(સમતાભાવ વિશુદ્ધિ)

(૨) ઉત્પત્તિ - સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત ભવને
(નિસર્ગ અધિગમથી)

(૩) ચિહ્ન - આત્મામાં જ સ્વપણાની બુદ્ધિ-પરિચય
(નિઃસંદેહતા - નિર્મળ વૈરાગ્ય)

(૪) ગુણ - કરૂણા, વાત્સલ્ય, સુજનતા, આત્મનિંદા પાઠ
સમતા, ભક્તિ, વિરાગતા, ધર્મરાગ ગુણ આઠ

(૫) પાંચ પ્રકારના ભૂષણ

ચિત્તપ્રભાવના ભાવયુક્ત, હેય-ઉપાદેય વાણિ,
વિવેક, ધીરજ, હરખ, પ્રવીણતા - ભૂષણ પંચ બખાણિ.

(૬) પાંચ પ્રકારના વિનાશ

જ્ઞાન ગરવ, મતિમંદતા, નિષ્ઠુર વચન ઉદ્ગાર,
રૂદ્રભાવ, આળસ દશા - એમ નાશ પંચ પ્રકાર.

(૭) પાંચ પ્રકારના અતિચાર

લોકહાસ ભય ભોગરૂચિ, અગ્રશોચ થિતિમેવ,
મિથ્યા આગમકી ભગતિ, મૃષા દર્શની સેવ.

## (૮) પચીસ પ્રકારના દોષ

આઠ મદાદિ આઠમલ ષટ્ આયતન વિશેષ,
તીન મૂઢતા સંજુગત દોષ પચીસો એષ.

આઠ મદ : જાતિ, લાભ, કુળ, રૂપ,
તપ, બળ, વિદ્યા, અધિકાર.

આઠ મળ : સંદેહ, વિષયાભિલાષા, દ્વેષ, નિંદા,
અરુચિ, જુગુપ્સા, મમત્વ, પ્રમાદ.

છ અનાયતન : કુદેવ - કુગુરુ - કુધર્મ
અને તેના ૩ ઉપાસકો.

ત્રણ મૂઢતા : દેવ - ગુરુ - ધર્મમૂઢતા.

### ચાર પ્રકારે સમ્યક્ત્વ

(૧) નિશ્ચય - ગ્રંથિભેદ વડે મન - વચન - કાયાથી અગોચર આત્મશ્રદ્ધાનની નિર્વિકાર જ્યોત.

(૨) વ્યવહાર - યોગ, મુદ્રા, મતિ, શ્રુત, અવધિ આદિ પાંચ જ્ઞાનના ચિહ્નો જેમાં છે તે.

(૩) સામાન્ય (દ્રવ્ય) - ચૈતન્ય લક્ષણ વડે સ્વપરનો સામાન્યથી ભેદ કરવો તે.

(૪) ભેદ - રોધ - ઉદ્દેશના ભેદાભેદને વિસ્તારથી સમજવા તે.

## પંચમ ગુણસ્થાનક

અણુવ્રતધારી : ૨૧ ગુણોનું ગ્રહણ, ૨૨ અભક્ષ્યોનું વર્જન
તથા ૧૧ પ્રતિમાનું ગ્રહણ કરનાર અણુવ્રતધારી હોય છે.

૧૧ પ્રકારે પ્રતિમા = પ્રતિજ્ઞા

દર્શન - વ્રત - સામાયિક - પૌષધ - બ્રહ્મચર્ય - અનુમતિગ્રહણ
સચિત્ત - આરંભ - પરિગ્રહ - રાત્રિ કે ઉદ્દિષ્ટ ભોજન ત્યાગ.
ભોગથી વિરાગ અને આત્મગુણનું આંશિક પ્રગટન એ
પ્રતિમા કે પ્રતિજ્ઞાથી ગ્રહણ કરવાના પરિણામ છે.
છઠ્ઠી પ્રતિમા સુધી જઘન્ય, નવમી સુધી મધ્યમ,
દશ-અગિયાર પ્રતિમા સુધી ઉત્કૃષ્ટ ગણાય છે.

## જૈન ધર્મ

ઘરઘર અંતર જિન વસે, ઘરઘર અંતર જૈન,
મતિમદિરાકે પાન સોં, મતવાલા સમજૈ ન.
પ્રત્યેક હૃદયમાં જિનરાજ અને જૈનધર્મનો નિવાસ છે.
પક્ષપાત રૂપી મદિરા પીવાથી
મતવાલા બનેલા લોકોમાં આ સમજણ આવતી નથી.

## સામાયિક

દ્રવ્ય - ભાવવિધિ સંયુત હિયે પ્રતિ ઉચારૈ,
તજ મમતા, સમતા ગ્રહૈ, અંતર મુહૂરત એક.

જો અનિમિત સમાન વિચારે, આરત-રૌદ્ર કુધ્યાન નિવારે
સંયમ સહિત ભાવના ભાવે, સો સામાયિક વ્રત કરાવે.

## સાધુના ૨૮ મૂળગુણ

| | | |
|---|---|---|
| ૫ મહાવ્રત ○ | ૫ ઇંદ્રિયો ○ | ૫ સમિતિ |
| ૬ આવશ્યક ○ | ૧ અસ્નાન ○ | ૧ અપાત્ર |
| ૧ કેશલોચ ○ | ૧ ભૂમિશયન ○ | ૧ અવસ્ત્ર |
| ૧ એક ભોજન ○ | ૧ અદંત ધોવન | |

## જગનગર

જેમ વટવૃક્ષમાં ફળ અનેક, પ્રત્યેક ફળમાં બીજ અનેક, પ્રત્યેક બીજમાં વટવૃક્ષ અનેક. વૃક્ષમાં ફળ, ફળમાં બીજ અને બીજમાં વૃક્ષ અનેક, એમ અનંત અનંત થાય છે, તેમ જગતરૂપી એક નગરમાં ગૃહ અનંત, વળી પ્રત્યેક ગૃહમાં પડદિ અનંત, પ્રત્યેક પડદિમાં નૃત્ય અનંત, પ્રત્યેક નૃત્યમાં ખેલ અનંત, પ્રત્યેક ખેલમાં કળા અનંત અને પ્રત્યેક કળામાં આકૃતિઓ અનંત હોય છે.

## ભક્તિ

કોઈ સ્ત્રી ગમે તેટલા કષ્ટથી તપશ્ચર્યા કરી પોતાના પતિને રીઝવવા ઇચ્છે, તો પણ જ્યાં સુધી તે સ્ત્રી પતિની પ્રકૃતિના સ્વભાવાનુસાર પોતાની પ્રકૃતિ ન કરી શકે,

ત્યાં સુધી પ્રકૃતિના પ્રતિકૂળપણાને લક્ષે તે પતિ પ્રસન્ન ન જ થાય અને તે સ્ત્રીને માત્ર શરીરે ક્ષુધાદિ તાપની પ્રાપ્તિ થાય, તેમ કોઈ મુમુક્ષુ ભગવાનના સ્વરૂપાનુસાર વૃત્તિ ન કરે અને અન્ય સ્વરૂપમાં રુચિમાન છતાં અનેક પ્રકારે તપ તપીને કષ્ટ સેવે, તો પણ તે પ્રભુને ન પામે.

ભગવાનરૂપ પતિની સેવાના પ્રકાર ઘણા છે, પણ તેમાં સર્વોત્કૃષ્ટ પૂજા તો ચિત્તપ્રસન્નતા એટલે કે પ્રભુમાં પરમ વિશુદ્ધ ચૈતન્યવૃત્તિ એકત્વને પ્રાપ્ત કરવી તે જ છે. તેમાં જ સર્વ સાધન સમાય છે. જ્યાં સુધી ચિત્તમાં ભાવો ભિન્ન હોય ત્યાં સુધી કપટ છે અને કપટ છે ત્યાં સુધી ભગવાનના ચરણોમાં આત્માનું અર્પણ ક્યાંથી થાય?

ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું, પૂજા અખંડિત એહ
કપટરહિત થઈ આતમ અરપણા રે, આનંદઘન પદ રેહ...
ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો ...(૧)

## વૈરાગ્ય

ભોગમાં રોગનો ભય છે, કુળને પડવાનો ભય છે,
(અહિં: કુલીનને પતિત થવાનો ભય છે)
લક્ષ્મીમાં રાજાનો ભય છે, માનમાં દીનતાનો ભય છે,
બળમાં શત્રુનો ભય છે, રૂપમાં સ્ત્રીનો ભય છે,
શાસ્ત્રમાં વાદનો ભય છે, ગુણમાં ખળનો ભય છે અને

કાયા પર કાળનો ભય છે. એમ સર્વવસ્તુ ભયવાળી છે.
માત્ર વૈરાગ્ય જ અભય છે.

## Age of reason

ધર્મ એ શ્રદ્ધા ઉપર સંભવે છે અને ધર્મનું ઉદ્ભવ સ્થાન માનવામાં રહેલો ભય છે, જે જ્ઞાનવિકાસ સાથે દૂર થતો જવાથી ધર્મની આવશ્યકતા ઓછી થતી જાય છે. આથી એવી માન્યતા પ્રચલિત થઈ કે બુદ્ધિનો સંપૂર્ણ વિકાસ થતા આ પૃથ્વી ઉપરથી ધર્મ તદ્દન અદૃશ્ય થશે.

આપણે જે યુગમાંથી પસાર થઈ રહ્યા છીએ,
તે યુગધર્મ અને જીવનના સંબંધની
મહાન વિચારણા માગે છે. આ યુગ બુદ્ધિપ્રધાન છે.

## બુદ્ધિ અને શ્રદ્ધા

એ સાચું છે કે ધર્મમાં શ્રદ્ધાનું સ્થાન મહત્ત્વનું છે, પરંતુ એનો અર્થ એ નહિ કે ધર્મ ફક્ત શ્રદ્ધા ઉપર જ નભે છે. ધર્મ અને બુદ્ધિ વિરોધી નહિ - બંને એકબીજાના પૂરક છે. ધર્મ એ શ્રદ્ધા ઉપર નભે છે એ સાચું છે, પણ માનવનું કયું કાર્ય શ્રદ્ધા ઉપર નહિ નભતું? શ્રદ્ધા વિના આપણું કોઈપણ કાર્ય થઈ શકતું જ નહિ. એક સમજ છે: જ્યાં બુદ્ધિ અટકે, ત્યાંથી શ્રદ્ધા શરૂ થાય છે.

બૌદ્ધ એ માન્યતા વધારે સાચી છે કે બુદ્ધિવિકાસ સાથે ધર્મ અદૃશ્ય નહિ થાય, પરંતુ બૌદ્ધ જીવનમાં ધર્મનું સ્થાન વધારે દૃઢ થશે.

## *Self realisation*

જીવનનું ધ્યેય એટલે આત્મશોધન.

ધર્મના ઉદ્ભવસ્થાનના મૂળમાં વિશ્વના કારણરૂપે ઈશ્વરશક્તિની માનવરચિત કલ્પના છે.

જેની પક્ષમાં નિરંતર વીતરાગ રહસ્ય ઝર્યા કરે છે, એવા ધર્માત્માઓને પ્રણામ.

## ભાવના

'ગમે એટલી પોતાની શુભ કે અશુભ ભાવના પરમાં તો કાંઈ કામ આવતી નહિ, તેમ જ એ ભાવના પોતાની શુદ્ધિમાં પણ મદદરૂપ નહિ' એમ સાવધાન થઈ સાક્ષીભાવને સુદૃઢપણે સ્થિર કરવામાં જ સાર છે.

'આ વીતરાગ સ્વભાવ સદા ય શરણભૂત રહો.'

## સ્થિરતા

ઓછી સ્થિરતામાં વિશેષ સ્થિરતા હોવાનું કલ્પવું એ મિથ્યામાર્ગ છે. એ માર્ગથી સાવધાન થવા અર્થે ત્યાગ-વ્રત-તપાદિને અયોગ્ય રીતે મહત્ત્વ આપવું વ્યાજબી નહિ.

અનાદિની ભ્રમણા ટળવા એ અપૂર્વ છે.

જે વ્યક્તિઓ જે અવસ્થાનુ ન ઘટે તે વ્યક્તિઓ તે તે અવસ્થાનુ કરવા જાય, તો પોતાની યથાર્થ વ્યક્તિનું ભાન ન રહે અને તેમ અભાવ વધવું અટકી જાય. વ્યવહારમાર્ગનું રહેવું એ પ્રરૂપકોની વૃદ્ધિ કરવાને આધીન નહિ, પણ વસ્તુસ્વભાવની સ્પષ્ટ પ્રરૂપણાને આધિન છે.

## ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય

કેટલાક કહે છે કે: ધ્રૌવ્ય માત્ર વસ્તુનો મૂળ સ્વભાવ છે, વિક્રિયા મૂળ સ્વભાવ નહિ. વિક્રિયા કોઈ ઉપાધિવશ થાય છે, માટે તેને વસ્તુનો સ્વભાવ માનવો તે અન્યાય છે. કેટલાક કહે છે કે વિક્રિયા પરનિમિત્ત નહિ, પણ સ્વયં જ થાય છે. કોઈપણ નિમિત્ત નહિ મળવા છતાં વસ્તુ પોતાની મેળે જ ભાવમાંથી શૂન્ય અને તેમાંથી ભરેલા થયા કરે છે. જૈનદર્શન કહે છે કે સર્વ વસ્તુ ધ્રુવાધ્રુવરૂપ છે, કેવળ કૂટસ્થ માનનારના મતમાં નિરાધારતાનો દોષ આવે છે. કેવળ પર્યાયને માનવાથી કારણ-કાર્યનો કોઈ સંબંધ સિદ્ધ થતો નથી. જેને સંબંધ ન હોય તે અન્યભાવને આધીન નહિ રહી શકે એટલે કારણ વિના પણ કાર્ય થવું જોઈએ. માટે બંનેમાં સામાન્યરૂપ સંબંધ માનવો

જોઈએ, જે બંને અવસ્થામાં શાશ્વત રહે છે અર્થાત્ તેને નિત્ય અથવા તો ધ્રુવ માનવાની અવશ્ય જરૂર પડે છે.

ઉત્પાદ અને વ્યય એક જ સમયમાં કેવી રીતે સંભવે?
જ્યારે ઉત્પાદ ત્યારે જ વ્યય કેમ હોય?
માટે વ્યય-ધ્રૌવ્ય કે ઉત્પાદ-ધ્રૌવ્ય એમ
ભિન્ન સમયોના દૃષ્ટિએ બે લક્ષણ કેમ ન માનવા?

વ્યય-ઉત્પાદ બંને એક જ સમયમાં એકસાથે રહી શકે,
માટે બે લક્ષણ માનવાની જરૂર નથી.

તેમ કરવામાં આવે અર્થાત્ કે ઘટનાશના સમયમાં જ કપાલોત્પાદ માનવામાં ન આવે તો માટીની અવસ્થા એક સમય માટે નિરાકાર થઈ જશે. નિર્વિશેષ, અવસ્થાહીન, નિરાકાર વસ્તુને અવસ્તુ માનવી જોઈએ, એ કારણે ઉત્પાદ-વ્યયને કાળભેદ માનવો વ્યર્થ છે. એ કારણે વસ્તુનું ત્રિકાલાબાધિત ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રિલક્ષણ યુક્તપણું છે. દ્રવ્યની આકૃતિ બદલવી એ પર્યાય છે અને ગુણ તથા ગુણીના પર્યાયોને ગુણ કહે છે. જે અસ્તિત્વ પ્રત્યભિજ્ઞાનને ઉત્પન્ન કરે તે દ્રવ્યોનો મૂળ સ્વભાવ છે.

અસ્તિત્વ પ્રત્યભિજ્ઞાન થાય છે માટે વસ્તુ નિત્ય છે.

કાર્યની સત્તા દેખાવાથી કારણને સત્‌રૂપ માનવું એ

એમ ન્યાય છે, તેમ કાર્યભેદથી કારણભેદ માનવો તે પણ ન્યાય છે. વેદાન્તી કાર્યસત્તાથી કારણસત્તાને જો માન્ય રાખે છે, તો પણ કાર્યભેદથી કારણભેદની કલ્પના માનતા નથી. જૈન સિદ્ધાંતમાં કાર્યસત્તા 'ભિન્ન વિશેષણ' અગ્રહણીય ગુણ દ્વારા સ્વીકારી છે અને કાર્યભેદથી કારણભેદ 'અવસ્થિત વિશેષણ' દ્વારા સ્વીકાર કરી છે. બૌદ્ધો કારણસત્તા-કારણભેદ ઉભયને અમાન્ય રાખે છે.

વેદાંતીઓ કારણસત્તાને તો માને છે,
કિન્તુ કારણભેદને માનતા નથી.
જૈનો ઉભયને માન્ય રાખે છે.

## જિનવચન

અર્થથી તીર્થંકરપ્રણીત અને સૂત્રથી ગણધર ગુંફિત શ્રુતજ્ઞાન તથા તેને અનુસરીને અન્ય આચાર્યાદિ વડે રચિત ગ્રન્થાદિક છે, તે સર્વ જિનવચન છે, સ્યાદ્વાદ ચિહ્ન દ્વારા ઓળખવા યોગ્ય છે, ન્યાય માર્ગથી અવિરુદ્ધ છે, માટે પ્રમાણભૂત તથા જીવોને તત્ત્વજ્ઞાનનું કારણ છે, માટે ઉપકારી છે, તેને નમસ્કાર હો.

o

*Divine power is a fact,*
*not only a mental concept.*

o સ્થૂલ - જલ, તૈલ   o સ્થૂલ સૂક્ષ્મ - છાયા આતાપ

o સ્થૂલ સ્થૂલ - પૃથ્વી, પર્વત, કાષ્ઠ

o સૂક્ષ્મ - કાર્મણ વર્ગણા   o સૂક્ષ્મ સૂક્ષ્મ - પરમાણુ

શબ્દ પુદ્ગલ પર્યાય છે પણ ગુણ નથી.

## વિચાર

એક સારો વિચાર હજાર ખોટા વિચારને તોડી નાખે છે, પછી બાકી રહેલ તે વિચાર સહજ છૂટી જાય છે. સાચા વિચારો સાચા અનુભવોને લાવી આપે છે. સારા કર્મો અને સારા વિચારો પણ ઉપયોગી છે.

જો કર્મની પાછળ સારા વિચારનું બળ ન હોય, તે કર્મ માણસને ખોટી દિશામાં ઘસડી જાય છે.

ભક્તિમાર્ગ સગુણ છે.

તત્ત્વજ્ઞાન કે યોગાભ્યાસનો માર્ગ કેવળ નિર્ગુણ-શુષ્ક છે.

## વેદ વ્યાસ

તેમણે ચાર વેદ, મહાભારત રચ્યા, ઉપનિષદનું દોહન કરી બ્રહ્મસૂત્રો રચ્યાં, યોગસૂત્રો ઉપર ભાષ્ય રચ્યું, ૧૭ પુરાણો રચ્યાં છતાં સંતોષ ન થયો. અંતે પરિણામે ભાગવત પુરાણ રચાયું. અને વિચારોની સ્પષ્ટતા, બુદ્ધિની તીક્ષ્ણતા અને વિવેકજાગૃતિ મહત્ત્વની વસ્તુ છે, તેમ હૃદયની વિશાળતા,

સાત્વિકતા, મનની આર્દ્રતા અને પ્રસન્નતા પણ છે.
મહાપુરુષો અને સંતોના ચરિત્રો એ ભાવોને જગાડે છે,
પોષે છે અને જીવનને ઉન્નત કરે છે.
સન્માર્ગે ચઢાવવામાં તેનો જેટલો ફાળો છે
તેટલો નિર્ગુણમાર્ગનો ફાળો નથી.

## જીવનમાં ધર્મની જરૂરીયાત

ધર્મ એટલે પવિત્ર ઉદાત્ત ચારિત્ર.
જ્યાં જ્યાં ચારિત્રની ભાવના વસે છે, ત્યાં ત્યાં ધર્મ છે.
જેમ બધી આંગળીઓ એક ચાંદનો માર્ગ બતાવે છે, તેમ
બધા ધર્મ એક જ માર્ગ બતાવે છે-પવિત્ર ચારિત્રનો.
જ્યાં જ્યાં મનુષ્યના હૃદયમાં દયા-કરુણા તથા જીવનમાં
પ્રામાણિકતા, સત્ય, ઈમાન વસે છે, ત્યાં ત્યાં ધર્મ વસે છે.
ધર્મ એટલે જીવનનો માર્ગ કે જીવન જીવવાની રીત.
ધર્મમાં શ્રદ્ધા જરૂરી છે,
પરંતુ જ્યાં પ્રશ્નોના જવાબ બુદ્ધિ આપી શકે ત્યાં નહિ.
બુદ્ધિ અને શ્રદ્ધાનું સમાધાન એ આજના યુગની મુખ્ય
જરૂરીયાત છે. બુદ્ધિ અને શ્રદ્ધા એકબીજાના વિરોધી
ન બનતા, એકબીજાની ન્યૂનતાના પૂરક બનશે ત્યારે
સૌના જીવનમાં શાંતિનું પ્રાગટ્ય આપોઆપ જ થશે.

ચારિત્રની પવિત્ર ભાવનાવિહિન ધાર્મિક રીવાજો પ્રાણહીન પદાર્થ છે. આજે તો એ ભાવનાને ભૂલીને પુજાય છે. હિંસા, નિર્દયતા અને અપવિત્ર ચારિત્રને ખોટાં રીવાજોના પ્રાણહીન પાલનના પડદા નીચે ઢાંકી દેવામાં આવે છે.

ચારિત્રહીન વ્યક્તિની એટલી ટીકા નથી થતી,
જેટલી રીવાજોના ઉલ્લંઘન કરનારની થાય છે.
રીવાજો - ધાર્મિક ક્રિયાઓનું પાલન જરૂર કરો,
પરંતુ એનું રહસ્ય સમજવાનો પ્રયત્ન કરો.
જીવનનો ચિંતન સાથે પવિત્રતાનો સંચાર કરો,
તો જ તે સાચું અને ધાર્મિક જીવન કહેવાશે.
દરેક ધર્મ અને ધાર્મિક ક્રિયા મહાન છે,
પરંતુ બધા ધર્મો કરતાં પણ મહાન ધર્મ છે માનવતા.
માનવતા સૌથી મહાન છે.
જ્યાં સાચી માનવતા વસે છે, ત્યાં જ સાચો ધર્મ વસે છે.

## અરિહંતનું સ્વરૂપ

અરિહંતો ઘર છોડી, અણગાર બની, નિજસ્વભાવસાધનથી ઘાતિકર્મ ક્ષય કરી, અનંતચતુષ્ટય સ્વરૂપ થયા થકા (૧) અનંત જ્ઞાન વડે સમસ્ત જીવાદિ દ્રવ્યોને અનંત ગુણ પર્યાય સહિત યુગપત વિશેષપણે જેઓ જાણે છે.

(2) અનંત દર્શન વડે સામાન્યપણે અવલોકે છે.
(3) અનંત વીર્ય વડે ઉપર્યુક્ત સામર્થ્યને ધારે છે.
(4) અનંત સુખ વડે નિરાકુલ પરમાનંદને અનુભવે છે.

વળી આ અરિહંતો...

(1) સર્વ રાગ-દ્વેષાદિ વિકારભાવોથી રહિત થઈ
ભાવ શાંતસ્વરૂપ પરિણમ્યા છે.
(2) અઢાર દોષોથી મુક્ત થઈ
અંતર દેવાધિદેવપણાને પામ્યા છે.
(3) સ્ત્રી-શસ્ત્રાદિ વા અંગવિકાર-કામક્રોધાદિ
કાયા નિંદ્યભાવોના ચિહ્નરહિત જેઓનું શરીર છે.
(4) જેના વચન વડે લોકમાં ધર્મતીર્થ પ્રવર્તી,
વચન અન્ય જીવોનું કલ્યાણ થાય છે.
(5) અન્ય લૌકિક જીવોને પ્રભુત્વ માનવાના કારણરૂપ
પ્રભુત્વ અતિશયો-વૈભવ વડે સંયુક્તપણું જેમને છે.
(6) જેઓને ગણધર-ઈંદ્રાદિક ઉત્તમ જીવો
પૂજ્યતા પોતાના હિત માટે સેવન કરે છે,
એવા સર્વ પ્રકારે પૂજવા યોગ્ય
સર્વ અરિહંત દેવોને
કોટિશઃ નમસ્કાર હો.

## સિદ્ધ સ્વરૂપ

(૧) ઘર ત્યાગ મુનિધર્મના સાધન વડે જ ઘાતિકર્મોનો ક્ષય કરી અનંતચતુષ્ટયભાવ પ્રગટાવી જ અઘાતિ કર્મોનો પણ નાશ કરી સર્વ શરીરો છોડીને ઉર્ધ્વગમન સ્વભાવથી લોકાગ્રભાગે બિરાજમાન થયા છે, ત્યાં સંપૂર્ણ પરદ્રવ્યોનો સંબંધ છુટવાથી મુક્ત અવસ્થાની જેમને સિદ્ધિ થઈ છે.

(૨) ચરમ શરીરથી કિંચિત્ ન્યૂન પુરૂષાકારવત્
જેમના આત્મપ્રદેશોનો આકાર અવસ્થિત થયો છે.

(૩) પ્રતિપક્ષી કર્મોનો નાશ થવાથી જ્ઞાન-દર્શનાદિ આત્મિક ગુણો જેમને સંપૂર્ણપણે પ્રાપ્ત થયા છે, નોકર્મનો સંબંધ છુટવાથી અમૂર્તત્વાદિક ગુણો, ભાવકર્મોના અભાવથી શુદ્ધ ભાવરૂપ, આનંદમય, નિરાકુળ પરિણમન થઈ રહ્યું છે.

(૪) જેમના ધ્યાન વડે ભવ્ય જીવોને સ્વપર દ્રવ્ય તથા સ્વભાવિક-ઔપાધિકભાવનું વિજ્ઞાન થાય છે અને તેથી સર્વ જીવોને-પોતાને સિદ્ધ થવાનું સાધન થાય છે.

(૫) શુદ્ધ સ્વરૂપને દર્શાવવા માટે જે પ્રતિબિંબ સમ છે.

(૬) જેઓ કૃતકૃત્ય થઈને તે જ પ્રમાણે
અનંતકાળ પર્યંત રહે છે,
એવા નિષ્પન્નતાને પામેલા સિદ્ધભગવંતોને નમસ્કાર હો.

## સાધુ સ્વરૂપ

(૧) જેઓ વિરક્ત થઈ, પરિગ્રહના બંધન તોડી,
શુદ્ધોપયોગ સ્વરૂપ મુનિધર્મ સ્વીકારી, અંતરંગમાં
એ શુદ્ધોપયોગ વડે પોતે પોતાને અનુભવે છે.

(૨) જેઓ પરદ્રવ્યમાં અહંબુદ્ધિ ધરતા નથી,
પોતાના જ્ઞાનાદિક સ્વભાવોને જ પોતાના માને છે,
પરભાવોમાં મમત્વ કરતાં નથી.

(૩) પરદ્રવ્ય અને તેના સ્વભાવો જ્ઞાનમાં પ્રતિભાસે છે,
તેને જાણે છે પણ જેઓ તેને ઈષ્ટ - અનિષ્ટ માનીને
તેમાં રાગ-દ્વેષ કરતાં નથી.

(૪) શરીરની અનેક અવસ્થા થાય છે,
બહાર નાના પ્રકારનાં નિમિત્તો બને છે,
પણ તેમાં કાંઈપણ સુખ-દુઃખ જેઓ માનતા નથી.

(૫) પોતાને યોગ્ય બાહ્યક્રિયા જેમ બને છે તેમ બને છે,
પરંતુ તેની ખેંચાતાણ જેઓ કરતાં નથી.

(૬) પોતાના ઉપયોગને જેઓ બહુ ભમાવતા નથી,
પણ ઉદાસીન થઈ નિશ્ચલવૃત્તિને ધારણ કરે છે.

(૭) કદાચિત મંદરાગના ઉદયથી શુભોપયોગ થાય છે,
તે વડે શુદ્ધોપયોગનાં બાહ્ય સાધનોમાં અનુરાગ કરે છે,
પરંતુ એ રાગભાવને પણ હેય જાણી દૂર કરવા ઈચ્છે છે.

(૮) તીવ્ર કષાયના ઉદયના અભાવથી હિંસાદિ
અશુભોપયોગ પરિણતિનું તો અસ્તિત્વ જ
જેમને રહ્યું નથી, એવા અંતરંગ અવસ્થાના ચિહ્નરૂપ
બાહ્ય સૌમ્ય મુનિ લિંગ મુદ્રાધારી હોય છે.

(૯) શરીર-સંસ્કારાદિ શૃંગારથી પણ જેઓ રહિત છે.

(૧૦) મૂળોત્તર ગુણ, પરિષહ ઉપસર્ગ, તપ, ધ્યાન, પ્રતિમા ધારે છે.

(૧૧) જેઓ ક્વચિત્ અધ્યયનાદિ બાહ્યક્રિયામાં પ્રવર્તે છે.

(૧૨) શરીર સ્થિત્યર્થે મુક્તાહાર-વિહારાદિમાં સાવધાન થાય.

## આચાર્ય ભગવંતો

(I) સમ્યગ્જ્ઞાન-ચારિત્રની અધિકતા વડે
પ્રધાનપદને પામી જેઓ સંઘમાં નાયક હોય છે.

(II) મુખ્યપણે નિર્વિકલ્પ સ્વરૂપાચરણ વિષે જ મગ્ન છે.

(III) કદાચિત્ અન્ય ધર્મલોભી ભવ્યાદિને દેખી
રાગાંશના ઉદયથી કરુણાબુદ્ધિ થાય તો ધર્મોપદેશ આપે છે.

(IV) જેઓ દીક્ષાગ્રાહકને દીક્ષા આપે છે.

(V) સંઘમાંથી જે ભવિજનો પોતાના દોષ પ્રગટ કરે,
તેને પ્રાયશ્ચિત વિધિ આપવા વડે શુદ્ધ કરાવે છે.

એવા આચરણ કરવા-કરાવવાવાળા
આચાર્ય ભગવંતો પરમેષ્ઠિ હોય છે.

## ઉપાધ્યાય ભગવંતો

જેઓ ઘણુય શાસ્ત્રના જ્ઞાતા હોઈ પઠન-પાઠનના અધિકારી બન્યા હોય, સમસ્ત શાસ્ત્રના પ્રયોજનભૂત અર્થને જાણી, એકાગ્ર થઈ જે પોતાના સ્વરૂપને ધ્યાવે છે. કદાચિત્ કષાય અંશના ઉદયથી ત્યાં ઉપયોગ ન થંભે તો આગમને પોતે ભણે છે, અન્ય ધર્મ બુદ્ધિવાનને ભણાવે છે. એ પ્રમાણે સમીપવર્તી ભવ્ય જીવોને અધ્યયન કરાવવાવાળા એવા ઉપાધ્યાય ભગવંતો પરમેષ્ઠિ છે.

## મુનિ ભગવંતો

આચાર્ય તથા ઉપાધ્યાય એ બે પદના ધારક વિના અન્ય સમસ્ત જે મુનિપદના ધારકો આત્મસ્વભાવને સાધે છે, પરદ્રવ્યમાં ઇષ્ટાનિષ્ટ કલ્પનાદિ ઉપયોગ ભમે નહિ તેમ ઉપયોગને સાધે છે, બાહ્યતાના સાધનભૂત એવા તપશ્ચર્યાદિ ક્રિયા તથા ભક્તિ-વંદનાદિ કાર્યમાં પ્રવર્તે છે,

એવા આત્મભાવના સાધક
સાધુ પરમેષ્ઠિને અમારા વારંવાર નમસ્કાર હો.

## સાધુના મૂળગુણ

૫ મહાવ્રત, ૫ સમિતિ, ૫ આચારપાલન,
૫ ઇંદ્રિયનિરોધ, ૯ બ્રહ્મગુપ્તિ, ૬ આવશ્યકો,
૪ કષાયનિરોધ તથા ૩ ગુપ્તિ.

## પરમેષ્ઠિઓની પૂજ્યતા

જીવતત્ત્વથી સર્વે જીવો સમાન છે, પરંતુ રાગાદિ વિકારની વૃદ્ધિ વડે અને જ્ઞાનાદિ ગુણોની હીનતા વડે જીવ નિંદા યોગ્ય થાય છે. તેનાથી વિપરીત રાગાદિકની હીનતા અને જ્ઞાનની વિશેષતા વડે જીવ સ્તુતિને યોગ્ય થાય છે.

અરિહંત - સિદ્ધને સંપૂર્ણ રાગાદિની હીનતા અને જ્ઞાનાદિની વિશેષતા થવાથી સંપૂર્ણ વીતરાગ વિજ્ઞાન ભાવ સંભવે છે તથા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને એક દેશ રાગાદિની હીનતા તથા જ્ઞાનની વિશેષતા થવાથી એક દેશ વીતરાગ વિજ્ઞાન ભાવ સંભવે છે. માટે એ અર્હંતાદિક સર્વેને સ્તુતિ યોગ્ય મહાન સમજવા.

સર્વ દેશ વીતરાગ સર્વજ્ઞ એવા અરિહંતો અને સિદ્ધો તથા એક દેશ વીતરાગ સર્વજ્ઞ એવા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતો ત્રિકાળ નમસ્કારણીય છે.

## ઇષ્ટત્વની સિદ્ધિ

જે વડે સુખ ઉપજે વા દુઃખ વિણસે, એ કાર્યનું નામ 'પ્રયોજન' છે. એ જેનાથી સિદ્ધ થાય તે સર્વને ઇષ્ટ છે.

વીતરાગ વિશેષ જ્ઞાનથી જ
નિરાકુળ સત્ય સુખની પ્રાપ્તિ થાય છે.

એ પ્રયોજનની સિદ્ધિ શ્રી અરિહંતાદિક વડે જ થાય છે.

## ૩ પ્રકારે આત્માના પરિણામ: સંક્લેશ, વિશુદ્ધ અને શુદ્ધ.

તીવ્ર કષાય તે સંક્લેશ,

મંદકષાય તે વિશુદ્ધ અને કષાયરહિત તે શુદ્ધ પરિણામ છે.

વીતરાગ વિજ્ઞાનરૂપ પોતાનો સ્વભાવ છે.

તેના ઘાતક જ્ઞાનાવરણાદિ ઘાતિ કર્મો છે,

જેનો તીવ્ર બંધ સંક્લેશ પરિણામ વડે થાય છે.

વિશુદ્ધ પરિણામ વડે મંદ બંધ થાય છે.

પ્રબળ વિશુદ્ધ પરિણામ પૂર્વના તીવ્ર બંધને પણ મંદ કરે છે.

શુદ્ધ પરિણામથી બંધ થતો જ નથી, કેવળ નિર્જરા જ થાય છે.

સ્તવનાદિક ભાવકષાયની મંદતાપૂર્વક હોય છે,

માટે તે વિશુદ્ધ પરિણામ છે તથા સમસ્ત કષાયભાવ મટાડવાનું સાધન છે, તેથી તે શુદ્ધ પરિણામનું કારણ પણ છે. એવા પરિણામ વડે પોતાના સ્વભાવના ઘાતક ઘાતિ કર્મનું હીનપણું થવાથી સ્વાભાવિકપણે જ વીતરાગ વિજ્ઞાન પ્રગટ થાય છે. જેટલા અંશે તે ઘાતિ કર્મ હીન થાય, તેટલા અંશથી તે વીતરાગ વિજ્ઞાન પ્રકટ થાય છે. એ પ્રમાણે શ્રી અરિહંતાદિ વડે પોતાનું પ્રયોજન સિદ્ધ થાય છે અથવા અરિહંતાદિકના આકારનું અવલોકન, સ્વરૂપનો વિચાર, વચનનું શ્રવણ, નિકટવર્તિ હોવું, તેમના

અનુસાર પ્રવર્તવું વગેરે કાર્ય તત્કાળ જ નિમિત્તભૂત થઈ રાગાદિકને હીન કરે છે અને જીવાજીવાદિકનું વિશેષ જ્ઞાન ઉપજાવે છે. એ પ્રમાણે અરિહંતાદિક વડે વીતરાગ વિશેષ જ્ઞાનરૂપ સ્વપ્રયોજનની સિદ્ધિ થાય છે. વળી અરિહંતાદિકમાં જે સ્તવનાદિરૂપ વિશુદ્ધ પરિણામ થાય છે, તેનાથી અઘાતિ કર્મોની શાતા વેદનીયાદિ પુણ્ય પ્રકૃતિઓનો બંધ થાય છે. તે પરિણામ તીવ્ર હોય તો પૂર્વે અશાતા વેદનીયાદિ પાપ પ્રકૃતિ બાંધી હતી, તેને મંદ કરે છે અથવા નષ્ટ કરી પુણ્ય પ્રકૃતિ રૂપે તેને પરિણમાવે છે.

તે પુણ્યનો ઉદય થતાં ઇંદ્રિય સુખની કારણભૂત સામગ્રી સ્વયં મળે છે તથા પાપોદય દૂર થતાં દુઃખના કારણભૂત સામગ્રી સ્વયં દૂર થાય છે.

એ પ્રયોજનની સિદ્ધિ પણ તેમનાથી થાય છે, અથવા જૈન શાસનના પરમભક્ત દેવાદિ તે ભક્ત પુરુષને અનેક ઇંદ્રિય સુખના કારણભૂત સામગ્રીઓનો સંયોગ કરાવે છે તથા દુઃખના કારણભૂત સામગ્રીઓને દૂર કરે છે, પરંતુ એ પ્રયોજનથી કાંઈ પોતાનું હિત થતું નથી. કષાય ભાવ વડે બાહ્ય સામગ્રીઓમાં ઇષ્ટાનિષ્ટપણું માની આત્મા પોતે જ સુખ-દુઃખની કલ્પના કરે છે.

કષાય વિના બાહ્યસામગ્રી કાંઈ સુખ-દુઃખની દાતા નથી. કષાય છે તે સર્વ આકુળતામય છે, માટે ઇંદ્રિયજનિત સુખની ઈચ્છા કરવી અથવા દુઃખથી ડરવું એ બધો ભ્રમ છે. વળી એવા પ્રયોજન અર્થે અરિહંતાદિકની ભક્તિ કરવા છતાં પણ તીવ્ર કષાય હોવાથી પાપબંધ જ થાય છે, માટે એ પ્રયોજન ધારણા કરવું યોગ્ય નથી. અરિહંતાદિકની ભક્તિથી એવાં પ્રયોજન સ્વયં સિદ્ધ થાય છે. અરિહંતાદિક પરમ ઇષ્ટ માનવા યોગ્ય છે અને પરમ મંગળ પણ તે જ છે, કારણ તેઓમાં ભક્તિ ભાવ થતાં પરમ મંગળ થાય છે.

સુખને આપે કે પાપને ગાળે તે મંગળ છે.

એ બંને કાર્યોની સિદ્ધિ અરિહંતાદિકથી થાય છે,

માટે તેમનામાં પરમ મંગળપણું સંભવે છે.

શંકા - મંગળ વિના પણ કાર્યની સિદ્ધિ થાય છે, તથા મંગળ છતાં પણ કાર્ય સિદ્ધિ થતી નથી. એવું શા માટે?

સમાધાન - મંગળ વડે મોહ મંદ થાય છે. મોહની મંદતા થતાં મિથ્યાત્વ પોષક વિપરીત અર્થ નિરૂપણ રૂપ કાર્ય થતું જ નથી, તેથી અન્ય મતની ગ્રન્થ રચના મંગળ વિના પૂર્ણ થવામાં કાંઈ બાધક નથી. વીતરાગ વિજ્ઞાનને પોષક ગ્રન્થ રચનાનું કાર્ય મોહની મંદતા વડે જ સાધ્ય છે

અને એ મહિની મંદતા મંગલ વિના સંભવતી જ નથી.
મંગલ ન કરવામાં આવે તો મોહની તીવ્રતા રહે
અને તેથી ઉત્તમ કાર્ય કેમ બને?

વળી જેણે પૂર્વે ઘણા ધનનો સંચય કર્યો હોય, તેને કમાયા વિના પણ ધન જોવામાં આવે છે અને દેવું હોતું નથી, પરંતુ પૂર્વે જેને ઘણું ઋણ હોય તેને ધન કમાવા છતાં પણ દેવાદાર હોવામાં આવે છે અને ધન હોતું નથી, પરંતુ કમાવું એ ધન થવાનું જ કારણ છે, પણ ઋણનું કારણ નથી. તે પ્રમાણે પૂર્વે ઘણું પુણ્ય બાંધ્યું હોય તેને અહીં મંગલ કર્યા વિના પણ સુખ જોવામાં આવે છે, પાપનો ઉદય હોતો નથી. પૂર્વે ઘણું પાપ બાંધ્યું હોય, તેને અહીં મંગલ કરવા છતાં સુખ હોતું નથી. માટે મંગલ તો સુખનું જ કારણ છે પણ પાપ કે દુઃખનું કારણ નથી ને નથી જ.

શંકા - મંગલ કરનારને દેવો સહાય કેમ કરતા નથી? અને મંગલ ન કરનારને દેવો કેમ શિક્ષા કરતા નથી?

સમાધાન - દેવોને ક્ષયોપશમ જ્ઞાન છે, તેથી એક સાથે બધાને જાણી શકતા નથી. વળી જાણી તે જાણે તો મંદ કષાય હોય તો સહાય કે શિક્ષા કરવાના પરિણામ થતાં નથી, તીવ્ર કષાય હોય તો ધર્માનુરાગ થતો નથી, મધ્યમ

કષાય હોય તો કાર્ય કરવાના પરિણામ થાય, પણ શક્તિ ન હોય તો થતું નથી. શક્તિ હોય, મંદમંદ કષાયથી ધર્માનુરાગ થાય તે ધર્મને બાહ્યમાં લાવે તો સહાય શિક્ષા કરે પણ છે, માટે નિયમ ન સમજવો. વળી અહીં એ સમજવું કે સુખ-દુઃખની કે સહાય-દંડ કરાવવાની ઇચ્છા કષાયમય અને તે કષાયયુક્ત પરિણામ તત્કાળમાં કે ભાવિમાં દુઃખને દેનાર જ છે માટે એવી ઇચ્છા જ છોડી દેવી જોઈએ, કેવળ વીતરાગતા અને સર્વજ્ઞતા રૂપ આત્મસ્વભાવના અર્થે જ અરિહંતાદિકની ભક્તિ, વિનય, નમનમાં પ્રવર્તવું જોઈએ. એ જ સાચું ભાવમંગલ બને છે.

## નિશ્ચયનયથી દ્રવ્ય સ્વભાવ

વિવિધ કાર્ય-કારણ એક શક્તિ સ્વભાવ જ હૃદયમાં ધારીએ, નહીં તો સ્વભાવ ભેદે દ્રવ્ય ભેદ થાય. તે તે દેશકાલાદિકની અપેક્ષાએ એકને અનેક કાર્ય-કારણ સ્વભાવ માનતાં કોઈ દોષ નથી. કારણાંતરની અપેક્ષા પણ સ્વભાવ માંટે જ અંતર્ભૂત છે. તેથી તેટલું વિકલ્પવું પણ ન હોય. શુદ્ધ નિશ્ચયનયને મતે કાર્ય મિથ્યા છે, જેમ કે:

आदावन्ते च यन्नास्ति, वर्तमानेऽपि तत् तथा।
इति वचनात्। (પરિશિષ્ટ-૨૪)

કાર્ય-કારણ કલ્પનારહિત
શુદ્ધ અવિચલિતરૂપ દ્રવ્ય જ છે, તે જાણવું.
'आत्मादेः स्ववृत्त्यनन्तकार्यजननशक्तिर्भव्यता,
तत्तत्सहकारिसमवधानेन तत्तत्कार्योपधायकता
शक्तिश्च तथाभव्यता, तथाभव्यतयैवानतिप्रसंगः
इति तु हरिभद्राचार्याः ।' (પરિશિષ્ટ-૨૫)
એ રીતે ભવ્ય સ્વભાવનું વર્ણન થયું.
અનેક કાર્ય કરણ શક્તિક જે અવસ્થિત દ્રવ્ય છે,
તેહને ક્રમિક વિશેષાન્તરાદિભાવે
અભિવ્યંગ્ય ભવ્ય સ્વભાવ કહીએ.
જેહ કાલે પરદ્રવ્યમાંહી ભલતાં પણ સ્વભાવે
ન પરિણમવું, તે અભવ્ય સ્વભાવ કહીએ.
अण्णोण्णं पविसंता देंता ओगासमण्णमण्णस्स ।
मेलंता वि य णिच्चं सगसगभावं ण विजहंति ॥
(પરિશિષ્ટ-૨૬)

ભવ્ય સ્વભાવ વિના, મોટા કાર્યને યોગે શૂન્યપણું થાય. પરભાવે અને સ્વભાવે ન રહીયે, તે વખતે ન જ રહીયે. સ્વભાવે રહીયે તે વારે ભવ્ય રહીયે. અભવ્ય સ્વભાવ ન માનીએ તો દ્રવ્યને સંયોગે દ્રવ્યાંતરપણું થવું જોઈએ,

જે માટે ધર્માધર્માદિકને, જડ પુદ્ગલાદિકને
અન્યાવગાહનાવગાઢ કરવાથી
કાર્યસંકર અથવા સ્વભાવો ન જ થાય.
તત્ત દ્રવ્યને તત્ત કાર્યરૂપતા
કાર્ય પણ અથવા સ્વભાવ ગણાય છે.

૦ પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ કેળવવો એ પ્રથમ ધર્મ છે.
એ નિયમ યાવત્ રાગાદિ દોષો ઉપર પણ લાગુ પડે છે.
એનો અસંતોષ એ પણ ઉપલી ભૂમિકામાં બાધક છે.

## <u>આધ્યાત્મિક દૃષ્ટિ</u>

18/8/1948

સર્વ પરિસ્થિતિઓને અનુકૂળ બની અને સર્વ પુદ્ગલમાં
દિવ્યત્વ ઓળખવું એ આધ્યાત્મિક દૃષ્ટિનું લક્ષણ છે.
બહારની દુનિયામાં તે જ બને છે કે
જે આપણી આંતરિક ભલાઈને માટે જરૂરી છે.
અનુચિત વિચારોને મનમાંથી કાઢવાનો સર્વોત્તમ ઉપાય
તેના પ્રત્યે ઉદાસીન થવું તે છે.

## <u>કર્તા-કર્મ-કરણ</u>

ક્રિયાની સિદ્ધિમાં અત્યંત ઉપકારક વસ્તુ એ <u>કરણ</u> છે.
જેમ સુતાર એ કર્તા અને ઓજાર એ કરણ છે,
તેમ જીવાત્મા એ કર્તા અને ઇંદ્રિયો એ કરણ છે.

સ્થૂલ ક્રિયા જેનાથી થાય તે પાંચ કર્મેન્દ્રિય ઇત્યાદિ છે.
જ્ઞાન ક્રિયા જેનાથી થાય તે પાંચ જ્ઞાનેન્દ્રિય ઇત્યાદિ છે.
બાહ્ય જ્ઞાનેન્દ્રિય શ્રોત્રાદિ તથા આભ્યંતર અંતઃકરણ છે.
અંતઃકરણના ૪ પ્રકાર: મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર.
મન એ સંશય-વિપર્યયનું કરણ, સંકલ્પ-વિકલ્પકારક અને મનન ક્રિયા કરનાર છે. બુદ્ધિ એ નિશ્ચયાત્મક જ્ઞાન-તર્ક-યુક્તિ-વિચાર-નિશ્ચય કરનાર છે. જે વૃત્તિઓ દ્વારા પોતાના અભીષ્ટનું ચિન્તન-સ્મરણ થાય તે ચિત્ત છે. અહંનું અભિમાન જેનાથી અંતઃકરણમાં થાય છે તે અહંકાર છે. આ રીતિએ ચાર પ્રકાર થયા. અંતઃકરણનું કાર્ય હૃદયાકાશમાં થાય છે. તે સૂક્ષ્મ છે.
અંતઃકરણના ત્રણ દોષ છે: મલ-વિક્ષેપ-આવરણ.

ભગવતીજી

સુહજોગં પડુચ્ચ અણારંભી,
અસુહજોગં પડુચ્ચ આયારંભી, પરારંભી, તદુભયારંભી ।
શુભયોગની અપેક્ષાએ અનારંભી,
અશુભયોગની અપેક્ષાએ આત્મારંભી,
પરારંભી, તદુભયારંભી, આત્મપરારંભી શુભદ્રવ્ય
એ શુભભાવનું નિમિત્ત છે, એમ મહર્ષિઓ કહે છે.

વીરનું વાક્ય: શુભયોગમાં રહેલા અનારંભી અને
અશુભયોગમાં રહેલા આરંભી છે.

પાત્રતા

અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હું ય,
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શું ય?

આખા જગતના શિષ્ય થવા રૂપ દૃષ્ટિ જેણે વેદી નથી,
તે સદ્ગુરુ થવાને યોગ્ય નથી. સદ્ગુરુ કહેતા-ફરતા નથી,
છતાં તેઓની સત્પુરુષતા નિર્વિકાર મુખમુદ્રામાં રહેલી છે.

ભર્તૃહરિનો ભાવ : વિશુદ્ધ બુદ્ધિથી વિચારતાં ઘણા ઉર્ધ્વ
રાજ દશા થતાં ક્ષુધા વર્તે છે. આ સંસારને શું કરવો?
અનંતવાર થયેલા માને આજે સ્ત્રી રૂપે ભોગવાય છે.

બીજાના દોષે તને બંધન છે એમ માનીશ નહિ.
તારે દોષે તને બંધન છે એ પહેલી શિક્ષા છે.
તારો દોષ એટલો જ કે અન્યને પોતાનું માનવું
અને પોતે પોતાને ભૂલી જવું.

ફલિતાર્થ

સત્પુરુષાશ્રિત માર્ગનું સેવન કરીશું તો જરૂર સુખી થઈશું.
એક જનમ અલ્પ તે થોડો જ કાળનો,
તેને પ્રારબ્ધાનુસાર ગાળી લેવો, તેમાં દીનતા ઉચિત નથી.

ચિત્તના સંકલ્પ-વિકલ્પથી રહિત થવું,
એ મહાવીરનો માર્ગ છે.

કળિકાળે મનુષ્યને સ્વાર્થપરાયણ અને મલિનમન બનાવ્યા.
જેની નિરૂપાધિતા છે, તેની સહનશીલતા સુખદાયક છે.
તેવા સમયે સ્યાદ્વાદપણું-નિરાગ્રહપણું રાખવું ઉચિત છે.

<u>અંતર્દૃષ્ટિથી જોતાં...</u>

એવો કોઈ કાળ જણાતો નથી કે સાંભરતો નથી કે જે કાળમાં, જે સમયમાં આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય,
સંકલ્પ-વિકલ્પનું રટણ ન કર્યું હોય અને
એ વડે સમાધિને ભૂલ્યો હોય.

નિરંતર એ સ્મરણ મહાવૈરાગ્યને આપે છે.

ગમ વિના આગમ નિરર્થક છે.

સત્સંગ વિના ધ્યાન તરંગરૂપ છે.

સંત વિના અંત પમાતો નથી.

લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી.

લોકત્યાગ વિના વૈરાગ્ય સ્થિર થતો નથી.

દુઃખનું કારણ માત્ર વિષમાત્મા છે. તે જો સમ છે, તો સર્વ સુખ જ છે. દેહધારીને વિટંબણા એ તો એક ધર્મ છે. નિરૂપાધિતા અભાવ સહનશીલતા જ સુખદાયક છે.

## સત્પુરુષ

કોઈ એક સત્પુરુષ શોધો અને તેના ગમે તેવાં વચનમાં
પણ શ્રદ્ધા રાખો. આત્મામાં એકતાન થયા વિના
પરમાર્થના માર્ગની પ્રાપ્તિ બહુ જ અસુલભ છે.

મુમુક્ષુ અલ્પ ભૂલ તારી સ્મૃતિમાંથી જતી નથી,
એ મહાકલ્યાણક છે.

પરહિત એ જ નિજહિત, પરદુઃખ એ પોતાનું જ દુઃખ.
ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે.
સુખ-દુઃખ એ બન્ને મનની કલ્પના છે.
સઘળા સાથે નમ્ર ભાવથી વર્તવું એ જ ખરું ભૂષણ છે.
ક્ષમાભાવ એ અમીરૂપ વસ્તુ છે. પરનિંદા એ સબળ પાપ.
દુર્જનતા કરી ફાવવું એ જ હારવું.

## માનસગ્રન્થિઓ

મનુષ્યનું વ્યક્તિગત અચેતન મન માનસિક ગ્રન્થિઓ તથા
દબાવેલી ઇચ્છાઓનું બનેલું છે. સદા આધ્યાત્મિક ચિંતન
કરવાથી મનુષ્યની જૂની માનસિક ગ્રન્થિઓ છૂટી જાય છે.
ચેતનાનો પ્રકાશ અંતર્મુખ વળવાથી
આંતરિક ગ્રન્થિઓ આપોઆપ નાશ પામે છે.
ચેતનાનો પ્રકાશ વસ્તુનું જ્ઞાન અને પ્રેમ ઉત્પન્ન કરે છે.

## મનુષ્યની યાચનાનો પ્રકાર જ્યારે બદલાય મનમાં અનેક પ્રકારના સંસ્કાર પડે, આત્મપ્રિયતા ઘટે અને બાહ્યપદાર્થો તરફ આકર્ષણ વધતું જાય છે.

એ રીતે યાચનાની પાછળ પાછળ સાંસારિક પદાર્થોની ઇચ્છાઓના રૂપમાં મનની એક અચેતન સૃષ્ટિ તૈયાર થતી જાય છે, જેને શાસ્ત્રો 'કર્મશરીર' કહે છે. અચેતન મનની એ ગ્રન્થિઓના કારણે મનુષ્ય સ્વાત્મને ભૂલીને અનેક પ્રકારના ક્લેશનો અનુભવ કરે છે. યાચના અંતર્મુખી બને છે, ત્યારે સૌથી અધિક પ્રિય વસ્તુ પોતાનો આત્મા જ બની જાય છે. સંસારી વસ્તુઓમાં મન ફસાતું નથી. સ્વભાવથી જ મન આત્મા તરફ વળે છે. જૂની ગ્રન્થિઓ નાશ પામે છે, નવી બનતી નથી. જીવન બને છે પ્રકાશમય. વિચાર આત્મનિયંત્રણમાં રહે છે. મનમાં કોઈ પ્રકારની આત્મગ્લાનિની ભાવના આવતી નથી. હંમેશા સ્વસ્થ ચિત્ત રહે છે. એ જાતની સ્વસ્થતા મેળવવા માટે માણસે જ્યારે અવસર મળે, ત્યારે મનને આધ્યાત્મિક ચિન્તનમાં લગાડવું જોઈએ અને તેને પોતાની એક રોજિંદી જિંદગીનો નિત્યક્રમ - ટેવ બનાવી દેવી જોઈએ. બહિર્મુખી યાચનાવાળાનું સ્વાત્મ અંધકારમાં રહી જાય છે.

પોતાનું જ્ઞાન કે પોતાના તરફ પ્રેમ જાગતો નથી.
એને એકલો રાખવામાં આવે તો વિકલ બની જાય છે
અગર આત્મહત્યા કરવાની ઇચ્છા કરે છે.
વિચારો એના નિયંત્રણમાં ન રહે. જીવન ભારરૂપ લાગે છે,
જીવનથી નિરાશ થઈ જાય છે,
તેથી પોતાની ચેતનાના પ્રકાશને સંતાપથી બચાવવો જોઈએ.

<u>બૌદ્ધ મતે ૪ આર્ય સત્યો</u>

જેનું સમ્યગ્‌જ્ઞાન થવાથી આર્યત્વ પ્રાપ્ત થાય
અથવા આર્ય તથાગત દ્વારા જેનો આવિષ્કાર થયો હોય,
તે સત્યને 'આર્યસત્ય' કહે છે. તે ચાર છે:
દુઃખ - સમુદય - નિરોધ - માર્ગ.
(૧) જન્મ, જરા, વ્યાધિ, મૃત્યુ, અનિષ્ટ સંયોગ,
ઇષ્ટનો વિયોગ, ઇચ્છિતની અપ્રાપ્તિ, શરીર, મન,
ઉપાદાન, સ્કંધ સર્વ દુઃખમય છે.
૫ સ્કંધ: રૂપ (form), શરીર, બહિર્જ્ઞાન, ૪ મહાભૂત
(પૃથ્વી, અપ્, તેજ વાયુ) અને તેની સમષ્ટિ.
સંજ્ઞા - perception, વિજ્ઞાન - consciousness
સંસ્કાર - impression, વેદના - sensation.
આ સ્કંધોને 'નામ' પણ કહે છે.
નામ એટલે અંતર્જ્ઞાન, મન.

નરકમાં દારુણ યંત્રણાઓ છે. તિર્યંચમાં પરસ્પર વિરોધ, એક બીજા સાથેનું ભક્ષણ છે. પ્રેતલોકે ક્ષુધા - તૃષાજનિત ક્લેશ છે. મનુષ્યલોકમાં જરા - વ્યાધિ - મૃત્યુની ભીતિ છે. સ્વર્ગલોકમાં પુણ્યક્ષયથી પતન થાય છે.

આમ સમસ્ત સંસાર દુઃખાંધકારથી વ્યાપ્ત છે.

(૨) દુઃખને સમ્યગ્ રીતિએ જાણી તે જ દુઃખના કારણોનું અન્વેષણ કરે. તૃષ્ણા જ એ દુઃખનું સત્ય કારણ છે. કામ તૃષ્ણા: રૂપ - રસ - ગન્ધ - શબ્દ - સ્પર્શના ઉપભોગને માટે ચિત્તમાં સતત અપેક્ષા, ઇચ્છા કે આકાંક્ષા હોવી તે. ભવ તૃષ્ણા: રૂપ - રસાદિ ભોગાર્થે જીવિત રહેવાની ઇચ્છા તથા સ્વર્ગાદિ લોકમાં પુનર્જન્મ લેવાની વાસના તે. વિભવ તૃષ્ણા: પરલોક - પુનર્જન્મમાં વિશ્વાસહીન ચિત્તની કામ તૃષ્ણાને શાસ્ત્રોમાં વિભવ તૃષ્ણા કહેવામાં આવી છે.

કરોળિયો જેમ પોતાની જાળમાં પોતે જ બંધાય છે તેમ જીવ વાસનાની જાળમાં સદાને માટે જકડાયેલો રહે છે. પંચઇંદ્રિય - પંચવિષયરૂપી ૧૦ પ્રકારની જાળની શ્રૃંખલામાં બંધાયેલો જીવ દીર્ઘકાળ સુધી પુનઃ પુનઃ દુઃખ ભોગવે છે.

લોહ, કાષ્ઠ કે તૃણજન્ય બંધન કરતાં પણ તૃષ્ણાનું બંધન દૃઢ છે.

ગૃહિ, કુટુંબ, પુત્ર, પત્ની આદિને સારવાન પદાર્થ સમજી, એના પ્રત્યે જીવની જે આસક્તિ તે જ જીવનું બંધન છે.

આમ બીજું આર્યસત્ય સમુદય સમજવું.

(3) તૃષ્ણાથી શક્તિ અને લક્ષ ઉપજે છે, પણ તૃષ્ણાના નિરોધથી દુ:ખનો નિરોધ થઈ શકે છે. જો તૃષ્ણાથી મુક્ત થવા તેને શક્તિ અને લક્ષ પણ નથી. દુ:ખ ગમે તેવું ગંભીર કે વ્યાપક હોય તો પણ તેનો નિરોધ આત્યન્તિક વિનાશ સંભવિત છે. તૃષ્ણા જ દુ:ખનું મૂળ છે, તેથી તૃષ્ણાના નિરોધથી દુ:ખનો નિરોધ થઈ શકે છે.

એ ત્રીજું 'નિરોધ' નામનું આર્ય સત્ય છે.

(૪) વિષય-વાસનાને મૂળથી નષ્ટ કર્યા વિના દુ:ખનાશ થાય નહિ. તૃષ્ણાનો સંપૂર્ણ ત્યાગ, વિસર્જન, વૈરાગ્ય, મુક્ત થવા જોઈએ. એનું બીજું નામ 'અનાસક્તિ' છે.

દુ:ખનિરોધના નિર્દિષ્ટ સાધન પદ્ધતિ ૮ પ્રકારની છે:

(1) Right view = સમ્યગ્ દૃષ્ટિ
(2) Right aspiration = સમ્યગ્ સંકલ્પ
(3) Right speech = સમ્યગ્ વાક્
(4) Right conduct = સમ્યગ્ કર્મ
(5) Right livelihood = સમ્યગ્ આજીવિકા

(6) Right effort = સમ્યગ્ વ્યાયામ
(7) Right recollection = સમ્યગ્ સ્મૃતિ
(8) Right concentration = સમ્યગ્ સમાધિ

લક્ષ્ય નિર્વાણ અથવા તૃષ્ણા નાશ છે. તેના સાધન રૂપ આઠ પ્રકારનો માર્ગ છે. એ જ ધર્મનું વ્યાવહારિક અને સાત્ત્વિક સ્વરૂપ છે. નિર્વાણનું બીજું નામ 'વિશુદ્ધિ' છે.

આળસુ અને ઉદ્યમહીન પુરુષ
એ સાધનામાર્ગમાં સફળ થઈ શકતો નથી.

એકત્વ

'તત્ર કો મોહ: ક: શોક એકત્વમનુપશ્યત: ।'
તેને મોહ શો? તેને શોક શો?
કે જે સર્વત્ર એકત્વ (પરમાત્મસ્વરૂપ)ને જ જુએ છે.

આ જીવ ભવ્ય છે કે અભવ્ય?
આ જીવ મિથ્યાદૃષ્ટિ છે કે સમ્યગ્દૃષ્ટિ?
આ જીવ સુલભબોધિ છે કે દુર્લભબોધિ?
આ જીવ અલ્પ સંસારી છે કે દીર્ઘ સંસારી?
ગ્રંથકારના ગમે તેટલા પ્રકાર કહેલા,
પણ તેમાં કોઈ પ્રકાર અભવ્યતા રૂપ નહિ જ હોય.

## અભિમાન

'देहाभिमाने गलिते विज्ञाते परमात्मनि ।
यत्र यत्र मनो याति तत्र तत्र समाधयः ॥'

### અર્થ

હું કર્તા, હું મનુષ્ય, હું સુખી, હું દુઃખી
આદિ પ્રકારનું દેહાભિમાન જેનું ગળી ગયું છે અને
સર્વોત્તમ પદરૂપ પરમાત્માને જેણે જાણ્યો છે,
તેનું મન જ્યાં જ્યાં જાય, ત્યાં ત્યાં તેને સમાધિ જ છે.

આ કલિકાળને 'કલિકાળ' કહ્યો છે, તેનો હેતુ એમને
સત્સંગ અને સત્ શાસ્ત્રનો યોગ થવો આ કાળમાં દુર્લભ
છે, તેટલા જ માટે આ કાળને એવું ઉપનામ આપ્યું છે.

## સમતા

કડવાઈ અને સરવાઈ, શાતા અને અશાતા એ ભગવદ્
ભક્તને સરખાં જ છે. વળી કડવાઈ અને અશાતા તો વિશેષ
અનુકૂળ છે કે જ્યાં માયાનો પ્રતિબંધ નથી.

'દેહ વિષે કડવાઈ હોવી ઘટિત નથી' એમ ઉગતું હોય
તો તેનું કારણ એ જ છે કે રાખની એમ કરે છે કે તમે
તવ શરીર પ્રત્યે પણ નિઃસ્નેહ રહો અને તેના પ્રત્યે
સમભાવ થઈ પ્રતિબંધરહિત થાઓ. 'તે તમારું છે' એમ

ન માનો. 'પ્રારબ્ધયોગને લીધે એમ બનાય છે, તે ટાળવા આ કઠણાઈ આવેલી છે' એમ સમજો. જે જે પદાર્થ અનંતકાળે ગ્રહાયેલ આગ્રહનો પોતાપણાનો અને અસત્સંગનો નાશ થાય તે તે પાટે વૃત્તિ લાવવા એ જ ચિન્તન રાખવાથી અને પરભવનો દૃઢ વિશ્વાસ રાખવાથી કેટલેક અંશે જય પમાશે.

પૂર્ણ વીતરાગની ચરણરજ નિરંતર મસ્તકે રહો.

## પરિશિષ્ટ

તેને જો શાંતચિત્તથી વેદવામાં આવે છે, તો દીર્ઘકાળે થઈ શકવા યોગ્ય એવું કલ્યાણ બહુ અલ્પકાળમાં સાધ્ય થાય. હરિ ઇચ્છા સુખદાયક માનીએ છીએ એટલે જે ઉપાધિ જોગ વર્તે છે, તેને પણ સમાધિ જોગ માનીએ છીએ. ચિત્તની સ્થિરતા માટે પ્રવીણ સાગર, વિચાર સાગર, પ્રબોધ શતક પુસ્તકોના વિચારથી ઘણા કામના છે.

## સદ્વચનો

મુમુક્ષુના નેત્રો મહાત્માને ઓળખી લે છે.

'કળિયુગ છે માટે ક્ષણવાર પણ વસ્તુવિચાર વિના ન રહેવું' એમ મહાત્માઓની શિક્ષા છે.

જીવ સ્વભાવે દોષિત છે, ત્યાં પછી તેના દોષ ભણી જોવું એ અનુકંપાનો ત્યાગ કરવા જેવું થાય છે.

મોટા પુરુષો તેમ આચરવા ઇચ્છતા નથી.

સ્વભાવે કે સ્વસમજણની ભૂલે દીક્ષિત જીવ અસત્સંગ
અને અલ્પસમજબુદ્ધિ ભૂલ ભરેલે રસ્તે ન દોરાય
એમ જણાવ્યું મહાપુરુષે છે.

નહિ દે તું ઉપદેશકું, પ્રથમ લેહિ ઉપદેશ.

o તૃષાતુરને પાવાની મહેનત કરવી.
અતૃષાતુરને તૃષાતુર થવાની જિજ્ઞાસા પેદા કરવી.
જેને તે પેદા ન થાય તેવું હોય, તેને માટે ઉદાસીન રહેવું.

## સર્વ સંગ પરિત્યાગ

'સર્વસંગ' શબ્દનો લક્ષ્યાર્થ એ છે કે
અખંડપણે આત્મધ્યાન કે બોધ મુખ્યપણે ન રહેવા દે
એવો સંગ - તેનો પરિત્યાગ કરી
અપ્રતિબદ્ધપણે વિચરવું જ્ઞાનીને યોગ્ય છે.

## સત્ક્રિયા

બાહ્યક્રિયાના લક્ષને અભાવ કરીને
જેઓ વ્યવહાર ક્રિયાનો નિષેધ કરે છે,
તેઓ મુખમાં કોળિયો નાંખવા સિવાય તૃપ્તિને ઇચ્છે છે.
તે ઇચ્છુકે જ્ઞાનાદિ અને ક્ષમાદિ ગુણવંત પુરુષોનું બહુમાન,
અધિક ગુણીનો આદર, પાપ જુગુપ્સા, દોષોનો પશ્ચાત્તાપ,
અરિહંતની ભક્તિ વગેરે સત્ક્રિયા કરવા યોગ્ય છે.

ગુરુ બહુમાનથી શ્રેણિક તથા કૃષ્ણ પરમાનંદ પામ્યા.
પાપ પશ્ચાત્તાપથી સતી મૃગાવતી પરમાનંદ પામ્યા.
દોષ આલોચનાથી અતિમુક્તક પરમાનંદ પામ્યા.
ગચ્છ ભક્તિથી ચંદ્રરુદ્રાચાર્ય શિષ્ય પરમાનંદ પામ્યા.

## જિનાગમ

તે ઉપશમ સ્વરૂપ છે. ઉપશમ સ્વરૂપ એવા પુરુષોએ ઉપશમને અર્થે પ્રરૂપ્યા છે, તે ઉપશમ આત્માર્થે છે.
તે અન્ય કોઈ પ્રયોજન અર્થે નહિ.
એ અર્થે જો એનું આરાધન ન થયું તો
તેનું શ્રવણ-વાંચન નિષ્ફળરૂપ છે એમ નિઃસંદેહ જાણવું.
સત્સંગ જેવું કલ્યાણનું કોઈ બળવાન કારણ નથી.
તેમાં નિરંતર નિવાસ ઈચ્છવો અને અસત્સંગનું
વિપરિણામ ક્ષણે ક્ષણે ચિંતવવું એ શ્રેયરૂપ છે.

## દુઃખની નિવૃત્તિ

સર્વ જીવ જેને ઈચ્છે છે તે દુઃખ નિવૃત્તિ. દુઃખ જેનાથી જન્મ પામે છે એવા રાગ-દ્વેષ, અજ્ઞાનાદિ દોષની નિવૃત્તિ થયા વિના તે સંભવતી નથી. તે રાગાદિની નિવૃત્તિ એક આત્મજ્ઞાન સિવાય બીજા કોઈ પ્રકારે ભૂતકાળમાં થઈ નથી, વર્તમાન કાળમાં થતી નથી, ભવિષ્ય કાળમાં થઈ શકે તેમ નથી, એમ સર્વ જ્ઞાની પુરુષોને સદાય ભાસ્યું છે.

માટે તે આત્મજ્ઞાન જીવને માટે પ્રધાનપણા રૂપે છે. તેનો સર્વશ્રેષ્ઠ ઉપાય સદ્ગુરુના વચનના શ્રવણનું કે સત્શાસ્ત્રનું વિચારવું એ છે. જે કોઈ જીવ દુઃખની નિવૃત્તિ-દુઃખથી સર્વથા મુક્તપણું ઇચ્છતો હોય, તેને એ જ એક માર્ગ આરાધ્યા સિવાય બીજો કોઈ ઉપાય નથી. માટે જીવે સર્વ પ્રકારનાં મતમતાંતરનો, કુળધર્મનો, લોકસંજ્ઞારૂપ અને ઓઘસંજ્ઞારૂપ ધર્મનો ઉદાસ ભાવ તજી એક માત્ર આત્મવિચારના કર્તવ્યરૂપ ધર્મ ભજવો સર્વથા યોગ્ય છે.

## મોટો ભ્રમ

મોટાં આશ્ચર્યને પમાડનારાં એવાં જળ, વાયુ, ચંદ્ર, સૂર્ય, અગ્નિ આદિ પદાર્થોના જે ગુણો સામાન્ય પ્રકારે પણ બીજ જીવોની દૃષ્ટિમાં આવતા નથી અને પોતાનું જે નાનું ઘર અથવા જે કાંઈ ચાલે તેને વિષે કોઈ જાતનું જાણે આશ્ચર્યકારક સ્વરૂપ દેખી અહંત્વ વર્તે છે, એ જોઈ એમ થાય છે કે લોકોને આદિકાળનો દૃષ્ટિભ્રમ મટ્યો નથી. વહેલો મટે એવા ઉપાયને વિષે જીવનું અલ્પ પણ જ્ઞાન પ્રવર્તતું નથી અને તેની ઓળખાણ થયે પણ સ્વેચ્છાએ વર્તવાની જે બુદ્ધિ તેને વારંવાર ઉદય પામે છે, એવા ઘણા જીવોની સ્થિતિ જોઈ તે આ લોકમાં જાણે અનંતકાળ સુધી રહેવાનો હોય એમ ભાસે છે.

સૂત્ર શિરોમણિ (રાગ: દુર્ગા) ૨૦૧૨, ભાદરવા સુદ-૧૧

નવકાર ગણજો નવકાર સુણજો,
પ્રાત ઉઠી સહુ નવકાર ગણજો,
ત્રિકરણ યોગે ભાવથી ગણજો,
અંત્ય ગણી શાશ્વત સુખ વરજો ...(૧)

જગ જયવંતો મહિમા ભારી,
સૂત્ર શિરોમણિ ગણજો ધારી,
પંચ પરમેષ્ઠિ જગ ઉપકારી,
ભાવથી નમતા દિયે શિવનારી ...(૨)

નમઓ અરિહંતાણં પદ ગણતા,
સિદ્ધ થયા આરાધી અનંતા,
આયરિય ઉવજ્ઝાય મહંતા,
નમો નમઓ સાહુ ગુણવંતા ...(૩)

પંચ પરમેષ્ઠિ વંદન કરતા,
પાપ કર્મ અરિ ભાગે નડતા,
તારક મંગળ સાચે વરતા,
ધ્યાનથી ગણતા ભવજલ તરતા ...(૪)

મંત્ર પ્રભાવથી જય જયકારી, અહર્નીશ ગણજો નર ને નારી,
૬૮ અક્ષર હૃદયે ધારી, ભાવિત કરે ભવપાર ઉતારી ...(૫)

## અજબ ગતિ ચિદાનંદ ઘન કી

ભવ જંજાલ શક્તિ સું ટોપે, ઉલટપુલટ જિન કી ...(૧)
ભેદી પરિણતિ સમકિત પાકે, કર્મ વજ્ર ઘન કી,
એસી સબલ કઠિનતા દીસે, કોમલતા મન કી ...(૨)
ભારી ભ્રમિ ભયંકર ચૂરી, મોહરાય રન કી,
સહજ અખંડ ચંડતા જાકી, ક્ષમા વિમલ ગુન કી ...(૩)
પાપવેલી સબ ભાગ દહન સેં, જાલી ભવવન કી,
શીતલતા પ્રગટી ઘટ અંતર, ઉત્તમ લક્ષન કી ...(૪)
ઠકુરાઈ ભાજન તેં અધિકી, ચરન કરન ધન કી,
ઋદ્ધિ વૃદ્ધિ પ્રગટે નિજ નામે, ખ્યાતિ અકિંચન કી ...(૫)
અનુભવ બિનુ ગતિ કોઉ ન જાને, અલખ નિરંજન કી,
જસ ગુન ગાવત પ્રીતિ નિવાહી, ઉનકે સુમરન કી ...(૬)

## તુલસી કે દોહે

જબ જબ કે આશરે, જબ કરત હૈ રાજ;
તુલસી રઘુવર આશરે, કહું બિગાડેગો કાજ ...(૧)
સંત સમાગમ હરિકથા, તુલસી દુર્લભ દોય;
દારા સુત અરુ લક્ષ્મી તો, પાપી કે ભી હોય ...(૨)
તન સુકાય પિંજર કરૈ, ધરૈ રૈન દિન ધ્યાન;
તુલસી મિટૈ ન વાસના, બિના વિચારે જ્ઞાન ...(૩)

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૯)**
પદો મંત્ર વડે આરંભેલા છે, મંત્રો વર્ણસ્વરૂપ છે તથા વર્ણો પોતાનામાં જ વિલીન થાય છે. આ પ્રમાણે પદો સ્થૂલ છે, મંત્રો સૂક્ષ્મ છે અને વર્ણો લયસ્વરૂપ છે.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૧૦)**
(હે) મારા ભકત! તું મારામાં તન્મય થા, મારી ભક્તિ કર, મને નમસ્કાર કર. આ પ્રમાણે તુજ આત્માને જોડીને મારામાં વિલીન કરવાથી મને જ પ્રાપ્ત કરીશ.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૧૨)**
સ્પિંદનરહિત, એકાગ્રપણે વિચારોનો રોધ તે 'ધ્યાન' છે, કારણકે શ્રુતજ્ઞાનના આધારે યોગીઓ મન વડે ધ્યાન કરે છે.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૨૦)**
આ આત્મા સત્ય, તપ, સમ્યગ્ જ્ઞાન ને બ્રહ્મચર્ય વડે શરીરમાં ઉજ્જવલ પ્રકાશમય પ્રાપ્ત થાય. જેના દોષો નાશ પામ્યા છે, એવા યોગીઓ જેને (આત્માને) જૂએ છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૨૩)**
સર્વ જીવોનો મિત્ર બનેલો આત્મા મને જાણીને શાંતિ પામે છે.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૪૩)**
આત્મા બંધાતો નથી કે મુકત થતો નથી, કયાંય જતો પણ નથી પણ... (વિવિધ આશ્રયવાળી પ્રકૃતિ જ) જાય છે, બંધાય છે.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૪૪)**
રાગાદિ કલેશથી વાસિત એવુ ચિત્ત જ ખરેખર સંસાર છે. રાગાદિ કલેશથી રહિત તે જ ચિત્તને 'ભવાન્ત' એમ કહેવાય છે.

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૧૧૧)**
યોગનાં પ્રથમ દ્વાર તરીકે હંમેશા વચનનો નિરોધ, અપરિગ્રહ, આશાનો અભાવ, ઈચ્છાનો અભાવ તથા સુંદર એવી શીતલતા છે.

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૧૧૪)**
માન-અપમાને ખુશી-રોષ ન પામે, ભીષ્મપિતામહ સમ અક્ષોભ્ય છે, તે પંડિત છે.

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૧૨૭)**
કેવલજ્ઞાન અને કેવલદર્શનમય, કેવલ સુખસ્વભાવવાળા અને જેઓ વડે ભાવો પ્રકાશિત કરાયા છે એવા જિનવરોને હું ભક્તિ વડે વંદન કરૂં છું. - અરિહંત સ્તુતિ

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૧૨૭)**
જેઓ ધ્યાનરૂપી અગ્નિ દ્વારા કર્મના કલંકોને બાળીને નિત્ય-નિરંજન-જ્ઞાનમય થયા છે, તે પરમાત્માને નમસ્કાર કરીને - સિદ્ધ સ્તુતિ

**પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૨૭)**
જે મુનિઓ પરમ સમાધિને ધારણ કરીને પરમાત્માને જુએ છે, પરમાનંદના કારણ વડે ત્રણે આચાર્ય-ઉપાધ્યાય-સાધુને પણ નમસ્કાર કરીને
- આચાર્ય-ઉપાધ્યાય-સાધુ સ્તુતિ

**પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૨૮)**
પાંચ અસ્તિકાય, છ દ્રવ્ય, સાત તત્ત્વ, નવ પદાર્થોમાં શુદ્ધ જીવાસ્તિકાય-જીવતત્ત્વ-જીવપદાર્થ નામનો પોતાનો શુદ્ધાત્મભાવ છે, તે ઉપાદેય છે. તેથી બીજું છે તે હેય કે ત્યજવાલાયક છે. શુદ્ધાત્મસ્વભાવ સ્વરૂપ, સમ્યગ્શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ અભેદ રત્નત્રયી નિશ્ચય મોક્ષમાર્ગને જે કહે છે, તે ઉપાધ્યાય ભગવંતો હોય છે. તેઓને હું વંદન કરૂં છું.

**પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૨૮)**
શુદ્ધ-બુદ્ધરૂપ એક સ્વભાવવાળા, શુદ્ધાત્મતત્ત્વી, સમ્યગ્ શ્રદ્ધાવાન, જ્ઞાનાચરણી ને તપના આચરણરૂપ અભેદ ૪ પ્રકારે નિશ્ચય આરાધનાવાળા, વિરાગી, નિર્વિકલ્પ સમાધિને જે સાધે છે, તે સાધુઓને હું વંદન કરૂં છું. અહીંઆ જ તેઓ આચરે છે, કહે છે, વીતરાગી નિર્વિકલ્પ સમાધિને સાધે છે, તે જ ઉપાદેયભૂત(સ્વીકારવાલાયક) સ્વશુદ્ધ આત્મતત્ત્વના સાધક હોવાથી ઉપાદેય જાણવા. આમ ભાવાર્થ છે.

### પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૧૨૯)

હાવ = મુખનો વિકાર હોય છે. ભાવ = મનથી થયેલું હોય તે. વિલાસ = નેત્રથી થયેલું. વિભ્રમ = બંને ભંવાના છેડાથી થયેલ જાણવું.

### પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૨૯)

પોતાના શુદ્ધઆત્મભાવથી થયેલ વીતરાગ, સહજાનંદના રૂપવાળું, સુખરસાસ્વાદની રૂચિ સ્વરૂપ 'સમ્યગ્દર્શન' છે. શુદ્ધ આત્મામાં જ વીતરાગ સહજઆનંદ સ્વરૂપ એક પોતાના સંવેદનના બોધવાળું 'સમ્યગ્ જ્ઞાન' છે. વીતરાગ સહજાનંદસ્વરૂપ એક પરમ સમરસભાવ વડે તે સ્વરૂપમાં જ સ્થિરપણું તે 'સમ્યગ્ ચારિત્ર' છે.

### પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૪૩)

મનોહર વસ્તુ કે સ્ત્રીઓને વિષે વીતમોહ એવો તું સંયમના સાધનોમાં ફોગટ શા માટે મોહ પામે છે? બુદ્ધિશાળી એવો મનુષ્ય શું રોગના ભયથી ભોજનને છોડીને ઔષધ પીને જરાપણ અજીર્ણને પામે છે? બધા જીવો પરબ્રહ્મ સ્વરૂપી છે.

### પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૧૪૪)

સંસારમાં પડતા પ્રાણીને ઉદ્ધરીને નરેન્દ્ર, નાગેન્દ્ર, દેવેન્દ્રને વંદ્ય એવા મોક્ષપદમાં ધારણ કરે છે, તેને 'ધર્મ' કહેવાય છે. આમ ધર્મ શબ્દથી અહીં નિશ્ચયથી જીવનો શુદ્ધ પરિણામ જ ગ્રહણ કરવા લાયક છે. તે ધર્મમાં સર્વજ્ઞ ભગવંતોએ કહેલા નયોના વિભાગ દ્વારા બધા જ ધર્મો અંતર્ગત થયેલા મેળવાય છે.

### પરિશિષ્ટ - ૧૯ (પૃષ્ઠ ૧૫૮)

(૧) સત્ (૨) સંખ્યા (૩) ક્ષેત્ર (૪) સ્પર્શના (૫) કાલ (૬) અંતર (૭) ભાવ (૮) અલ્પબહુત્વ - આ આઠ દ્વાર દ્વારા સમ્યગ્દર્શનની વિચારણા કરાય છે.

### પરિશિષ્ટ - ૨૦ (પૃષ્ઠ ૧૫૯)

રાગાદિ અભાવ એ નિશ્ચયનયથી અહિંસારૂપ નિશ્ચય શુદ્ધચૈતન્યપ્રાણની રક્ષાનું કારણ છે. રાગાદિની ઉત્પત્તિ નિશ્ચય હિંસા છે, તે નિશ્ચય શુદ્ધપ્રાણની હિંસાનું કારણ છે.

**પરિશિષ્ટ - ૨૧ (પૃષ્ઠ ૧૬૦)**
વધ થાય કે ન થાય, કષાયવાળો આત્મા પહેલા પોતે પોતાના આત્માને, પછી બીજા પ્રાણીને હણે છે.

**પરિશિષ્ટ - ૨૨ (પૃષ્ઠ ૧૬૦)**
સંસારને તરવાના ઉપાયભૂત, પોતાના શુદ્ધાત્મતત્ત્વની ભાવનારૂપ નિશ્ચય તીર્થ છે. તે સ્વરૂપમાં રક્ત એવા શ્રેષ્ઠ તપોધન સાધુ ભગવંતના આવાસભૂત થયેલા તીર્થસમૂહને પણ 'તીર્થ' કહેવાય છે.

**પરિશિષ્ટ - ૨૩ (પૃષ્ઠ ૧૬૨)**
આનંદ એ બ્રહ્મરૂપ છે, પોતાના શરીરમાં રહેલો છે. જેમ જાતિઅંધ જીવો સૂર્યને જોઈ શકતા નથી, તેમ ધ્યાનહીન જીવો આનંદને જોઈ શકતા નથી.

**પરિશિષ્ટ - ૨૪ (પૃષ્ઠ ૧૯૪)**
જેનો આરંભ અને અંત નથી, તેનું અસ્તિત્વ કે વર્તમાન પણ નથી - એ વચનથી.

**પરિશિષ્ટ - ૨૫ (પૃષ્ઠ ૧૯૫)**
"આત્મા વિગેરેની પોતાનામાં રહેલી અનંત કાર્ય કરવાની શક્તિને 'ભવ્યતા' કહેવાય છે. તે-તે સહકારી કારણ મળવા દ્વારા તે-તે કાર્ય થવાની શક્તિને 'તથાભવ્યતા' કહેવાય છે. આમ કહેવાથી તથાભવ્યતામાં અતિવ્યાપ્તિનો પ્રસંગ નહીં આવે." આમ હરિભદ્રાચાર્ય કહે છે.

**પરિશિષ્ટ - ૨૬ (પૃષ્ઠ ૧૯૫)**
એકબીજામાં પ્રવેશ કરતાં, એકબીજાને સ્થાન (અવકાશ) આપતા, ભેગા થવા છતાં પણ હમેંશા પોતપોતાના સ્વભાવને છોડતા નથી.



ઉપર દર્શાવેલ ૫ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૪૭ - ૧૯૭૨ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.




www.fiestadesigns.in